૯મો આંતરરાષ્ટ્રીય યોગ દિવસ વિશેષ | વાંચો પેજ: 7-15

વર્ષ : 3 અંક : 24

16-30 જૂન, 2023 (નિઃશુલ્ક)

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## નવું ભારત નવી સંસદ

### જન-ગણ-મનનું પ્રતીક

**પ્રફુલ્લિત ભારત, પ્રેરિત ભારત, ગર્વિત ભારત... ભારતીયતાની ભાવનાથી સ્વતંત્ર ભારતમાં બનેલા અમૃતકાળના નવનિર્મિત સંસદ ભવનમાં પ્રવેશ**



# "ભારતની તાકાત તેની વિવિધતામાં રહેલી છે"

'મન કી બાત' કાર્યક્રમે સૌને એકજૂથ કરવાનું કામ કર્યું છે. લોકોએ 'મન કી બાત' કાર્યક્રમ માટે જે આત્મિયતા અને સ્નેહ દર્શાવ્યો છે તે અભૂતપૂર્વ અને હૃદયસ્પર્શી છે. મન કી બાત કાર્યક્રમના 100મા એપિસોડના પ્રસારણ સમયે એક રીતે આખો દેશ જાણે એક તાતણે બાંધી દેવામાં આવ્યો હોય તેવું લાગતું હતું. વિશ્વના અલગ અલગ દેશોમાં, જુદા જુદા ટાઈમ ઝોનમાં, પ્રચંડ સંખ્યામાં લોકોએ 100મો એપિસોડ સાંભળવા માટે સમય કાઢ્યો હતો. 'મન કી બાત'માં માત્ર દેશ અને દેશવાસીઓની સિદ્ધિઓ વિશે જ ચર્ચા કરવામાં આવે છે. જનભાગીદારી આ કાર્યક્રમની સૌથી મોટી તાકાત છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માસિક રેડિયો કાર્યક્રમ મન કી બાતના 101મા એપિસોડના મુખ્ય અંશો અહીં રજૂ કરી રહ્યાં છીએ...

- **'યુવા સંગમ'ની પહેલ:** ભારતની તાકાત તેની વિવિધતામાં રહેલી છે. આ વાતને ધ્યાનમાં રાખીને, શિક્ષણ મંત્રાલયે 'યુવા સંગમ' નામની એક ઉત્તમ પહેલનો પ્રારંભ કર્યો છે. આ પહેલનો ઉદ્દેશ પીપલ-ટુ-પીપલ (લોકો-થી-લોકો)ના જોડાણને વધારવાનો તેમજ દેશના યુવાનોને એકબીજા સાથે હળી-મળી જવાનો અવસર આપવાનો છે.
- **બીજા ગામો અને શહેરોની મુલાકાત:** 'યુવા સંગમ' પહેલમાં યુવાનો અન્ય રાજ્યોના શહેરો અને ગામડાઓની મુલાકાત લેવા માટે જાય છે, તેમને જુદા જુદા પ્રકારના લોકોને મળવાની તક મળે છે. યુવા સંગમના પ્રથમ રાઉન્ડમાં 1200 યુવાનો દેશના 22 રાજ્યોની મુલાકાત લઈ ચુક્યા છે.
- **માહિતીનું એકત્રીકરણ કરવામાં આવ્યું:** પ્રથમ વખત દેશના તમામ સંગ્રહાલયો વિશે જરૂરી માહિતી એકઠી કરવામાં આવી છે. આ માહિતીમાં, જે-તે સંગ્રહાલય કઈ થીમ પર આધારિત છે, ત્યાં કેવા પ્રકારની વસ્તુઓ રાખવામાં આવી છે, સંપર્ક માટેની વિગતો શું છે - આ બધું જ ઓનલાઈન ડિરેક્ટરીમાં સમાવી દીધું છે. જ્યારે પણ તમને તક મળે, ત્યારે દેશના સંગ્રહાલયની મુલાકાત અચુક લો. #MuseumMemories હૅશટૅગ સાથે સાથે આકર્ષક તસવીરો શેર કરો.
- **અમૃત સરોવર:** જળ વિના જીવન પર હંમેશા સંકટ આવે છે, વ્યક્તિ અને દેશનો વિકાસ પણ થંભી જાય છે. ભવિષ્યના આ પડકારને ધ્યાનમાં રાખીને દેશના દરેક જિલ્લામાં 75 અમૃત સરોવરોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં 50 હજારથી વધુ અમૃત સરોવરોનું નિર્માણ થઈ ચુક્યું છે. જળ સંરક્ષણની દિશામાં આ એક મોટું પગલું લેવામાં આવ્યું છે.
- **જળ સંરક્ષણ માટે અભિયાન:** અનેક ઘણા યુવાનો આવિષ્કાર અને ટેક્નોલોજી દ્વારા કામ કરી રહ્યા છે, તો એવા પણ ઘણા યુવાનો છે જેઓ સમાજને જાગૃત કરવાના મિશનમાં જોડાયેલા છે, જેમ કે છત્તીસગઢના બાલોદ જિલ્લાના યુવાનો પણ આવું જ કંઈક કરી રહ્યા છે. અહીંના યુવાનોએ પાણી બચાવવાનું અભિયાન શરૂ કર્યું છે. તેઓ ઘરે-ઘરે જઈને લોકોને જળ સંરક્ષણ કરવા અંગે જાગૃત કરે છે.
- **કબીરે દરેક કુપ્રથાનો વિરોધ કર્યો:** સંત કબીરદાસે આપણને જે માર્ગ ચિંધ્યો છે, તે આજના સમયમાં પણ એટલો જ પ્રાસંગિક છે. સંત કબીરે સમાજમાં ભાગલા પાડતી દરેક કુપ્રથાનો વિરોધ કર્યો હતો અને સમાજને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો હતો. આજે જ્યારે દેશ વિકસિત રાષ્ટ્ર બનવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે ત્યારે આપણે સંત કબીર પાસેથી પ્રેરણા લઈને સમાજને સશક્ત બનાવવાના પ્રયાસો હજી વધારવા જોઈએ.
- **આંતરરાષ્ટ્રીય યોગ દિવસ:** 21 જૂનના રોજ આપણે 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી પણ કરીશું. તે માટે પણ દેશ-વિદેશમાં તૈયારીઓ ચાલી રહી છે. તમે આ તૈયારીઓ વિશે પણ તમારી 'મન કી બાત' મને લખીને મોકલતા રહો. જો તમને અન્ય કોઈ વિષય પર વધુ માહિતી મળે, તો પણ મને જરૂર જણાવો.

*સંપૂર્ણ 'મન કી બાત' સાંભળવા માટે QR કોડ સ્કૅન કરો*

न्यू ईन्डिया
# સમાચાર
વર્ષ 3, અંકઃ 24 | 16-30 જૂન, 2023

**મુખ્ય સંપાદક**
**રાજેશ મલ્હોત્રા**
મુખ્ય મહાનિદેશક, પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષ કુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**પવન કુમાર**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમિત કુમાર (અંગ્રેજી)**
**જય પ્રકાશ ગુપ્તા (અંગ્રેજી)**
**નદીમ અહેમદ (ઉર્દૂ)**
**પૉલમી રક્ષિત (બંગાળી)**

સિનિયર ડિઝાઈનર
**ફુલચંદ તિવારી**
**રાજીવ ભાર્ગવ**

ડિઝાઈનર
**અભય ગુપ્તા**
**ફિરોઝ અહેમદ**




13 ભાષાઓમાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરોઃ
https://newindiasamachar.pib.gov.in/news.aspx

ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

'ન્યૂ ઈન્ડિયા સમાચાર' અંગે સતત અપડેટ મેળવવા માટે ફોલો કરોઃ- @NISPIBIndia

# અંદરના પાને...

## નવનિર્મિત સંસદ ભવનઃ જન-ગણ-મનનું પ્રતીક





**કવર સ્ટોરી** ભારત, દુનિયાની સૌથી મોટી લોકશાહી છે. આ લોકશાહીનું મંદિર છે સંસદ ભવન, જ્યાં દરેક દેશવાસીઓની આકાંક્ષાઓ પર ચર્ચા થાય છે. 28 મે 2023ના રોજ નવા સંસદ ભવનનો શુભારંભ કરવામાં આવ્યો... | 16-30

**G-20ની અધ્યક્ષતા**



દુનિયાએ નવા કાશ્મીરની વિકસિત તસવીર જોઈ | 48-51

**સહ-અસ્તિત્વની મજબૂતીની પહેલ; 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો મૂળ મંત્ર આપ્યો**



અમૃત મહોત્સવમાં વાંચો સ્વામી સહજાનંદ સરસ્વતી, ગયા પ્રસાદ કટિયાર, ગણેશ ઘોષ અને દાદા ધર્માધિકારીની ગાથા | 57-60

સમાચાર સાર | 4-5

વ્યક્તિત્વ - મનોજકુમાર પાંડે
'જય મહાકાલી, આયો ગોરખાલી' કહીને અંતિમ ક્ષણમાં જોશ ભર્યું | 6

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2023: કર્મસુ કૌશલમ્
આપણે આપણું કામ શિસ્તપૂર્વક કરીએ, તો એ પણ એક પ્રકારનો યોગ જ છે | 7-13

મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ યોગ લાભદાયક છેઃ સર્બાનંદ સોનોવાલ
આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2023 નિમિત્તે કેન્દ્રીય આયુષ મંત્રીનો ઈન્ટરવ્યુ | 14-15

અન્નદાતાને પ્રાથમિકતા, શહેરી ભારતમાં સ્થિરતા પર વિશેષ ભાર
કેન્દ્રીય મંત્રીમંડળના મહત્વના નિર્ણયો | 31

...હવે દેવભૂમિને મળી 'વંદેભારત એક્સપ્રેસ'
દહેરાદૂન-દિલ્હી વંદેભારત ટ્રેનનો શુભારંભ | 32-33

સાંસ્કૃતિક આધ્યાત્મિક કનેક્ટિવટી મજબૂત બની રહી છે
ઓડિશાને મળી ભેટઃ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં વિક્રમી રોકાણ | 34-35

રાજ્ય-જિલ્લા સ્તરે વિકસિત ભારત માટે સક્ષમ ટીમ બનાવો
પ્રધાનમંત્રી મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની શાસી પરિષદની બેઠક | 36-37

રોજગાર મેળાથી યુવાનોની પ્રતિભાને યોગ્ય તક પ્રાપ્ત થશે
પ્રધાનમંત્રીએ 10 લાખ યુવાનોને રોજગારી આપવાનું લક્ષ્ય નક્કી કર્યું | 38-39

સ્માર્ટ થતી શહેરી સુવિધાઓ, જીવનની ગુણવત્તામાં સુધારો
સ્માર્ટ સિટી મિશનના 8 વર્ષઃ સ્માર્ટ ભારતના નિર્માણ માટે મજબૂત પાયો | 40-41

ભારતના વિકાસ પ્રત્યે અટલ સમર્પણના નવ વર્ષ
કેન્દ્ર સરકારના સેવા, સુશાસન, ગરીબ કલ્યાણ અને વિકાસના પ્રયાસો | 42-46

રમતોથી સમાજના સશક્તિકરણનો નવો યુગ આવ્યો છે
25 મેના રોજ પ્રધાનમંત્રીએ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ-2023નો પ્રારંભ કર્યો | 47

વૈશ્વિક પટલ પર ગુંજી ઉઠતું ભારત
પીએમ મોદીનો જાપાન, ઓસ્ટ્રેલિયા અને પાપુઆ ન્યૂ ગિનીનો પ્રવાસ | 52-56



પ્રકાશક અને મુદ્રક - મનીષ દેસાઈ,મુખ્ય મહાનિદેશક, કેન્દ્રીય સંચાર બ્યૂરો મુદ્રણઃ ઈન્ફિનિટી એડવર્ટાઈઝિંગ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ, FBD વન કોર્પોરેટ પાર્ક, 10મો માળ, નવી દિલ્હી - ફરીદાબાદ બોર્ડર, NH-1, ફરીદાબાદ- 121003 | પત્રવ્યવહાર અને ઈમેઈલ એડ્રેસઃ રૂમ નં - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 | ઈ-મેઈલ - response-nis@pib.gov.in RNI નંબર DELGUJ/2020/78810

# સંપાદકની કલમે

## દુનિયાને ભારતના દૃઢ સંકલ્પનો સંદેશ આપતું લોકશાહીનું નવું મંદિર

*मुक्त मातृभूमि को नवीन मान चाहिए, नवीन पर्व के लिए, नवीन प्राण चाहिए।*
*मुक्त गीत हो रहा, नवीन राग चाहिए, नवीन पर्व के लिए, नवीन प्राण चाहिए।*

સાદર નમસ્કાર


નવનિર્મિત સંસદ ભવનના શુભારંભ પ્રસંગે અમૃતકાળ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું આ આહ્વાન ભારતના સંકલ્પની દૃઢતા, પ્રખરતા, રાષ્ટ્રની સમૃદ્ધિ અને સામર્થ્યની નવી ગતિ અને શક્તિના પ્રતીક તરીકે ઉભરી આવ્યું છે. વાસ્તવમાં, દરેક રાષ્ટ્રની વિકાસયાત્રામાં એક એવી ક્ષણ આવે છે, જ્યારે તે પોતાને પરિભાષિત કરે છે. અમૃતકાળમાં, ભારતના લોકોએ તેમની લોકશાહીને સંસદના આ નવા ભવનની ભેટ આપી છે અને 28 મે 2023ની તારીખ સંસદીય ઈતિહાસમાં અમર બની ગઈ છે. નવનિર્મિત સંસદ માત્ર એક ઈમારત નથી, પરંતુ 140 કરોડ ભારતીયોની આકાંક્ષાઓ અને સપનાંઓનું પ્રતિબિંબ છે. તે વિકસિત ભારતના સંકલ્પોને સિદ્ધ થતા જોશે. આ નવું ભવન અર્વાચીન અને પ્રાચીનના સહઅસ્તિત્વનું પણ એક આદર્શ છે. દેશના જન-ગણ-મનનું પ્રતીક બની ગયેલા નવા સંસદ ભવનનો શુભારંભ જ આ વખતની આપણી કવર સ્ટોરી બની ગઈ છે.

એક સંયોગ એવો પણ છે કે સંસદ ભવનના ઉદ્ઘાટનના માત્ર બે દિવસ પછી 30 મેના રોજ પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે 9 વર્ષની યાત્રા પૂરી કરી છે. આ 9 વર્ષ ભારતમાં નવા નિર્માણ અને ગરીબ કલ્યાણના રહ્યાં છે, કારણ કે નવા માર્ગો પર ચાલવાથી જ નવા કિર્તીમાન સ્થાપિત થાય છે. આજે, નવું ભારત નવાં લક્ષ્યો નક્કી કરી રહ્યું છે, નવા માર્ગો ઘડી રહ્યું છે. નવો જુસ્સો ભરેલો છે, નવો ઉત્સાહ છે. નવી યાત્રા છે, નવો વિચાર છે. નવી દિશા છે, દૃષ્ટિ પણ નવી છે. સંકલ્પ નવો છે, વિશ્વાસ નવો છે. આ અંકમાં 9 વર્ષ પર વિશેષ સામગ્રી પણ સમાવેલી છે.

સોફ્ટ પાવર તરીકે પોતાની ઓળખ બનાવી ચુકેલા ભારત માટે આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું વિશેષ મહત્વ છે, કારણ કે ભારત અત્યારે G-20ની અધ્યક્ષતા પણ કરી રહ્યું છે. ભારતના પ્રયાસોના પરિણામ સ્વરૂપે જ યોગ માત્ર એક શારીરિક પ્રવૃત્તિ જ નહીં પરંતુ કર્મયોગ બની ગયો છે અને વ્યક્તિ, સમાજ તેમજ રાષ્ટ્ર તરીકે વિકાસની શક્તિમાં અનેક ગણો વધારો કર્યો છે. 9મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને આ અંકમાં આ સંદર્ભમાં રાખવામાં આવ્યો છે.

આ ઉપરાંત, વ્યક્તિત્વ તરીકે પરમવીર ચક્રથી સન્માનિત મનોજકુમાર પાંડે, અમૃત મહોત્સવની શ્રેણીમાં મહાન નાયકોની પ્રેરક ગાથા, પ્રધાનમંત્રી મોદીનો જાપાન, ઓસ્ટ્રેલિયા અને પાપુઆ ન્યુ ગિનીનો પ્રવાસ, કેન્દ્રીય મંત્રીમંડળે લીધેલા નિર્ણયો, મન કી બાત, G-20 સાથે સંકળાયેલા કાર્યક્રમો, યોજના વિભાગ હેઠળ સ્માર્ટ સિટી મિશનની વર્ષગાંઠ અને પ્રધાનમંત્રીના વિવિધ કાર્યક્રમોને પણ આ અંકમાં સમાવી લેવામાં આવ્યા છે.

આપના સૂચનો અમને મોકલતા રહો.



(રાજેશ મલ્હોત્રા)

હિંદી, અંગ્રેજી તેમજ અન્ય 11 ભાષામાં ઉપલબ્ધ પત્રિકા વાંચો/ ડાઉનલોડ કરો.
https://newindiasamachar.pib.gov.in/news.aspx

# આપની વાત...




### ગિરિજા દેવી પર પ્રકાશિત લેખ સારો લાગ્યો

સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા નવીનતમ કાર્યક્રમોથી અવગત રહેવા માટે હું નિયમિતપણે PIBની વેબસાઈટની મુલાકાત લઉં છું. અહીંયા જ મને ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન વિશે માહિતી મળી. મને આ મેગેઝિન ખરેખર ખૂબ જ ગમ્યું. વ્યક્તિત્વમાં પ્રકાશિત થયેલો ગિરિજાદેવીનો લેખ સારો લાગ્યો. લેખમાં તેમના જીવન પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો અને તેમણે ભારતીય શાસ્ત્રીય સંગીતને આગળ વધારવા માટે કેવી રીતે કામ કર્યું હતું તેની માહિતી પણ આપવામાં આવી હતી.

sbhatnagar1971@gmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનનું કવર પેજ ખૂબ જ સુંદર

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનનો 1 થી 15 મે 2023નો અંક વાંચવા મળ્યો. આ મેગેઝિનનું કવર પેજ ખૂબ જ સુંદર હતું. સાથે જ, તેમાં પ્રકાશિત સામગ્રી જ્ઞાનવર્ધક છે. સતત નવીનતમ સમાચારો વિશે માહિતી આપતું આ મેગેઝિન વાચકો માટે ઉત્તમ અને ખૂબ જ ઉપયોગી છે. અમારી ગ્રામસભા રિહાવલી વતી મેગેઝિનની સમગ્ર ટીમનો આભાર.

- મુકેશ કુમાર ઋષિ વર્મા

mukesh123idea@gmail.com

### ન્યૂ ઈન્ડિયાના સમાચારમાં જ્ઞાનવર્ધક સામગ્રી હોય છે

ન્યૂ ઈન્ડિયા સમાચારના વાચક તરીકે, મને આ મેગેઝિનમાં પ્રકાશિત થતા લેખો ખૂબ જ ગમે છે. આ મેગેઝિન લોકોના જીવનને સીધી અસર કરતા વિષયો પર સતત જ્ઞાનવર્ધક માહિતી પ્રકાશિત કરે છે. તે આરોગ્યથી લઈને ટેકનોલોજી સુધી અને માહિતીથી લઈને અન્ય જાણકારી સુધી બધુ જ સમાવેલું હોય છે. આ ઉપરાંત, મેગેઝિનની ડિઝાઈન અને લેઆઉટ પણ સરસ હોય છે.

શ્રી ગૌતમ સ્વામી

mehergouthamswamy@gmail.com

### સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરનારાઓ માટે સારી પહેલ છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન એ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહેલા લોકો માટે ખૂબ જ સારી પહેલ છે. સાથે જ, તે કેન્દ્રીય જાહેર સેવા આયોગ અને રાજ્ય જાહેર સેવા આયોગ જેવી પરીક્ષાઓની તૈયારીમાં ખૂબ મદદરૂપ સાબિત થઈ રહ્યું છે. આના કારણે જ્ઞાનવર્ધક માહિતી મળવાની સાથે જ, તે ઉત્તર લેખનમાં પણ મદદરૂપ થાય છે.

સૂરજ કુમાર યાદવ

surajkyadav1824@gmail.com

### ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિન ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ છે

ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝિનમાં માતૃભૂમિના વીર લડવૈયાઓ, ભારતની સંસ્કૃતિ, ભારતની પરંપરા, ભારતના વારસા વિશે માહિતી મળી રહે છે. આ મેગેઝિન ભારતની ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ છે. આ મેગેઝિન એવા હજારો લોકો માટે ઉપયોગી છે જેઓ રાષ્ટ્રના વિકાસને લગતી પ્રવૃત્તિઓ વિશે જાણવા માંગતા હોય છે. અમે આ મેગેઝિનના તમામ અંકોની આતુરતાથી રાહ જોઈએ છીએ.

thankprasadv@gmail.com

**અમને ફોલો કરો @NISPIBIndia**

પત્રવ્યવહાર અને ઈમેઈલનું સરનામું: રૂમ નંબર - 278, કેન્દ્રીય સંચાર બ્યૂરો, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી - 110003 ઈમેઈલ - response-nis@pib.gov.in

# UPIની અસર:
# ATM મુલાકાતોની વાર્ષિક સરેરાશ અડધી થઈ ગઈ




રૂપે અને UPI એ માત્ર સસ્તી અને અત્યંત સુરક્ષિત ટેક્નોલોજી જ નથી પરંતુ વિશ્વમાં ભારતની નવી ઓળખ પણ બની રહી છે. ભારત અને સિંગાપોર વચ્ચે UPI-PayNow લિંકેજ શરૂ થયા બાદ તાજેતરમાં જ જાપાને પણ ભારતની UPI પેમેન્ટ સિસ્ટમમાં જોડાવા માટે રસ દર્શાવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિચાર સાથે શરૂ કરવામાં આવેલી UPIની સરળતાને કારણે ભારતમાં ડિજિટલ પેમેન્ટ્સમાં લોકોની રુચિ વધી છે. હવે વિશ્વના 40% રિયલ ટાઈમ ડિજિટલ પેમેન્ટ ભારતમાં જ થઇ રહ્યાં છે. SBI દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલ સંશોધન અહેવાલ "Ecowrap"માં જણાવવામાં આવ્યું છે કે, UPI વ્યવહારોમાં પ્રત્યેક 1 રૂપિયાની વૃદ્ધિથી ડેબિટ કાર્ડના વ્યવહારોમાં 18 પૈસાનો ઘટાડો થાય છે, જે એવું દર્શાવે છે કે વ્યક્તિ હવે સરેરાશ 8 વખત ATMની મુલાકાત લે છે જે આંકડો અગાઉ 16 હતો. SBIનું આ અવલોકન એપ્રિલ 2016 થી એપ્રિલ 2023 સુધીના સમયગાળા માટેના માસિક ડેટા વિશ્લેષણ પર આધારિત છે. દેશમાં 73% ડિજિટલ પેમેન્ટ UPI દ્વારા જ કરવામાં આવી રહ્યાં છે. વર્ષ 2017માં 1.8 કરોડ ટ્રાન્ઝેક્શન હતા તેની સરખામણીએ 2022-23માં તે વધીને 8,375 કરોડ થઇ ગયાં છે. આ જ સમયગાળામાં UPI દ્વારા રૂ. 139 લાખ કરોડના વ્યવહારો થયા હતા, જે વર્ષ 2017માં માત્ર રૂ. 6,974 કરોડના વ્યવહારો હતા.

# CGHS લાભાર્થીઓ એઈમ્સમાં કેશલેસ સારવાર મેળવી શકશે




ભારત સરકાર આરોગ્ય સુવિધાઓને સતત સુલભ અને સુગમ બનાવી રહી છે. 50 કરોડથી વધુ લોકો માટે આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ચલાવવામાં આવી રહી છે, તો સાથે સાથે સસ્તી દવાઓ ઉપલબ્ધ કરાવવા માટે પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્ર ખોલીને દર્દીઓના કરોડો રૂપિયાની બચત પણ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારની આરોગ્ય યોજના (CGHS)ના કરોડો લાભાર્થીઓ માટે હવે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ (એઈમ્સ)માં કૅશલેસ સારવારની સુવિધા શરૂ કરવામાં આવી છે. ભોપાલ, ભુવનેશ્વર, પટણા, જોધપુર, રાયપુર અને ઋષિકેશની એઈમ્સમાં CGHS લાભાર્થીઓ તેનો લાભ લઈ શકે છે. એઈમ્સ ઉપરાંત, ચંદીગઢમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ અને પુડુચેરીમાં સ્થિત જવાહરલાલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચમાં પણ કૅશલેસ સારવારની સુવિધા ઉપલબ્ધ થઈ શકશે.

કેન્દ્ર સરકારના આ નિર્ણયથી, સેવા આપી રહેલા, નિવૃત્ત કર્મચારીઓ અને તેમના આશ્રિત પરિવારો ઉપરાંત, સંસદ સભ્યો, ભૂતપૂર્વ સંસદ સભ્યો અને અન્ય શ્રેણીના CGHS લાભાર્થીઓને પણ OPD અને IPDમાં સારવારની સુવિધા ઉપલબ્ધ થશે. અત્યાર સુધીમાં, CGHS લાભાર્થીઓને આ સ્થળોએ સારવાર લીધા પછી ચુકવણી કરવી પડતી હતી અને પછી વળતર માટે દાવો કરવો પડતો હતો. રાજ્યની હોસ્પિટલોને 30 દિવસમાં CGHS દ્વારા ચુકવણી કરવામાં આવશે. આ છ એઈમ્સમાં કાર્ડિયોલોજી, ન્યૂરોલોજી, ન્યૂરો સર્જરી, ગેસ્ટ્રોએન્ટેરોલોજી, યુરોલોજી, કાર્ડિયો વેસ્ક્યુલર થોરેસિક સર્જરી, ઓન્કોલોજી અને બીજી ઘણી સુપર સ્પેશિયાલિટી, ટ્રોમા અને ઈમરજન્સી સુવિધાઓ ઉપલબ્ધ છે. હાલમાં દેશના 79 શહેરોમાં CGHS કાર્યરત છે.



# આ છે ઝડપ: 100 કલાકમાં 100 લેન કિમી રોડ બનાવ્યો

દેશભરમાં અત્યાધુનિક એક્સપ્રેસ-વે હોય, નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગો હોય કે રિપેરિંગનું કામ હોય, બધું જ ઝડપી ગતિએ થઈ રહ્યું છે. એટલું જ નહીં, ગ્રીન અને નવી ટેકનોલોજીનો ઉપયોગ પણ વધી રહ્યો છે. આ જ કારણ છે કે છેલ્લા 9 વર્ષમાં ધોરીમાર્ગોની લંબાઈ 91,287 કિમીથી વધીને 1,45,240 કિમી થઈ ગઈ છે. દરરોજ નવા રેકોર્ડ સામે આવી રહ્યા છે. ગાઝિયાબાદ-અલીગઢ એક્સપ્રેસ-વે પર 100 કલાકમાં 100 લેન કિમી બિટુમિન-કોંક્રિટ રોડ બનાવવાનો નવો રેકોર્ડ સામે આવ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેને ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવતા જણાવ્યું હતું કે, તે બહેતર ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે આધુનિક ટેકનોલોજી અને ઝડપને આપવામાં આવતા મહત્વને દર્શાવે છે. કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આ સિદ્ધિ બદલ આ કાર્યમાં જોડાયેલી સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે. NH-34નો આ 118 કિમીનો એક્સપ્રેસ-વે સેક્શન ગાઝિયાબાદ અને અલીગઢની કનેક્ટિવિટી મજબૂત કરશે. તેના બાંધકામમાં ઓલ્ડ સેન્ટલ પ્લાન્ટ રિસાયક્લિંગ ગ્રીન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવામાં મદદ મળી શકી છે.

# દેશની સંપૂર્ણ સ્વાસ્થ્ય નીતિ તૈયાર થશે



કેન્દ્રની વર્તમાન સરકાર દેશમાં પરંપરાગત અને આધુનિક ચિકિત્સા પદ્ધતિને એક સાથે રાખીને આગળ વધી રહી છે. આયુષ અને યોગની શક્તિને આખી દુનિયાએ ઓળખી છે. વિશ્વ આરોગ્ય સંગઠને (WHO) જામનગર ખાતે WHO-GSTM સેન્ટરની સ્થાપના કરી છે. હવે ભારત સરકાર દવાની તમામ પદ્ધતિઓને એકસાથે લઈને સંપૂર્ણ આરોગ્ય નીતિ તૈયાર કરી રહી છે, જેને શક્ય તેટલી વહેલી તકે સામે લાવવામાં આવશે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ તાજેતરમાં જ રાષ્ટ્રીય આયુષ મિશન સંમેલનમાં આ માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, ભારતની પરંપરાગત ચિકિત્સા પદ્ધતિ આપણી શક્તિ છે. આખી દુનિયાએ તેનો સ્વીકાર કર્યો છે. આયુષ મંત્રી સર્બાનંદ સોનોવાલે કહ્યું હતું કે, બંને મંત્રાલયો સાથે મળીને કામ કરતા હોવાથી આપણો સંકલ્પ અને આપણી શક્તિ અનેકગણા વધી ગયા છે.

# 380 વિશેષ ટ્રેનો ઉનાળામાં તમારી મુસાફરીને સરળ બનાવશે



તમારી ટ્રેનની મુસાફરી સુખમય રહે. આ ઉનાળાના વેકેશન દરમિયાન તમે સરળતાથી તમારા મુકામ અથવા તમારા ગૃહ રાજ્ય સુધી પહોંચી શકો તે માટે ભારતીય રેલ્વેએ આ માટે 380 સ્પેશિયલ ટ્રેનો અને 6,369 ફેરા (ટ્રીપ)ની વ્યવસ્થા કરી છે. વર્ષ 2022ની સરખામણીમાં આ વર્ષે આ સ્પેશિયલ ટ્રેનો 1770 વધુ ફેરા કરશે.

વિશેષ ટ્રેનો પટણા - સિકંદરાબાદ, પટણા - યશવંતપુર, બરૌની - મુઝફ્ફરપુર, દિલ્હી - પટણા, નવી દિલ્હી - કટરા, ચંદીગઢ - ગોરખપુર, આનંદ વિહાર - પટણા, વિશાખાપટ્ટનમ - પુરી - હાવડા, મુંબઈ - પટણા, મુંબઈ - ગોરખપુર જેવા મુખ્ય સ્થળો વચ્ચે દોડાવવામાં આવશે. આ તમામ ટ્રેનોમાં 25,794 જનરલ કોચ અને 55,243 સ્લીપર કોચ હશે. વિશેષ ટ્રેનો દ્વારા કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મહારાષ્ટ્ર, ઓડિશા, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ, દિલ્હી જેવા વિવિધ રાજ્યો સાથે કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. જો કે, સમગ્ર સીઝન દરમિયાન આ વિશેષ ટ્રેનો હેઠળ ટ્રેનોની સંખ્યા અને ફેરાની સંખ્યામાં ફેરફાર થવાની સંભાવના છે. ●

# 'જય મહાકાલી, આયો ગોરખાલી'થી જોશ ભર્યું, અંતિમ ક્ષણે સૈનિકોને કહ્યું 'છોડતા નહીં'

જન્મ: 25 જૂન 1975, મૃત્યુ: 3 જુલાઈ 1999



**કારગિલ યુદ્ધમાં દેશનું રક્ષણ કરવા માટે દુશ્મનોનો બહાદુરીપૂર્વક મુકાબલો કરનાર મનોજકુમાર પાંડેનો બસ એક જ સંકલ્પ હતો, ઈન્ડિયા ફર્સ્ટ, એટલે કે રાષ્ટ્ર સર્વપ્રથમ. રાષ્ટ્રની સુરક્ષામાં પોતાના પ્રાણોનું બલિદાન આપીને વીરગતિ પ્રાપ્ત કરનારા મનોજ પાંડેને મરણોત્તર પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ યુદ્ધ દરમિયાન, તેમણે અદમ્ય સાહસ, શૌર્ય અને અસાધારણ નેતૃત્વનો પરિચય આપ્યો હતો જેના પર સમગ્ર દેશને ગૌરવ છે...**

ભારતીય સેનાના અમર વીર બલિદાની કેપ્ટન મનોજ કુમાર પાંડેનો જન્મ 25 જૂન 1975ના રોજ ઉત્તર પ્રદેશના સીતાપુર જિલ્લાના રૂડા ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ગોપીચંદ્ર પાંડે અને માતાનું નામ મોહિની હતું. મનોજનું શિક્ષણ લખનઉની સૈનિક સ્કૂલમાં થયું હતું, ત્યાંથી જ તેમણે શિસ્ત અને દેશભક્તિના પાઠ શીખ્યા હતા. એનડીએમાં તેમની પસંદગી કરવામાં આવી હતી. ફોર્મ ભરતી વખતે તેમણે એક કોલમમાં લખ્યું હતું કે તેમનું અંતિમ લક્ષ્ય પરમવીર ચક્ર મેળવવાનું છે. મનોજ કુમાર પાંડે એવા વ્યક્તિ હતા જેઓ જીવનના કોઈપણ તબક્કે ક્યારેય પડકારોથી ડર્યા ન હતા અને હંમેશા સન્માન અને યશની ઈચ્છતા હતા. ઈન્ટર પૂર્ણ કર્યા પછી, તેમણે પુણે નજીક, ખડકવાસલા ખાતે આવેલી નેશનલ ડિફેન્સ એકેડેમીમાં તાલીમ લીધી અને 11 ગોરખા રાઈફલ્સ રેજિમેન્ટની પહેલી છાવણીમાં નિયુક્તિ મેળવી. તેમને કાશ્મીર ખીણ પ્રદેશમાં તૈનાત કરવામાં આવ્યા હતા.

ઓપરેશન વિજય દરમિયાન, 11 ગોરખા રાઈફલ્સની પહેલી બટાલિયનના કેપ્ટન મનોજ કુમાર પાંડેને જમ્મુ અને કાશ્મીરના બટાલિકમાં ખાલુબાર રિજને દુશ્મનોનો સફાયો કરીને ખાલી કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. પલટન નંબર 5નું નેતૃત્વ કરી રહેલા નીડર અને મક્કમ નિશ્ચયી મનોજ કુમાર પાંડેએ 3 જુલાઈ 1999 ના રોજ 'જય મહાકાલી, આયો ગોરખાલી'ના ગર્જના સાથે યુદ્ધના નારા લગાવીને નિર્ભયતાથી આગેકૂચ કરી હતી. જેમ જેમ તેમની કંપની આગળ વધતી ગઈ તેમ તેમ દુશ્મનોએ તેમના પર ભારે ગોળીબાર શરૂ કર્યો. તેમણે નીડરતાથી દુશ્મન પર હુમલો કરીને ચાર સૈનિકોને મારી નાખ્યા અને બે બંકરોનો નાશ કર્યો. ખભા અને પગમાં ઈજા થઈ હોવા છતાં, તેઓ એક પછી એક બંકર પર કબજો કરવા માટે પોતાની ટૂકડીનું નેતૃત્વ કરી રહ્યા હતા. આ દરમિયાન એક ગોળી તેના કપાળના મધ્ય ભાગમાં વાગી હતી. અતિશય લોહીની વહી જવાના કારણે, મનોજ પાંડેએ છેલ્લા બંકરમાં 'ના છોડાનુ' (નેપાળી ભાષામાં જેનો મતલબ છે તેને છોડતા નહીં) કહ્યું અને ચિર નિદ્રામાં લીન થઈ ગયા. તેમના અદમ્ય સાહસથી પ્રોત્સાહિત થઈને, તેમના સૈનિકોએ દુશ્મન પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું અને આખરે પોસ્ટ પર કબજો મેળવી લીધ. આ ઉત્કૃષ્ટ બહાદુરી બદલ અને સર્વોચ્ચ બલિદાન આપવા બદલ, કેપ્ટન મનોજ કુમાર પાંડેને મરણોત્તર પરમવીર ચક્ર એનાયત કરવામાં આવ્યું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 23 જાન્યુઆરી, 2023ના રોજ 'પરાક્રમ દિવસ'ના અવસરે આંદામાન અને નિકોબાર ટાપુઓના 21 અનામી ટાપુઓનું નામ 21 પરમવીર ચક્ર વિજેતાઓના નામ પરથી રાખ્યા છે. આમાંથી એક ટાપુનું નામ પણ મનોજ કુમાર પાંડેના નામ પરથી રાખવામાં આવ્યું છે. ટાપુઓના નામકરણ સમારંભમાં તેમણે કહ્યું હતું કે, "આંદામાન અને કોબારના ટાપુઓનું આ નામકરણ એ માત્ર પરમવીર ચક્ર વિજેતાઓ માટે જ નહીં, પણ ભારતીય સેના માટે પણ સન્માન છે. પૂર્વથી પશ્ચિમ, ઉત્તરથી દક્ષિણ, દૂર દૂર સુધી, સમુદ્ર હોય કે પર્વતો, વિસ્તાર નિર્જન હોય કે દુર્ગમ, દેશના દરેક ભાગની સુરક્ષા માટે દેશની સેના તૈનાત રહે છે." કારગિલ યુદ્ધમાં જ્યારે 3 જુલાઈ 1999ના રોજ કેપ્ટન પાંડે શહીદ થયા હતા ત્યારે તેમની ઉંમર માત્ર 24 વર્ષની હતી. ટૂંકા જીવનકાળમાં જ તેમણે રાષ્ટ્ર માટે તેમની બહાદુરી અને સન્માનનું ઉદાહરણ રજૂ કર્યું હતું. ●




**આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2023**

# યોગ: કર્મસુ કૌશલમ્

**અર્થાત્, કર્મની કુશળતા એ જ યોગ છે. આ મંત્ર હંમેશા આપણને શીખવે છે કે, યોગ દ્વારા જીવનમાં વધુ યોગ્ય બનવાની ક્ષમતા ઉત્પન્ન થાય છે. જો આપણે આપણું કામ શિસ્ત સાથે કરીએ, આપણી ફરજ સારી રીતે નિભાવીએ, તો તે પણ એક પ્રકારનો યોગ જ છે. આ મંત્રને સાકાર કરીને યોગને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ આપીને ભારતે સોફ્ટ પાવર તરીકે પોતાની ઓળખ સ્થાપિત કરી છે, તો યોગને કર્મયોગ સાથે જોડીને વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર તરીકે વિકાસની શક્તિમાં અનેકગણો વધારો કર્યો છે.**

*આ વર્ષે ઉજવવામાં આવી રહેલા 9મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું મહત્વ એ કારણે પણ વધી ગયું છે કે, ભારત આ વર્ષે વિશ્વના સૌથી પ્રભાવશાળી આર્થિક જૂથ G-20ની અધ્યક્ષતા કરી રહ્યું છે. યોગને ખાસ કરીને દરેક G-20 કાર્યક્રમનો એક ભાગ બનાવવામાં આવે છે, જે ભારતીય સભ્યતાની ઓળખને વધુ મજબૂતી આપે છે...*



આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2023નો મુખ્ય કાર્યક્રમ મધ્યપ્રદેશના જબલપુરમાં યોજાશે, જેની થીમ 'વસુધૈવ કુટુંબકમ માટે યોગ' છે. 25 દિવસ પહેલાં હૈદરાબાદમાં કાઉન્ટડાઉન ઉત્સવ યોજવામાં આવ્યો હતો, જ્યાં હજારો લોકોએ સાથે મળીને યોગાભ્યાસ કર્યો હતો.

સામાન્ય હોય કે ખાસ, યુવાન હોય કે વૃદ્ધ, મહિલાઓ હોય કે બાળકો, આસ્તિક હોય કે નાસ્તિક, 'યોગ' આજે તમામ ઉંમરના લોકોના શરીર, શક્તિ, મન અને ભાવનાની ઓળખ બની ગયા છે. ધર્મ, સંપ્રદાય, જાતિ, અમીરી-ગરીબી, દેશોને જુદા પડાતી સરહદોને ઓળંગી સમગ્ર વિશ્વની એક ભાષા બની ગઈ છે. ભારતના પ્રાચીન વારસામાં યોગનું સ્થાન મહત્વનું રહ્યું છે. ભારતીય સંસ્કૃતિ કર્મ પ્રધાન અને આધ્યાત્મિકતાથી ભરપૂર છે. કર્મને પૂજાની ભાવનાથી કરવાની પરંપરા ભારતીય સમાજનો એક ભાગ રહી છે. યોગ હવે માત્ર જીવનનો એક હિસ્સો નથી રહ્યો પરંતુ જીવનશૈલી બની ગયો છે.

2014માં પ્રધાનમંત્રી બન્યા બાદ નરેન્દ્ર મોદીએ એક અલગ આયુષ મંત્રાલય બનાવ્યું હતું. યોગ અને અન્ય પરંપરાગત તબીબી પ્રણાલીઓને આરોગ્ય સેવાઓમાં આયુર્વેદ સાથે સાંકળીને વિશ્વ સ્તરે તેને નવી ઓળખ અપાવવાની જવાબદારી લીધી. ભારતના પ્રયાસોને કારણે 21 જૂન 2015થી વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શરૂઆત થઈ. આ પ્રયાસોનું પરિણામ એ છે કે ભારતની સૌથી જૂની અને સૌથી સમૃદ્ધ પરંપરા તરીકે યોગ હવે રોગોથી બચવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ બની ગયા અને વિશ્વને પણ તેની શક્તિનો અહેસાસ થયો છે. સ્વાસ્થ્ય સમસ્યાઓથી એકંદરે રક્ષણમાં યોગના મહત્વને કારણે, ભારત તેની સંસ્કૃતિની ઓળખનું પ્રણેતા બન્યું છે. આજે, યોગ વૈશ્વિક સહયોગનો પરસ્પર આધાર બની રહ્યા છે. આજે યોગ માનવજાતને રોગમુક્ત જીવનની ખાતરી આપી રહ્યા છે. યોગની તસવીરો થોડા વર્ષો પહેલાં માત્ર ઘરોમાં, આધ્યાત્મિક કેન્દ્રોમાં જ જોવા મળતી હતી, જ્યારે આજે દુનિયાના ખૂણે ખૂણેથી આવી રહી છે. આ તસવીરો આત્મિક બોધના વિસ્તરણ, સહજ, સ્વાભાવિક અને સહિયારી માનવીય ચેતનાની તસવીરો છે. ખાસ કરીને વિશ્વ જ્યારે બે વર્ષથી કોવિડ જેવી સદીમાં એકાદ વખત આવતી સૌથી મોટી મહામારીનો સામનો કરી રહ્યું છે ત્યારે તે જોવા મળી રહી છે. આ સંજોગોમાં પણ દેશ, દ્વીપ, મહાદ્વીપની સીમાઓ ઓળંગીને યોગ દિવસનો આ ઉત્સાહ માનવીય જુસ્સાનો પુરાવો આપે છે.

યોગ હવે એક વૈશ્વિક પર્વ બની ગયા છે કારણ કે યોગ એક વ્યક્તિ માટે નથી પરંતુ સમગ્ર માનવજાત માટે છે. આ વર્ષે વિશ્વ જ્યારે યોગ દિવસની ઉજવણી કરી રહ્યું છે ત્યારે ભારત તેની આઝાદીના અમૃતકાળની ઉજવણી પણ કરી રહ્યું છે. ભારત અત્યારે G-20 જેવી વિશ્વની શક્તિશાળી

> જ્યારે આપણે યોગ સાથે ચાલીએ છીએ, યોગની ભાવના સાથે કામ કરીએ છીએ, તો વ્યક્તિ તરીકે, સમાજ તરીકે, દેશ તરીકે આપણી શક્તિ પણ અનેક ગણી વધી જાય છે. આજે આપણે આ ભાવના સાથે સંકલ્પ લેવાનો છે કે - આપણે આપણા પોતાના સ્વાસ્થ્ય માટે અને આપણા પ્રિયજનોના સ્વાસ્થ્ય માટે શક્ય હોય તેવા તમામ પ્રયત્નો કરીશું. એક જાગૃત નાગરિક તરીકે, આપણે એક પરિવાર અને સમાજ તરીકે એક થઈને આગળ વધીશું.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

# અત્યાર સુધીમાં આઠ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ આ રીતે ઉજવવામાં આવ્યા છે

**2015**



નવી દિલ્હીમાં રાજપથ ખાતે આયોજન, જેમાં એક જ યોગ સત્રમાં 35,985 સહભાગીઓ અને 84 દેશોના નાગરિકોની સહભાગિતા સાથે સૌથી મોટા યોગ સત્ર માટે બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ નોંધાયા હતા.

**થીમ: સદભાવ અને શાંતિ માટે યોગ.**

**2016**



પ્રધાનમંત્રી મોદીની હાજરીમાં ચંદીગઢમાં ઔપચારિક કાર્યક્રમમાં 30 હજાર લોકોની સાથે 150 દિવ્યાંગોએ પણ ભાગ લીધો હતો.

**થીમ: દીર્ઘકાલિન વિકાસ લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે યોગ.**

**2017**



લખનઉમાં 51 હજાર સહભાગીઓ સાથે ઉજવણી કરવામાં આવી, અહીં પ્રધાનમંત્રી મોદીએ જીવનશૈલીમાં તેના મહત્વ વિશે ચર્ચા કરી.

**થીમ: સ્વાસ્થ્ય માટે યોગ.**

**2018**



દેહરાદૂનમાં 50 હજાર સહભાગીઓ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યોગ કર્યા.

**થીમ: શાંતિ માટે યોગ.**

**2019**



પ્રધાનમંત્રી મોદીએ રાંચીમાં સહભાગીઓ સાથે યોગ દિવસની ઉજવણી કરી

**થીમ: હૃદયની સંભાળ માટે યોગ.**

**2020**



કોવિડની વૈશ્વિક આપદાને કારણે જાહેર સમારંભ યોજાયો ન હતો, પરંતુ વર્ચ્યુઅલ ઈવેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

**થીમ: ઘરે યોગ અને પરિવાર સાથે યોગ.**

**2021**



વૈશ્વિક મહામારીને ધ્યાનમાં રાખીને, પ્રધાનમંત્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન આપ્યું. WHO-M યોગ એપ લોન્ચ કરવામાં આવી.

**થીમ: આરોગ્ય માટે યોગ.**

**2022**



કર્ણાટકના મૈસુરમાં અન્ય સહભાગીઓ સાથે પ્રધાનમંત્રી મોદીએ યોગ કર્યા હતા.

**થીમ: માનવજાત માટે યોગ.**

અર્થવ્યવસ્થાઓના સમૂહની અધ્યક્ષતા પણ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં, યોગ દિવસની આ વ્યાપકતા અને સ્વીકાર્યતા એ ભારતની એ અમૃત ભાવનાની સ્વીકાર્યતા છે, જેણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને ઊર્જા આપી હતી. આજે યોગ એ માત્ર જીવનનો એક ભાગ નથી, પરંતુ એક જીવનશૈલી બની ગયા છે, જેણે લોકોની કાર્યક્ષમતા અને ઉત્પાદકતામાં વધારો કર્યો છે. તેથી જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે, "આપણે યોગને ખૂબ ખાલી કસરત તરીકે ન લેવા જોઈએ. આપણે યોગને જાણવાના પણ છે, આપણે યોગને જીવવાના પણ છે. આપણે યોગ પ્રાપ્ત કરવાના છે, આપણે યોગને અપનાવવાના પણ છે. આપણે યોગને ખીલવવોના પણ છે. જ્યારે આપણે યોગ જીવવાનું શરૂ કરીશું, ત્યારે યોગ દિવસ આપણા માટે યોગ કરવાનો નહીં, પરંતુ આપણા સ્વાસ્થ્ય, સુખ અને શાંતિ માટેની ઉજવણી કરવાનો ઉત્સવ બની જશે."

## યોગનું વૈશ્વિક બજાર વધી રહ્યું છે

આજે એવો સમય છે કે જેમાં યોગ સાથે જોડાયેલી અનંત શક્યતાઓને સાકાર કરી શકાય તેમ છે. મોટી સંખ્યામાં યુવાનો યોગના ક્ષેત્રમાં નવા નવા વિચારો સાથે આવી રહ્યા છે. આ દિશામાં આયુષ મંત્રાલયે 'સ્ટાર્ટઅપ યોગ ચેલેન્જ' પણ શરૂ કરી છે. આયુષ ઉદ્યોગની સૌથી મોટી તાકાત એ છે કે દરેક માટે અલગ

## આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2023ની તૈયારીમાં કાર્યક્રમ

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2023નું આયોજન 21 જૂને થઈ રહ્યું હોવાથી તે કાર્યક્રમની તૈયારી માટેના કાઉન્ટડાઉનમાં આયુષ મંત્રાલય સતત કાર્યક્રમોનું આયોજન કરી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2023 માટે કાઉન્ટડાઉનની શરૂઆત 100 દિવસ પહેલાં 13 માર્ચના રોજ નવી દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે ત્રણ દિવસીય યોગ ઉત્સવ સાથે કરવામાં આવી હતી. આ પછી, 75 દિવસ પહેલાં, આસામની દિબ્રુગઢ યુનિવર્સિટીના મેદાનમાં સામાન્ય પ્રોટોકોલ પર આધારિત યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગ દિવસના 50 દિવસના કાઉન્ટડાઉનમાં, 15,000થી વધુ યોગ કર્મયોગીઓએ 2 મેના રોજ જયપુરના ભવાની નિકેતન શિક્ષા સમિતિ ખાતે યોગ મહોત્સવમાં ભાગ લીધો હતો. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2023ની તૈયારીઓના અંતિમ 25 દિવસ માટે હૈદરાબાદમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને રિહર્સલ તરીકે જોવામાં આવી રહ્યો છે.

### આંતરરાષ્ટ્રીય યોગ દિવસ દરમિયાન નવા પ્રયોગો

- આંતરરાષ્ટ્રીય યોગ દિવસના આયોજનને વ્યાપક સ્વરૂપ આપવા માટે તેના પ્રત્યેક આયોજનમાં કંઈકને કંઈક નવું કરવામાં આવ્યું છે.
- વર્ષ 2015માં જ 21 જૂને પહેલીવાર IDYનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જ બે વર્લ્ડ રેકોર્ડ બનાવાયા હતા, જેને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ સામેલ કરવામાં આવ્યા હતા.
- ચોથા યોગ દિવસે કેરળ પ્રવાસન વિભાગના સહયોગથી યોગ એમ્બેસેડર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 22 દેશોએ ભાગ લીધો હતો.
- વર્ષ 2022માં ગ્લોબલ યોગ રિંગ હેઠળ સૂર્યોદય સાથે જ વિવિધ દેશોમાં આયોજિત યોગ અભ્યાસ કાર્યક્રમોનું 24 કલાક માટે ડીડી ઈન્ડિયા પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

અલગ પ્રકારની તકો ઉપલબ્ધ છે. ઉદાહરણ તરીકે, આજે ભારતમાં આયુષના ક્ષેત્રમાં લગભગ 40 હજાર MSME એટલે કે નાના પાયાના ઉદ્યોગો વિવિધ ઉત્પાદનો પ્રદાન કરી રહ્યા છે અને વિવિધ પહેલ પણ કરી રહ્યા છે. આનાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને ખૂબ જ મજબૂતી મળે છે. આઠ વર્ષ પહેલાં દેશમાં આયુષ ઉદ્યોગ માત્ર રૂ. 20,000 કરોડની આસપાસ હતો. જ્યારે આજે આયુષ ઉદ્યોગ રૂ. 1.5 લાખ કરોડની આસપાસ સુધી પહોંચી રહ્યો છે. આવનારા સમયમાં વૈશ્વિક બજારમાં તેનું હજી પણ વધુ વિસ્તરણ થવાનું છે. ભારત તેની તમામ શક્યતાઓનો પૂરેપૂરો લાભ લેવા માટે તૈયાર છે. આમાં યુવાનો માટે હજારો અને લાખો નવી નોકરીઓનું સર્જન થશે.

### દુનિયાને આપણા યોગનું મહત્વ સમજાયું

આયુર્વેદની વધતી જતી લોકપ્રિયતાનું બીજું મોટું પાસું આયુર્વેદ અને યોગ પ્રવાસન છે. યોગ એ માત્ર કસરત નથી, પણ પોતાની જાત સાથે, વિશ્વ સાથે અને પ્રકૃતિ સાથે એકતા શોધવાનો ભાવ છે. યોગ આપણી જીવનશૈલીમાં પરિવર્તન લાવ્યા વિના આપણી અંદર જાગૃતિ પેદા કરે છે. પ્રધાનમંત્રી બન્યાના માત્ર ચાર મહિનામાં જ 27 સપ્ટેમ્બર, 2014ના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યોગને

> યોગ મન, શરીર અને આત્માને જોડીને વ્યક્તિના જીવનમાં શાંતિ લાવે છે, વ્યક્તિને પરિવાર સાથે જોડીને પરિવારમાં સુખ અને પરિવારોને સમાજ પ્રત્યે સંવેદનશીલ બનાવીને સમાજમાં સંવેદનશીલતા આવે છે. સમાજ રાષ્ટ્રની એકતાનો તાતણો બને છે અને આ પ્રકારે રાષ્ટ્ર સમગ્ર વિશ્વમાં શાંતિ અને સૌહાર્દ લાવે છે. માનવતા ખીલે છે અને બંધુત્વ દ્વારા પલ્વિત થાય છે. અર્થાત્ યોગ વ્યક્તિ-પરિવાર-સમાજ-દેશ-વિશ્વ અને સમગ્ર માનવજાતને જોડે છે.
>
> - નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી

આંતરરાષ્ટ્રીય મંચ પર ઓળખ આપવાની પહેલ કરીને આપેલો સંદેશ આપ્યો, તેનું મહત્વ કોવિડ મહામારીના યુગમાં એટલું વધ્યું કે ભાગ્યે જ કોઈએ તેની કલ્પના કરી હશે. આ જ કારણ છે કે ભારતે વિશ્વને યોગની શક્તિ આપી, તો કોવિડના સમયમાં વિશ્વનો ભાગ્યે જ કોઈ રાષ્ટ્રપતિ હશે, જેમણે પ્રધાનમંત્રી મોદી સાથેની વાતચીત દરમિયાન યોગ દ્વારા કોવિડ પર જીત મેળવવાના ઉપાયોનો ઉલ્લેખ ન કર્યો હોય.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારના અથાક પ્રયાસોનું પરિણામ એ આવ્યું છે કે 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાની મંજૂરી આપવામાં આવી છે. 193 સભ્યોની સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં 177 સહ સમર્થક દેશોની વિક્રમી સર્વસંમતિ પ્રાપ્ત થઈ છે. તેના ઠરાવમાં, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ સ્વીકાર્યું છે કે - "યોગ આરોગ્ય અને સુખાકારી માટે સર્વગ્રાહી અભિગમ પ્રદાન કરે છે. જીવનના તમામ ક્ષેત્રોમાં સંવાદિતા સ્થાપિત કરે છે, તેથી વિશ્વની વસ્તીના સ્વાસ્થ્ય માટે યોગાભ્યાસના ફાયદાઓ વિશેના જ્ઞાનનો વ્યાપક પ્રસાર ફાયદાકારક રહેશે." આ સાથે, ભારતમાં સર્વગ્રાહી સ્વાસ્થ્ય ક્રાંતિનો એક નવો યુગ શરૂ થયો છે, જે ઉપચાર કરતાં વધુ નિવારણના સિદ્ધાંત પર આધારિત છે. જ્યારે ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં યોગ માટેનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે સૌથી ઓછા સમયમાં મહત્તમ મતોથી ઠરાવ પસાર કરવાનો સંયુક્ત રાષ્ટ્રનો વિક્રમ બની ગયો.

### માનવ સંસ્કૃતિનો અમર વારસો

ભારતીયો માટે ગૌરવની વાત છે કે, આજે દેહરાદૂનથી લઈને ડબલિન, શાંઘાઈથી શિકાગો, જકાર્તાથી જોહાનિસબર્ગ સુધી માત્ર યોગ જ યોગ છે. હિમાલયના હજારો ફૂટ ઉંચા પહાડો હોય કે પછી ધગધગતું રણ હોય, યોગ દરેક પરિસ્થિતિમાં દરેક જીવનને સમૃદ્ધ બનાવે છે. પ્રધાનમંત્રી મોદી કહે છે, "જ્યારે વિનાશની શક્તિઓ પ્રભુત્વ ધરાવે છે, ત્યારે અરાજકતા સર્જાય છે. વ્યક્તિઓ વચ્ચે, સમાજો વચ્ચે અને દેશો વચ્ચે અરાજકતા ઉભી થાય છે. સમાજમાં દીવાલો ઉભી થાય છે, પરિવારમાં કલેશ વધે છે, જો વ્યક્તિ અંદરથી તૂટી જાય, તો યોગ આ પ્રકારનો તણાવ દૂર કરીને પારસ્પરિક અંતરાયને જોડવાનું કામ કરે છે."

યોગને કારણે અનેક નવી નવી યોગ સંસ્થાઓ વિકસિત થઈ રહી છે. યોગ પ્રશિક્ષકોની માંગ વધી છે. આજે યોગની સંસ્થાઓમાં પણ યુવાનો તેને વ્યવસાય તરીકે અપનાવીને પોતાને તૈયાર કરી રહ્યા છે. વિશ્વના દેશોમાં ભારતીય યોગ પ્રશિક્ષકોની માંગ વધી રહી છે. યોગના કારણે વિશ્વમાં નોકરીનું નવું બજાર ઊભું થયું છે. આ બધામાં ભારતના લોકોની પ્રાથમિકતા વિશ્વમાં સૌથી પહેલા રહે છે. ભારતમાં પણ યોગને વૈજ્ઞાનિક રીતે અને વિશ્વમાં



> આપણે જ્યારે યોગના માધ્યમથી સમસ્યાઓના ઉકેલ અને વિશ્વના કલ્યાણની વાત કરી રહ્યા છીએ, ત્યારે હું તમને ફરીથી યોગેશ્વર કૃષ્ણના કર્મયોગની યાદ અપાવવા માંગુ છું. ગીતામાં ભગવાન કૃષ્ણએ યોગ વિશે સમજાવતાં કહ્યું છે કે - 'યોગઃ કર્મસુ કૌશલમ્' જેનો અર્થ છે, કર્મની કુશળતા એ જ યોગ છે. Efficiency in Action is Yoga. આ મંત્ર આપણને શીખવે છે કે, યોગ દ્વારા જીવનમાં વધુ લાયક બનવાની ક્ષમતા ઉત્પન્ન થાય છે. જો આપણે આપણું કામ શિસ્ત સાથે કરીએ, આપણી જવાબદારીઓ પૂરી કરીએ તો તે પણ એક પ્રકારનો યોગ છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

સમાન રીતે યોગની પ્રક્રિયાને પ્રમાણભૂત બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. થોડા વર્ષો પહેલાં, યુનેસ્કોએ પણ ભારતના યોગને માનવ સંસ્કૃતિના અમર વારસા તરીકે માન્યતા આપી છે. વિશ્વના સંગઠનો, શાળાઓ, કોલેજો યોગની તાલીમને તેમનો એક ભાગ બનાવી રહી છે. આજે ભારતમાં એવા ઘણા રાજ્યો છે જેમણે યોગને એક શિક્ષણ પહેલ બનાવી છે જેથી ભવિષ્યની પેઢીઓ આપણા આ સદીઓ જૂના વિજ્ઞાનથી પરિચિત થાય, તેનો અભ્યાસ કરે અને યોગ તેમના જીવનનો એક ભાગ બને.



## ભારતમાં યોગનું વધી રહેલું બજાર

**2.6** અબજ અમેરિકી ડૉલરનું રિટેલ ફિટનેસ સેવા બજાર છે.

**80** અબજ અમેરિકી ડૉલરનું યોગનું બજાર હોવાનું અનુમાન છે.

**154%** યોગ સંબંધિત સાધનોનું બજાર કોવિડ-19 દરમિયાન વધ્યું.

156.11 અબજ અમેરિકી ડૉલરનું વૈશ્વિક સ્તરનું યોગ પર્યટનનું બજાર વર્ષ 2021માં રહેવાનું અનુમાન કરાયું હતું

**5.8%** ના દરે 2022-2030 ની વચ્ચે બજારની વાર્ષિક વૃદ્ધિનું અનુમાન www.grandviewresearch.com ના એક અભ્યાસ અનુસાર કરવામાં આવ્યું

### યોગ: ભારત બન્યું સોફ્ટ પાવર

યોગની વૈશ્વિક માન્યતાએ ભારતને સોફ્ટ પાવર તરીકે ઓળખ અપાવી છે. દેશની બૌદ્ધિક અને સાંસ્કૃતિક શક્તિ (સોફ્ટ પાવર) તેના સમાજની રચનાત્મક આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે. 'સોફ્ટ પાવર'ની વિશેષતા એ છે કે તે 'સોફ્ટ' છે કારણ કે તેના પર સરકારનું નિયંત્રણ નથી હોતું. તે સમાજની રચનાત્મક આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે. 2014 સુધી વિદેશમાં લોકો યોગ કરતા નહોતા એવું નહોતું, પરંતુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી જ્યારે તે આંતરરાષ્ટ્રીય ઉત્સવ બન્યો અને સંયુક્ત રાષ્ટ્રએ તેને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો, ત્યારથી આંતરરાષ્ટ્રીય યોગ દિવસ એકમાત્ર એવો દિવસ છે જેને વિશ્વમાં સૌથી મોટા સાંસ્કૃતિક ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે.

સોફ્ટ પાવર એ દેશનું એવુ સામર્થ્ય છે જે તેની પ્રાથમિકતાઓને આકાર આપે છે. બળનો ઉપયોગ કર્યા સિવાય, તે તેની અપીલ અને આકર્ષણ દ્વારા અન્ય દેશોના વ્યવહાર પર અસર કરે છે. ભારત હંમેશા સમગ્ર માનવજાતના કલ્યાણ અને ભલાઈ માટે સોફ્ટ પાવરના ઉપયોગમાં વિશ્વાસ રાખે છે. તેમાં સંસ્કૃતિ, મૂલ્યો, ગર્ભિત જ્ઞાત, આધ્યાત્મિકતા અને વિદેશ નીતિનો ઉપયોગ કરીને દૃઢ સંકલ્પ અને સકારાત્મક આકર્ષણ દ્વારા અન્ય લોકોને પ્રભાવિત કરવાની ક્ષમતાનો પણ સમાવેશ થાય છે. સહભાગીતા અને સંભાળ એ ભારતીય વિચારધારાનો મુખ્ય ભાગ છે. સોફ્ટ પાવરમાં દેશના એવા તમામ ઘટકોનો સમાવેશ થાય છે જે અન્ય લોકો, સમુદાયો અથવા દેશોને આકર્ષિત કરે છે. હજારો વર્ષોથી, સ્વાસ્થ્ય પ્રત્યે ભારતનો અભિગમ સર્વગ્રાહી રહ્યો છે. આપણી પાસે નિવારક અને પ્રોત્સાહક સ્વાસ્થ્યની એક મહાન પરંપરા છે. યોગ અને ધ્યાન હવે સાર્વત્રિક અભિયાન અને પર્વ બની ગયા છે. યોગ માત્ર કોઈ એક વ્યક્તિ માટે નથી, તે સમગ્ર માનવજાત માટે છે.

યોગની ઉત્પત્તિ ભારતમાં થઈ છે, તે એક એવી ટેકનિક છે જેનો ઉપયોગ કોઈપણ વ્યક્તિ મફતમાં કરી શકે છે. પ્રથમ આંતરરાષ્ટ્રીય વિશ્વ યોગ દિવસ 21 જૂન 2015 ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ વિચાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ભેટ છે. તેમણે જ યોગની વિશેષતાઓ અને ફાયદાઓનો જોર-શોરથી પ્રચાર કર્યો અને તેને વિશ્વ સ્તરે માન્યતા અપાવી. આજે, વિશ્વમાં યોગ ભારતની શક્તિ તરીકે દેખાય છે. આ લોકોના કલ્યાણ માટેનું એવું વરદાન છે, જે ભારતે વિશ્વને આપ્યું છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની વ્યાપકતાએ દરેક નાગરિકોને એવી અનુભૂતિ કરાવી છે કે રાષ્ટ્ર નિર્માણની દરેક પ્રક્રિયા અને દરેક ગતિવિધીમાં સામેલ થવા માટે આપણા સૌનું સ્વસ્થ હોવું આવશ્યક છે. ચોક્કસપણે આમાં યોગની ભૂમિકા ઘણી મોટી છે. એ વાતમાં ભાગ્યે જ કોઈને શંકા હશે કે સારી આરોગ્ય સંભાળને

## યોગમાં સંશોધન

**100** જિલ્લાઓમાં હાથ ધરવામાં આવેલા બહુ કેન્દ્રીય, રાષ્ટ્રવ્યાપી અભ્યાસમાં જાણવા મળ્યું છે કે યોગ ડાયાબિટીસને નિયંત્રિત કરવામાં અસરકારક છે.

- સંશોધન પ્રકાશનોમાં લગભગ છ ગણો વધારો થયો છે, નૈદાનિક પરીક્ષણોમાં લગભગ 11% વધારો થયો છે. નવી દિલ્હી સ્થિત એઈમ્સના સેન્ટર ફોર ઈન્ટીગ્રેટેડ મેડિસિન દ્વારા આંતરરાષ્ટ્રીય જર્નલમાં 20 થી વધુ સંશોધન પેપર પ્રકાશિત કરવામાં આવ્યા છે.
- યોગ અભ્યાસ કરનારા દર્દીઓમાં કેન્સર ફરી થવાનું જોખમ લગભગ 15 ટકા ઘટ્યું છે.
- ન્યૂરોલોજી જર્નલ ઈન માઈગ્રેનમાં પ્રકાશિત થયેલા એક સંશોધન પેપરમાં યોગના ફાયદાઓ દર્શાવવામાં આવ્યા છે. એ વાત પણ સામે આવી છે કે પ્રી-ડાયાબિટીક રિવર્સલ પણ યોગની મદદથી શક્ય છે. અમેરિકન ડાયાબિટીક એસોસિએશને પણ આ અભ્યાસની પ્રશંસા કરી હતી.
- આયુષ સંશોધન પોર્ટલમાં જ યોગ અને નેચરોપેથી સંબંધિત 1426 સંશોધનો સૂચિબદ્ધ છે. આમાં 1003 માત્ર મેડિકલ રિસર્ચ છે.

### 25 કરોડ લોકોની સીધી ભાગીદારીનો લક્ષ્યાંક

- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2016માં CYP આધારિત મૈત્રીપૂર્ણ યોગ પ્રદર્શનમાં ભાગ લેનારાઓની સંખ્યા અંદાજે 85 લાખ આંકવામાં આવી હતી, જે 2019 IDY માં લગભગ નવ કરોડ સુધી પહોંચી ગઈ હતી.
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2020માં, આ સંખ્યા લગભગ 12.06 કરોડ સુધી પહોંચી જ્યારે 2022માં આ સંખ્યા લગભગ 23.5 કરોડ થઈ ગઈ હતી.
- આ વર્ષે, વ્યાપક લોકભાગીદારીના આધારે, લગભગ 25 કરોડ લોકોની સીધી ભાગીદારી રહેવાનો અંદાજ છે.
- આનો અર્થ એ થયો કે, માત્ર ભારતમાં જ 21 જૂને લગભગ 25 કરોડ લોકો CYP આધારિત મૈત્રીપૂર્ણ યોગ પ્રદર્શનમાં ભાગ લેશે.

કારણે આવરદા વધી છે, જેણે ભારતના વિકાસની ગતિને વેગ આપ્યો છે. વધતી જતી કાર્યક્ષમતા કર્મયોગમાં ફેરવાઈ ગઈ છે. દેશની અર્થવ્યવસ્થાના સ્વાસ્થ્ય માટે સ્વસ્થ જીવન ખૂબ જ મહત્વપૂર્ણ છે, તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે જીવનની સરેરાશ ઉંમરમાં એક વર્ષનો વધારો થવાથી પણ દેશની GDPમાં 4 ટકાનો વધારો થાય છે. ●



## યોગમાં તાલીમ અને શિક્ષણ

- યોગના પ્રચાર અને પ્રસારમાં તાલીમનું વિશેષ મહત્વ છે. આ વાતને ધ્યાનમાં રાખીને, આયુષ મંત્રાલય મોરારજી દેસાઈ યોગ સંસ્થા અને અન્ય સંસ્થાઓમાં વિવિધ સ્તરે તાલીમ આપી રહ્યું છે.
- હાલમાં દેશની લગભગ 183 યુનિવર્સિટીઓમાં યોગ પરના અભ્યાસક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યુનિવર્સિટીઓ વર્ષ 2023 માટે યોગ અભ્યાસક્રમો ચલાવી રહી છે.
- યોગ તાલીમ અને પ્રમાણપત્ર માટે જ યોગ સર્ટિફિકેશન બોર્ડ અથવા YCBની રચના કરવામાં આવી હતી.
- YCBના જણાવ્યા મુજબ, આજદિન સુધીમાં 9,600થી વધુ મૂલ્યાંકન, 480થી વધુ પરીક્ષાઓ, 14થી વધુ ભાષાની પરીક્ષાઓ લેવામાં આવી છે. આ ઉપરાંત, 56થી વધુ દેશોના ઉમેદવારોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.
- એક માહિતી અનુસાર, હાલમાં વિશ્વમાં લગભગ ત્રણ કરોડ યોગ સાધકો છે. આ દાયકાના અંત સુધીમાં તેમની સંખ્યા 3.50 કરોડ સુધી પહોંચવાની અપેક્ષા છે.
- હાલમાં યોગા પ્રમાણીકરણ બોર્ડની પ્રવૃત્તિઓમાં યોગ વ્યાવસાયિકોનું પ્રમાણપત્ર, યોગ સંસ્થાઓની ચકાસણી, યોગ વ્યાવસાયિકો માટે પ્રમાણપત્ર સંસ્થાઓની મંજૂરી અને પ્લેસમેન્ટના ધોરણો અનુસાર યોગ સંસ્થાઓનું ગ્રેડિંગ સામેલ છે.
- આ સાથે વિદેશમાં આવેલી યુનિવર્સિટીઓમાં પણ યોગ વિભાગો શરૂ કરવામાં આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં, સમગ્ર વિશ્વમાં યોગ શાળાઓ અને યોગ સ્ટુડિયોની સંખ્યામાં જબરદસ્ત વૃદ્ધિ થઈ છે.
- અમેરિકન કોલેજ ઓફ સ્પોર્ટ્સ મેડિસિનની ટોપ-10 યાદીમાં યોગને 7મું સ્થાન મળ્યું છે. યોગને હવે ભારત સરકાર દ્વારા સ્પર્ધાત્મક રમત તરીકે માન્યતા આપવામાં આવી છે.



Q&A

# મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ યોગ લાભદાયક છે: સર્બાનંદ સોનોવાલ

**આંતરરાષ્ટ્રીય યોગ દિવસ 2023 અંતર્ગત, ધ્રુવીય પ્રદેશોમાં આવેલા ભારતીય સંશોધન કેન્દ્રોમાં યોગ અભ્યાસ દ્વારા વિશ્વને યોગની વધુ એક શક્તિનો પરિચય કરાવવાનો છે. આ વર્ષે લગભગ 25 કરોડ લોકોની સીધી ભાગીદારીનું લક્ષ્ય છે...**

**પ્ર. આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસાર માટે દર વખતે કંઈકને કંઈક નવું હોય છે. આ વખતે નવું શું થવાનું છે?**

જ. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ (IDY) 2023ને અગાઉના આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જેમ મોટા પાયે ઉજવવા માટે તૈયારીઓ કરવામાં આવી રહી છે. લોકોનો સંપર્ક વધારવા માટે અને અન્ય દેશોને IDY હેઠળ યોગના અભ્યાસ સાથે જોડવા માટે ઘણી નવી યોજનાઓ ઘડવામાં આવી છે. યોગ માત્ર સામાન્ય પરિસ્થિતિમાં જ નહીં પણ અસામાન્ય પરિસ્થિતિઓમાં પણ શરીર અને મન વચ્ચે સંતુલન જાળવવામાં અસરકારક છે. યોગના આ મહત્વને લોકો સુધી પહોંચાડવા માટે આ વખતે ધ્રુવીય પ્રદેશોમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય તેમજ વિદેશ મંત્રાલય સહિત અન્ય સંબંધિત સંસ્થાઓના સહયોગથી ધ્રુવીય પ્રદેશોમાં આવેલા ભારતના સ્ટેશનોમાં પણ 21 જૂનના રોજ કોમન યોગ પ્રોટોકોલનો અભ્યાસ કરવામાં આવશે. આ યોજનાને આર્કટિકથી એન્ટાર્કટિકા સુધી યોગ એવું નામ આપવામાં આવ્યું છે. એવી જ રીતે, IDY હેઠળ 21 જૂને ભારતના મિત્ર દેશોના મુખ્ય બંદરો પર પણ યોગાભ્યાસ કરવામાં આવશે.

**પ્ર. આંતરરાષ્ટ્રીય સ્તરે આ વખતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ કેવી રીતે મહત્વપૂર્ણ બની રહ્યો છે?**

જ. વર્ષ 2023 ભારત માટે અનેક રીતે મહત્વપૂર્ણ છે. ભારત આ વર્ષે G-20 અને શાંઘાઈ સહયોગ સંગઠનની અધ્યક્ષતા કરી રહ્યું છે. આ રીતે, બંને સંગઠનોના સભ્યો અને સહયોગી દેશોના રાષ્ટ્રપ્રમુખો, અગ્રણી પ્રતિનિધિઓ વગેરે ભારતમાં હાજર છે. વ્યાપક પ્રસાર માટે આ વખતે IDYમાં આ દેશોને સામેલ કરવાની યોજના છે. બંને સંસ્થાઓના પ્રતિનિધિઓ હાલમાં વિવિધ બેઠકો અને અન્ય કાર્યક્રમો દરમિયાન યોગાભ્યાસ કરી રહ્યા છે. વાઈબ્રેક યોગ અને પાંચ મિનિટમાં યોગનો અભ્યાસ પણ કરવામાં આવી રહ્યો છે. રાષ્ટ્રીય આયુષ મિશન અંતર્ગત આરોગ્ય અને સુખાકારી કેન્દ્રોમાં પણ 21 જૂને યોગ અભ્યાસ કરવામાં આવશે. આના માટે 27 મેથી વ્યાપક તાલીમ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. દરેક રાજ્યમાં ઓછામાં ઓછું એક સંપૂર્ણ યોગ ગામ પણ સ્થાપિત કરવામાં આવી રહ્યું છે. યોજના એવી છે કે, આવા ગામમાં રહેતા તમામ પરિવારોને યોગ સાથે જોડવામાં આવે. વિશ્વ આરોગ્ય સંગઠન, સંયુક્ત રાષ્ટ્ર, વિશ્વ આરોગ્ય સંગઠનના જામનગર સ્થિત વૈશ્વિક પરંપરાગત ચિકિત્સા કેન્દ્ર સહિત ભારતના સ્થાયી મિશન વગેરેના સહયોગથી પણ યોગ અભ્યાસનું આયોજન કરવામાં આવશે. IDY 2023ના આયોજન માટે આ 100 દિવસનું કાઉન્ટડાઉન શરૂ કરવામાં આવ્યું છે.

**પ્ર. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંતર્ગત દર વર્ષે વ્યાપક જનભાગીદારી માટે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. શું તેનાં સકારાત્મક પરિણામો મળ્યાં છે અને આ વખતે શું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે?**

જ. IDY હેઠળ વ્યાપક જનભાગીદારી શક્ય બનાવવા માટે, વર્ષ

2016માં રાષ્ટ્રીય યોગ અને પ્રાકૃતિક ચિકિત્સા સંશોધન પરિષદ દ્વારા સમાન યોગ પ્રોટોકોલ એટલે કે CYPની શરૂઆત કરવામાં આવી હતી. તેનો હેતુ એક જ સમયે એક જ રીતે યોગ અભ્યાસને અંજામ આપવાનું શક્ય બનાવવાનો હતો. પરિણામે, IDY 2016માં CYP આધારિત મૈત્રીપૂર્ણ યોગ પ્રદર્શનોમાં ભાગ લેનારાઓની સંખ્યા અંદાજે 85 લાખ રહેવાનું અનુમાન કરવામાં આવ્યું હતું. આ સંખ્યા આ ઝુંબેશમાં ભાગ લેનારી સંસ્થાઓ દ્વારા આપવામાં આવેલા આંકડાઓ પર આધારિત હતું. પછીના વર્ષોમાં આ સંખ્યામાં ઝડપથી વધારો થયો અને વર્ષ 2019 IDYમાં લગભગ નવ કરોડ સુધી આંકડો પહોંચી ગયો. આ આંકડાઓના આધારે જ, વર્ષ 2020ના IDYમાં, આ સંખ્યા લગભગ 12.06 કરોડ સુધી પહોંચી અને વર્ષ 2022ના IDYમાં, ભાગ લેનારાઓની સંખ્યા લગભગ 23.5 કરોડ સુધી પહોંચી ગઈ. આ વર્ષના IDYમાં જનભાગીદારી હજુ પણ વધારે વ્યાપક થવાની સંભાવના છે. તેના આધારે લગભગ 25 કરોડ લોકોની સીધી ભાગીદારીનું અનુમાન લગાવવામાં આવ્યું છે.

**પ્ર. આટલા ટૂંકા ગાળામાં કેવી રીતે યોગ વૈશ્વિક થઈ શક્યા?**

**જ.** હું અહીં એ પણ કહેવા માંગુ છુ કે, યોગના આ પ્રચાર-પ્રસારમાં આપણા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સીધો ફાળો છે. પ્રધાનમંત્રીના પ્રયાસોના પરિણામે જ, આંતરરાષ્ટ્રીય યોગ દિવસના આયોજનના રૂપમાં યોગ ભારતની બહાર નીકળીને વિશ્વના ખૂણે ખૂણા સુધી પહોંચી ગયા છે. પ્રધાનમંત્રીના રેડિયો શો 'મન કી બાત'ના 99મા એપિસોડના આધારે, આયુષ મંત્રાલયને આધીન કેન્દ્રીય આયુર્વેદિક વિજ્ઞાન સંશોધન પરિષદની આયુર્વેદ વિજ્ઞાન સંશોધન જર્નલના વિશેષ અંકને મન કી બાતના પ્રભાવ પર કેન્દ્રિત રાખવામાં આવ્યો હતો. ઘણા નિષ્ણાતોએ કરેલા અભ્યાસ પરથી એવું સામે આવ્યું છે કે, રેડિયો શો મન કી બાતની અસર એવી હતી કે ભારત અને વિદેશમાં યોગ અને આયુર્વેદ સહિતની આયુષ પદ્ધતિઓની પહોંચમાં ઘણો વધારો થયો છે અને લોકોએ તેમના જીવનમાં આયુષ પદ્ધતિઓને સામેલ કરી છે.

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોને કારણે જ યોગ હવે ભારતમાંથી બહાર નીકળીને આંતરરાષ્ટ્રીય યોગ દિવસના આયોજનના રૂપમાં વિશ્વના ખૂણે ખૂણે પહોંચી ગયા છે.**

**પ્ર. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માટે દર વર્ષે કોઈ થીમ નક્કી કરવામાં આવે છે. તેનો હેતુ શું છે? આ વખતની થીમ શું છે?**

**જ.** મેં અગાઉ પણ કહ્યું હતું કે, આ વર્ષ ભારત માટે ખાસ છે. ભારત, G-20 અને શાંઘાઈ સહયોગ સંગઠન દેશોની યજમાની પણ કરી રહ્યું છે અને વર્ષ 2023 માટે બંને સંગઠનોની અધ્યક્ષતા પણ કરી રહ્યું છે. એક વાત સ્પષ્ટ છે કે, આંતરરાષ્ટ્રીય સ્તરે આ સમયે ભારતની એક મજબૂત ઉપસ્થિતિ છે. આવી સ્થિતિમાં, IDY 2023ના આયોજનમાં ઘણા વધું મહત્વપૂર્ણ પરિમાણો ઉમેરવામાં આવ્યા છે. આ વાતને ધ્યાનમાં રાખીને આ વર્ષે IDYની થીમ પસંદ કરવામાં આવી છે. મને જણાવતા ઘણો આનંદ થાય છે કે, આ વર્ષની થીમ - વસુધૈવ કુટુંબકમ્ માટે યોગ અથવા યોગ ફોર વસુધૈવ કુટુંબકમ્ રાખવામાં આવી છે. આખું વિશ્વ એક પરિવાર છે. આજના સમયમાં આ લાગણીની સૌથી વધુ જરૂર છે. મને એક વાત સ્પષ્ટ કરવા માંગુ છુ કે, યોગ માત્ર એકંદર આરોગ્ય અને સુખાકારી પૂરતા મર્યાદિત નથી. યોગના અનેક પરિમાણો છે. તેનો ઉપયોગ વૈશ્વિક સ્તરે કરવા માટે, દર વર્ષે ચોક્કસ થીમ હેઠળ યોગનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. વર્ષ 2022 માં, IDY ની થીમ માનવતા માટે યોગ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ દ્વારા સમગ્ર વિશ્વને એક સૂત્રમાં જોડવાની યોગની ક્ષમતા સૌની સામે મૂકવામાં આવી હતી. તેવી જ રીતે, વર્ષ 2021માં IDYની થીમ વેલનેસ માટે યોગ રાખવામાં આવી હતી. તે સ્પષ્ટ છે કે, નિયમિત રીતે યોગ અભ્યાસ કરવાથી રોગપ્રતિકારક શક્તિનો વિકાસ થાય છે. આ રીતે, યોગ માત્ર સારવાર પૂરતા મર્યાદિત નથી, પરંતુ રોગને પાસે ન આવવા દેવા માટે પણ યોગ મદદરૂપ છે. આ વર્ષે IDYની થીમ ક્રાઉડ સોર્સિંગ દ્વારા નક્કી કરવામાં આવી છે.

**પ્ર. યોગ અને આયુષ ભારતને કેવી રીતે આર્થિક લાભ આપી રહ્યા છે, શું તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે?**

**જ.** યોગમાં વર્તમાન સમયની અનેક વૈશ્વિક, સામાજિક, આર્થિક અને પર્યાવરણીય સમસ્યાઓનો ઉકેલ છુપાયેલો છે. જો તમે યોગના બજારના કદનું મૂલ્યાંકન કરશો, તો તમને જોવા મળશે કે યોગમાં રોજગારની નવી તકો ઝડપથી વધી છે. ભારતમાં રિટેલ ફિટનેસ સેવાઓનું બજાર લગભગ 2.6 અબજ અમેરિકી ડૉલર હોવાનો અંદાજ છે અને યોગ ઉદ્યોગનું કદ 80 અબજ અમેરિકી ડૉલર હોવાનો અંદાજ છે. કોવિડ-19 દરમિયાન યોગ સંબંધિત સાધનોનું માર્કેટ લગભગ 154 ટકા વધ્યું હતું. 'હીલ ઈન ઈન્ડિયા' અને 'હીલ બાય ઈન્ડિયા' આ બંને અભિયાનોમાં, યોગની કેન્દ્રીય ભૂમિકા રહી છે. આવી સ્થિતિમાં, યોગ માત્ર વ્યક્તિના જીવનમાં જ નહીં પરંતુ રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે પણ પરિવર્તનનું પરિબળ બની શકે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોથી ભારત પણ આ દિશામાં આગળ વધી રહ્યું છે. તમે પણ આ IDY પર યોગમાં જોડાઓ અને તમારી આસપાસના લોકોને, પરિચિતોને અને સંબંધીઓને યોગ કરવા માટે પ્રેરિત કરો. હું પોતે નિયમિત રીતે યોગ કરું છુ અને મારા પોતાના અનુભવથી લાગે છે કે યોગના એક નહીં પણ અનેક ફાયદા છે. ●



પ્રધાનમંત્રી મોદીએ નવું સંસદ ભવન રાષ્ટ્રને સમર્પિત કર્યું. સંપૂર્ણ કાર્યક્રમ જોવા માટે QR કોડ સ્કૅન કરો.



## નવનિર્મિત સંસદ ભવન

# જન-ગણ-મનનું પ્રતીક

ભારત, સમગ્ર વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. આ લોકશાહીનું મંદિર એટલે સંસદ ભવન, જ્યાં લોકોની આકાંક્ષાઓ વિશે ચર્ચા થાય છે. દેશના ભવિષ્યની દિશા નક્કી કરવામાં આવે છે. વર્તમાન સંસદ ભવન લગભગ 100 વર્ષ પહેલાં બાંધવામાં આવ્યું હતું. આ 100 વર્ષોમાં, તેની જરૂરિયાતો અનુસાર ઘણી વખત સમારકામ અને નવીનીકરણ કરવામાં આવ્યું છે. તેમ છતાં જૂના સ્ટ્રક્ચરની બેઠક ક્ષમતા વધારવી શક્ય ન હતી. તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજીની મદદથી તેને અપગ્રેડ કરવાનું પણ શક્ય નહોતું, તેથી નવું સંસદ ભવન હવે કોઈ વિકલ્પ નથી, પરંતુ 21મી સદીના નવા, મહત્વાકાંક્ષી અને આત્મનિર્ભર ભારતની જરૂરિયાત હતી. હવે 28 મે 2023 ઈતિહાસમાં એક એવી તારીખ બની ગઈ છે, જ્યારે બ્રિટિશ શાસનકાળ દરમિયાન બાંધવામાં આવેલા સંસદ ભવનમાંથી આત્મનિર્ભર ભારતે પોતાના સંસદ ભવનમાં પ્રવેશ કર્યો, અને આ ઐતિહાસિક ક્ષણ દરેક ભારતીયને ગૌરવથી છલકાવી દેનારી ક્ષણ બની ગઈ છે

*અદ્ભુત... અવિસ્મરણીય...... અદ્વિતીય...... આનંદિત... કરનારી 28 મે, 2023ની ઘડી, સ્વતંત્ર ભારતના સુવર્ણ અક્ષરોમાં અંકિત થઈને સ્વર્ણિમ સંકલ્પની દિશામાં આગળ વધી છે. ભારત આજે પ્રફુલ્લિત પણ છે, અને ભવિષ્ય માટે પ્રેરિત પણ છે તેમજ રાષ્ટ્રના ગૌરવ ગીતથી ગર્વિત પણ છે કારણ કે અમૃતકાળમાં નવનિર્મિત હવે આપણું સંસદ ભવન છે. આ આત્મનિર્ભર ભારતના ઊંચા ઈરાદાઓનું પ્રતિબિંબ છે.*

ભારતીયો દ્વારા, ભારતીયતાના વિચારથી ઓતપ્રોત, ભારતના નવા સંસદ ભવનનું ઉદ્ઘાટન એ ભારતની લોકશાહી પરંપરાઓમાં સૌથી મહત્વપૂર્ણ પડાવોમાંથી એક છે. ગુલામીની માનસિકતામાંથી મુક્તિ સાથે જોડાયેલો વધુ એક અધ્યાય, જે આત્મનિર્ભર ભારતનું પ્રતીક છે. આ અવસર એવા સમયે આવ્યો છે જ્યારે ભારત તેની આઝાદીના 75 વર્ષની ઉજવણી કરી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ કરવામાં આવેલું નવનિર્મિત સંસદ ભવન અમૃત મહોત્સવ માટે સાક્ષાત પ્રેરણા બની ગયું અને 140 કરોડ દેશવાસીઓ આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યા. આ દિવસ ભારતની લોકશાહી ઈતિહાસમાં એક સીમાચિહ્નરૂપ છે. નવા સંસદ ભવનનું નિર્માણ એ નવા અને જૂનાના સહઅસ્તિત્વનું દૃષ્ટાંત છે. તે સમય અને જરૂરિયાત પ્રમાણે પોતાનામાં પરિવર્તન લાવવાનો પ્રયાસ છે.

એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવનાને જાળવી રાખીને, નવું સંસદ ભવન 64,500 ચોરસ મીટરના વિશાળ ક્ષેત્રફળમાં ફેલાયેલું છે. તેનું નિર્માણ પણ વિક્રમી સમયમાં કરવામાં આવ્યું છે. ભારતની સાંસ્કૃતિક વિવિધતાથી પ્રેરિત તેની ત્રિ-ભૂજ ડિઝાઈન તેને વિશેષ બનાવે છે, જે વધુ સારા સાઈટ મેનેજમેન્ટ સાથે ભૂકંપ પ્રતિરોધક મિકેનિઝમ મુજબ Z અને Z+ ની સુરક્ષાને સુનિશ્ચિત કરે છે, ઈકો-ફ્રેન્ડલી ગ્રીન કન્સ્ટ્રક્શન કરીને વીજળીનો વપરાશ 30 ટકા જેટલો ઓછો થાય તે રીતે ડિઝાઈન કરવામાં આવી છે અને આગામી 150 વર્ષો સુધીની જરૂરિયાતો પૂરી કરવામાં સક્ષમ રહે તે રીતે નિર્માણ કરવામાં આવ્યું છે. નવા સંસદ ભવનની કુલ બેઠક ક્ષમતા અગાઉના ગૃહની તુલનામાં 150 ટકા કરતાં પણ વધુ છે. એટલે કે, હવે લોકસભાની કક્ષમાં 888 સાંસદો છે, રાજ્યસભાના કક્ષમાં 384, જ્યારે સંયુક્ત સંસદ સત્રમાં 1272 સાંસદો બેસી શકે તેવી ક્ષમતા છે. આ ઉપરાંત, સાંસદોની ઓફિસો ડિજિટલ ઈન્ટરફેસ અને આધુનિક સુવિધાઓથી સજ્જ છે. લોકસભા અને રાજ્યસભા ખંડને ઉચ્ચ ગુણવત્તાની ઑડિયો-વીડિયો સિસ્ટમથી સજ્જ કરવામાં આવ્યા છે. દરેક ડેસ્ક ઈલેક્ટ્રોનિક ગેજેટ્સથી સજ્જ હશે. આ ઉપરાંત નવા સંસદ ભવનમાં બંધારણ કક્ષ, પુસ્તકાલય, સમિતિ કક્ષ અને ભોજન ક્ષેત્રને પણ આધુનિક બનાવવામાં આવ્યા છે. એટલે કે નવું સંસદ ભવન હવે 140 કરોડ દેશવાસીઓની આશાઓ અને આકાંક્ષાઓને નવી ઊંચાઈઓ સુધી લઈ જનારું છે.

**“નવું સંસદ ભવન માત્ર એક ઈમારત નથી પરંતુ તે 140 કરોડ ભારતીયોની આકાંક્ષાઓ અને સપનાંઓનું પ્રતિબિંબ છે. તે વિશ્વને ભારતના દૃઢ સંકલ્પનો સંદેશ આપે છે. જ્યારે ભારત આગળ વધે છે ત્યારે દુનિયા પણ આગળ વધે છે. ભારતની સાથે સાથે નવું સંસદ ભવન વિશ્વની પ્રગતિમાં પણ યોગદાન આપશે.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**




## નવું સંસદ ભવન

### "સમયના લલાટ પર ઈતિહાસના અમિટ હસ્તાક્ષર"

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અત્યાધુનિક સુવિધાઓ, ગેજેટ્સથી સજ્જ નવું સંસદ ભવન રાષ્ટ્રને સમર્પિત કરતાં કહ્યું હતું કે, "દરેક દેશની વિકાસયાત્રામાં કેટલીક એવી ક્ષણો હોય છે, જે કાયમ માટે અમર બની જાય છે. કેટલીક તારીખો સમયના લલાટ પર ઈતિહાસના અમિટ હસ્તાક્ષર બની જાય છે. આજે, 28 મે, 2023 નો આ દિવસ, આવો જ એક શુભપ્રસંગ છે." નવું સંસદ ભવન જોઈને દરેક ભારતીય ગૌરવથી છલકાઈ રહ્યા છે. આ ભવનમાં વારસો, સ્થાપત્ય, કળા, કૌશલ્ય, સંસ્કૃતિ અને બંધારણનો સ્વર પણ છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, સફળતાની પહેલી શરત છે સફળ થવાનો વિશ્વાસ છે. આ નવું સંસદ ભવન આ વિશ્વાસને નવી ઊંચાઈ આપનારું છે. આ ભવન વિકસિત ભારતના નિર્માણમાં દરેક માટે એક નવી પ્રેરણા બનશે. દરેક ભારતીયની ફરજની ભાવનાને જાગૃત કરશે. મને ખાતરી છે કે, આ સંસદમાં જે લોકપ્રતિનિધિઓ નવી પ્રેરણા લઈને બેસશે, તેઓ લોકશાહીને નવી દિશા આપવાનો પ્રયત્ન કરશે. આ નવા ભવનમાં જો આપણે આપણી જવાબદારીઓ ઈમાનદારીથી નિભાવીશું તો દેશવાસીઓને પણ નવી પ્રેરણા મળશે. તેમના સંબોધનના કેટલાક અંશોઃ

- ભારત માત્ર લોકશાહી રાષ્ટ્ર નથી પરંતુ લોકશાહીની જનેતા પણ છે. આજે ભારત વૈશ્વિક લોકશાહીનો પણ મોટો આધાર છે. લોકશાહી આપણા માટે કોઈ વ્યવસ્થા નથી, પરંતુ તે એક સંસ્કાર, એક વિચાર અને પરંપરા છે.
- આજે ફરી એકવાર સમગ્ર વિશ્વ ભારતના સંકલ્પની દૃઢતાને, ભારતના લોકોની પ્રખરતાને, ભારતીય લોકોની જીજીવિષાને, સન્માન અને આશાની ભાવનાથી જોઈ રહ્યું છે. નવું ભારત નવા લક્ષ્યો નક્કી કરી રહ્યું છે, નવા માર્ગો ઘડી રહ્યું છે.
- એક રાષ્ટ્ર તરીકે આપણે સૌ 140 કરોડ ભારતીયોનો સંકલ્પ જ આ નવી સંસદની પ્રાણપ્રતિષ્ઠા છે. અહીં લેવામાં આવનારો દરેક નિર્ણય આવનારી સદીઓને સુંદર બનાવશે અને આવનારી પેઢીઓને સશક્ત બનાવશે.
- આ નવું સંસદ ભવન યોજનાને યથાર્થ સાથે, નીતિને નિર્માણ સાથે, ઈચ્છાશક્તિ સાથે ક્રિયાશક્તિ સાથે, સંકલ્પને સિદ્ધિ સાથે જોડતી મહત્વની કડી સાબિત થશે.
- 21મી સદીનું ઊંચા ઈરાદાઓથી ભરેલું નવું ભારત, હવે ગુલામીની વિચારસરણીને પાછળ છોડી રહ્યું છે. ભારત ફરી એકવાર પ્રાચીન કાળના ગૌરવશાળી પ્રવાહને પોતાની તરફ ફેરવી રહ્યું છે. સંસદનું આ નવું ભવન આ પ્રયાસનું એક જીવંત પ્રતિબિંબ છે.



આપણા દેશની મજબૂત લોકશાહીને નવા આયામો આપનારા નવા સંસદ ભવનમાં દરેક કણમાં પ્રાદેશિક કળા, કૌશલ્ય અને કારીગરીની અદ્ભુત ઝલક સમાવી લેવામાં આવી છે. માત્ર મોકળાશ આપતી વિશાળ જગ્યાઓ અને ચેમ્બરો કરતાં ઘણું વિશેષ, આ સંસદ ભવન આપણા દેશની ભવ્ય લોકશાહીના લક્ષ્યોને સાકાર કરનારું છે. જે રીતે બ્રિટિશકાળના જૂના શહીદ સ્મારકની સામે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક બનાવવામાં આવ્યું છે, તેવી જ રીતે નવા અને આત્મનિર્ભર ભારતને સમર્પિત નવું સંસદ ભવન જૂના સંસદભવનની સામે તૈયાર કરવામાં આવ્યું છે.

નવા સંસદ ભવનમાં એવી ઘણી નવી વસ્તુઓ છે, જેનાથી સાંસદોની કાર્યક્ષમતામાં વધારો થશે, તેમના કાર્ય સંસ્કૃતિમાં આધુનિક પદ્ધતિઓ આવશે. હવે સાંસદોના સંસદીય ક્ષેત્રમાંથી તેમને મળવા આવતા લોકોને પણ આરામદાયક અનુભવશે. દરેક સાંસદો માટે એવી વ્યવસ્થા હશે કે જેથી તેઓ પોતાના મત વિસ્તારના લોકોને સહજતાથી મળી શકે. સંસદ ભવનની શક્તિનો સ્રોત, તેની ઉર્જાનો સ્રોત, આપણી લોકશાહી છે. એક એવો સમય હતો જ્યારે લોકતાંત્રિક રાષ્ટ્ર તરીકે ભારતના અસ્તિત્વ પર શંકા-કુશંકાઓ વ્યક્ત કરવામાં આવતી હતી. નિરક્ષરતા, ગરીબી, સામાજિક વિવિધતા અને બિનઅનુભવીતા જેવી અનેક દલીલો સાથે એવી આગાહી પણ કરવામાં આવતી હતી કે ભારતમાં લોકશાહી નિષ્ફળ જશે. પરંતુ આજે નવા સંસદ ભવનના નિર્માણ અને વિકાસની ગતિએ ન માત્ર તે આશંકાઓને પાયાવિહોણા સાબિત કરી દીધી છે, પરંતુ 21મી સદીનું વિશ્વ ભારતને એક મહત્વપૂર્ણ લોકતાંત્રિક શક્તિ તરીકે આગળ વધતું પણ જોઈ રહ્યું છે.

# નવી વિશિષ્ટ સુવિધાઓ સાથે નવું ભવન

## નવા સંસદ ભવનનો શિલાન્યાસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 10 ડિસેમ્બર 2020ના રોજ નવી દિલ્હીમાં નવા સંસદ ભવનનો શિલાન્યાસ કર્યો હતો, જેમાં વિવિધ રાજકીય પક્ષોના નેતાઓ, કેબિનેટ મંત્રીઓ અને વિવિધ દેશોના રાજદૂતોએ ભાગ લીધો હતો.

## નવા સંસદ ભવનની ડિઝાઈન

140 કરોડ ભારતીયોની આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરતું નવું સંસદ ભવન વર્તમાન સંસદ ભવનની પાસે બનાવવામાં આવ્યું છે. તેની ડિઝાઈન પદ્મશ્રી આર્કિટેક્ટ વિમલ પટેલે તૈયાર કરી છે.

## નવા સંસદ ભવનની રૂપરેખા

નવી ત્રિકોણાકાર સંસદ જગ્યાનો મહત્તમ ઉપયોગ સુનિશ્ચિત કરે છે.

## એક સમૂહ તરીકે કામ કરવું

કામની સુગમતા માટે નવા અને વર્તમાન સંસદ ભવનનો એકસાથે ઉપયોગ કરવામાં આવશે. આનાથી તેનાથી સંસદની કામગીરી સારી રીતે થશે અને કાર્યક્ષમ રીતે સંચાલન થઈ શકશે.

## રોજગારીનું સર્જન થયું

નવું સંસદ ભવન સંપૂર્ણ નિર્માણ મૂલ્ય શૃંખલાના આર્થિક પુનરોદ્ધારમાં યોગદાનનું સાક્ષી બન્યું. કૌશલ્યવાન, અર્ધ-કૌશલ્યવાન અને બિન કૌશલ્યવાન કામદારો માટે તે રોજગારની તકોનું સર્જન કરનારું ભવન છે.

## ભૂકંપ સામે સુરક્ષિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર

દિલ્હી હાલમાં સિસ્મિક ઝોન-4માં છે અને સિસ્મિક ઝોન-5ને ધ્યાનમાં રાખીને ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. જ્યારે જૂની ઈમારત બનાવવામાં આવી ત્યારે દિલ્હી સિસ્મિક ઝોન-2માં હતું.

### વિશાળ સભાગૃહ

- નવી ઈમારતમાં વિશાળ સભાગૃહ બનાવવામાં આવ્યા છે.
- સંયુક્ત સત્ર માટે લોકસભા કક્ષમાં મહત્તમ 1272 બેઠકો.
- તેનો ત્રિકોણ આકાર જગ્યાનો મહત્તમ વપરાશ સુનિશ્ચિત કરે છે.



# કણ- કણમાં એક ભારત, શ્રેષ્ઠ ભારતનું દર્શન



**રાષ્ટ્રીય પક્ષી:** મૂયરની થીમ પર આધારિત લોકસભા ગૃહમાં 888 બેઠકો છે. જૂની લોકસભામાં 550 બેઠકો છે. તે કદમાં ત્રણ ગણું મોટું છે.

**રાષ્ટ્રીય ફૂલ:** કમળની થીમ આધારિત રાજ્યસભા ગૃહમાં 384 બેઠકો છે જ્યારે જૂના ગૃહમાં 250 બેઠકો છે. તેની જાળીઓ અને ફર્નિચર પર પણ રાષ્ટ્રીય ફૂલની ઝલક જોવા મળે છે.

**રાષ્ટ્રીય વૃક્ષ:** સંસદના પરિસરમાં રાષ્ટ્રીય વૃક્ષ વડ વાવવામાં આવ્યું છે.

**ત્રિકોણાકાર ડિઝાઈન:** નવા સંસદ ભવનની ડિઝાઈન ત્રિકોણાકાર છે જે ચાર માળની છે. ડિઝાઈનમાં લોકસભા, રાજ્યસભા અને એક ખુલ્લું પ્રાંગણ છે.

**સત્યમેવ જયતે:** નવા સંસદ ભવનનાં દરવાજા પર અશોક ચક્ર બનાવવામાં આવ્યું છે અને સત્યમેવ જયતે લખવામાં આવ્યું છે.

**બંધારણ કક્ષની અત્યાધુનિક ડિઝાઈન:** બંધારણ કક્ષ પ્રતીકાત્મક અને ભૌતિક રીતે ભારતીય નાગરિકોને આપણી લોકશાહીના કેન્દ્રમાં રાખે છે.

**ઓફિસ માટે અત્યંત આધુનિક જગ્યા:** આ ભવનમાં એવી ઓફિસો છે જે સુરક્ષિત, કૌશલ્યપૂર્ણ અને નવીનતમ સંચાર ટેક્નોલોજીથી સજ્જ છે.

**અત્યાધુનિક ઑડિયો:** નવી ઈમારતમાં અદ્યતન ઑડિયો-વિઝ્યુઅલ સિસ્ટમથી સજ્જ વિશાળ સમિતિ રૂમ છે.

**ઉર્જા-કાર્યદક્ષ સંસદ:** પ્લેટિનમ રેટિંગવાળી ગ્રીન બિલ્ડિંગ, આપણું નવું સંસદ ભવન પર્યાવરણીય ટકાઉક્ષમતા પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનું પ્રતીક છે.

**પુસ્તકાલયનો બહેતર અનુભવ:** પુસ્તકાલય, સંગ્રહિત સામગ્રીમાંથી માહિતી એકઠી કરવા માટે સભ્યોને કુશળતાપૂર્વક સેવા આપશે.

**ભારતીય વારસાનો એક અવતાર:** નવું સંસદ ગૃહ આપણા સાંસ્કૃતિક, પ્રાદેશિક કળા અને હસ્તકળા સહિત આધુનિક ભારતની જીવંતતા અને વિવિધતાને પ્રતિબિંબિત કરે છે.

**દિવ્યાંગ માટે અનુકૂળ:** નવા સંસદ ભવનને દિવ્યાંગો માટે અનુકૂળ બનાવવામાં આવ્યું છે. દિવ્યાંગો કોઈની મદદ વગર, અડચણ વગર અહીં હરી-ફરી શકશે.

**સેન્ટ્રલ લૉન્જ:** ખુલ્લા આંગણાને પૂરક બનાવવા માટે સેન્ટ્રલ લૉન્જ બનાવવામાં આવી છે. તે સભ્યો માટે એકબીજા સાથે ચર્ચા કરવાની જગ્યા તરીકે કામ કરશે.

**લાકડાના માળખાનો ઉપયોગ:** નવા સંસદ ભવનમાં પરંપરાગત ડિઝાઈનો અને તત્વોને સામેલ કરીને આંતરિક અને બાહ્ય સુશોભનના નિર્માણ માટે લાકડાના માળખાનો વ્યાપક ઉપયોગ કરવામાં આવ્યો છે.

**નાગપુરનું લાકડું:** મહારાષ્ટ્રના મુંબઈના કારીગરો અને શિલ્પીઓ લાકડાની ડિઝાઈન તૈયાર કરી છે. આ સાગના લાકડામાંથી બંને ગૃહમાં અશોક ચક્ર બનાવવામાં આવ્યા છે.

**ગુજરાતનો માર્બલ:** ગુજરાતનો સફેદ માર્બલ લગાવવામાં આવ્યો છે, જ્યારે રાજસ્થાનનું અદ્ભુત સ્ટોન વર્ક કરવામાં આવ્યું છે. ત્રિપુરાના વાંસના લાકડાનું ફ્લોરિંગ કર્યું છે. લાકડાની જટિલ ડિઝાઈનોએ નવા સંસદ ભવનની ભવ્યતા અને દિવ્યતામાં ઉમેરો કર્યો છે. આ ઈમારત તમામ વર્ગો અને પ્રાંતોએ મળીને બનાવી છે.

### ભદોહીનો ગાલીચો

- નવા સંસદ ભવનમાં ઉત્તર પ્રદેશના ભદોહીથી હાથથી વણાયેલા ગાલીચા લગાવવામાં આવ્યા છે. ભદોહી તેના સુંદર હાથથી વણાયેલા ગાલીચાઓ માટે લોકપ્રિય છે, જેનાથી તેને 'કાર્પેટ સિટી'નું નામ મળ્યું છે.
- ‘નોટ-બાય-નોટ’ ટેકનોલોજી માટે જાણીતી, જેમ જેમ કારીગરો તેમની આંગળીઓનો ઉપયોગ કરીને જટિલ ગાંઠો બનાવતા જાય તેમ ડિઝાઈનની સુંદરતા આવતી જાય છે. ‘નોટ-બાય-નોટ’ ગાલીચા બનાવવાની આ પરંપરાગત અને પ્રખ્યાત હસ્તકળાથી નવા ભવનની ભવ્યતામાં વધારો થયો છે.
- ભદોહીની અનોખી કારીગરી ટેકનિકને વેગ મળશે અને કારીગરો માટે આજીવિકાની ભવિષ્યની તકો વધશે.

## નવા સંસદ ભવનમાં જળ, સ્થળ અને નભને સમર્પિત 6 દ્વાર

ભારતીયતાથી ભરેલા આ નવા ચાર માળના સંસદ ભવનમાં 6 પ્રવેશદ્વાર છે જે ભારતીય સભ્યતાના મૈત્રીપૂર્ણ સ્વભાવ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે. આ પ્રવેશદ્વારોની બહાર નામ દર્શાવતી પ્રતિમા પણ મૂકવામાં આવી છે.

- મકર દ્વાર અને હંસ દ્વાર એટલે જળને વંદન.
- શાર્દુલ દ્વાર અને ગરુડ દ્વાર એટલે કે નભ (આકાશ)ને વંદન.
- અશ્વ દ્વાર અને ગજ દ્વાર એટલે કે સ્થળ (ભૂમિ)ને વંદન.


## ભારતીય લોકશાહીની ભૂતકાળથી વર્તમાન સુધીની સફરનો અનુભવ

આ ભવનનું કેન્દ્ર દરેક ભારતીયને સમર્પિત છે. અહીં બંધારણ કક્ષ છે. જ્યાં તેઓ ભારતમાં લોકશાહીની ભૂતકાળથી વર્તમાન સુધીની સફરનો અનુભવ કરી શકે છે. ભારતના બંધારણની ડિજિટલ નકલ પણ અહીં રાખવામાં આવી છે. ઈમારતના કેન્દ્રમાં, ઉપરની ત્રિકોણાકાર છતમાંથી, સૂર્યના કિરણો બ્રહ્માંડનું ભ્રમણ કરીને લોલક ઘડિયાળ પર પડે છે. આ કિરણો વડને સૂર્યસ્નાન કરાવે છે. સભ્યો માટે બનાવેલો ખંડ પુસ્તકાલય અને ડાઈનિંગ રૂમમાં ફેલાયેલો છે. આત્મનિર્ભર ભારતના પ્રતીક એવા આ ભવનના નિર્માણમાં ભારતના દરેક હિસ્સાએ પોતાની ભાગીદારી નિભાવી છે.

> "સંસદની નવી ઈમારત એ હકીકતનું જીવંત પ્રતીક છે કે 21મી સદીનું નવું ભારત ગુલામીની વિચારસરણીને પાછળ છોડીને તેના પ્રાચીન ગૌરવ અને વૈભવ ઝડપથી પાછું મેળવી રહ્યું છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

## ન્યાય અને નિષ્પક્ષ








# શાસનનો સંકલ્પ







## આપણા વારસા અને આધુનિકતાને જોડતું નવું સંસદ ભવન

- લોકશાહીના નવા મંદિરના શિલ્પી ડૉ. વિમલ પટેલને પદ્મશ્રી, વર્લ્ડ આર્કિટેક્ટ એવોર્ડ, પ્રાઈમ મિનિસ્ટર એવોર્ડ ફોર એક્સલન્સી પુરસ્કાર મળ્યો છે પરંતુ નવા સંસદ ભવનને ડિઝાઈન કરવાની તક મળી તેને જ તેઓ સૌથી મોટો પુરસ્કાર માને છે.
- નવા સંસદ ભવનનું નિર્માણ કાર્ય અઢી વર્ષ કરતાં ઓછા સમયમાં લગભગ 60 હજાર મજૂરો દ્વારા 23 લાખથી વધુ માનવ દિવસના રોજગાર દ્વારા પૂરું કરવામાં આવ્યું છે.
- લોકસભા અને રાજ્યસભામાં જનતાના સ્વાગત માટે વિશાળ પ્રેક્ષક ગેલેરી બનાવવામાં આવી છે.
- ઈકો ફ્રેન્ડલી હોવાની સાથે સાથે આ ઈમારત ભૂકંપ પ્રતિરોધક પણ છે. અહીં 1700થી વધુ દરવાજા અને બારીઓ છે.
- ઈમારતનો કોરિડોર સાડા ત્રણ કિલોમીટર લાંબો છે. આ ઈમારત વિકાસ અને વારસાનો અદ્ભુત સંગમ છે.
- એક તરફ સુરક્ષા અને સુવિધા માટે સ્માર્ટ ફીચર્સ અને સ્માર્ટ એક્સેસની વ્યવસ્થા છે. તો બીજી બાજુ, ભારતની પ્રાચીન કળાઓનો પણ અદ્ભુત સમન્વય છે.
- લગભગ 500 લોકો નવી સંસદ ભવનનાં વિવિધ પાસાઓને ડિઝાઈન કરવામાં અને જરૂરિયાતોને પહોંચી વળવા માટે તેને એક ખાસ જગ્યા બનાવવામાં સામેલ થયા હતા.
- અત્યાધુનિક ડિજિટલ ઉપકરણોમાં સભ્યો માટે બાયોમેટ્રિક્સની સુવિધા પણ છે. મતદાનના પરિણામો અને ગૃહની કાર્યવાહીના પ્રસારણ માટે એક વિશાળ મલ્ટીમીડિયા ડિસ્પ્લે રાખ્યું છે.
- ઓટોમેટિક કૅમેરા કંટ્રોલ અને કમાન્ડ સેન્ટર પણ બનાવવામાં આવ્યા છે. નવું સ્માર્ટ સંસદ ભવન સંપૂર્ણપણે પેપરલેસ છે.
- નવી ઈમારતના સમગ્ર આર્કિટેક્ચરમાં ભારતીય ચિહ્નોનો સમાવેશ કરવા માટે ત્રણ ગેલેરીઓ બનાવવામાં આવી છે. સંગીત ગેલેરીમાં ભારતના નૃત્ય, ગીત અને સંગીતની પરંપરાઓ, સ્થાપત્ય ગેલેરીમાં ભારતીય સ્થાપત્ય વારસો અને શિલ્પ ગેલેરીમાં રાજ્યોની વિશિષ્ટ હસ્તકળા પરંપરાઓ પ્રદર્શિત કરવામાં આવી છે.
- નવા ભવનના નિર્માણ માટે એક પણ વૃક્ષ કાપવામાં આવ્યું નથી, તમામ વૃક્ષો અહીંથી ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.
- રાષ્ટ્રીય વૃક્ષ વડની થીમ પર બનેલા કોર્ટયાર્ડમાં વડના એક વૃક્ષને ટ્રાન્સપ્લાન્ટ કરવાની સાથે જ અહીંની દરેક જાળીમાં અલગ અલગ વિસ્તારોમાં ઉગતા વૃક્ષોની કોતરણી કરવામાં આવી છે.

## નિર્માણની દરેક ક્ષણ પર પ્રધાનમંત્રી મોદીની નજર

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે કે, "હું મારા જીવનમાં એ ક્ષણ ક્યારેય ભૂલી શકું તેમ નથી જ્યારે મને 2014માં સાંસદ તરીકે પહેલીવાર સંસદભવનની મુલાકાત લેવાની તક મળી. ત્યારે લોકશાહીના આ મંદિરમાં પગ મૂકતાં પહેલાં મેં આ લોકશાહીના મંદિરમાં શિશ ઝુકાવીને વંદન કર્યા હતા." તેમના આ શબ્દોમાં લોકશાહીના મંદિર પ્રત્યેની તેમની શ્રદ્ધા સ્પષ્ટપણે પ્રતિબિંબિત થાય છે. આવી સ્થિતિમાં જ્યારે આઝાદ ભારતને પોતે જ બનાવેલું લોકશાહીનું મંદિર મળ્યું ત્યારે તેમનો ઉત્સાહ સ્વાભાવિક રીતે જોવા મળ્યો છે. પ્રધાનમંત્રી મોદી નવા સંસદ ભવનની રૂપરેખાથી લઈને શિલાન્યાસ, બાંધકામ, આધુનિક સજાવટ વગેરે દરેક નાનામાં નાની બાબતો પર ધ્યાન આપ્યું છે. પોતાની વ્યસ્ત કાર્યશૈલીમાં પણ તેમણે પોતે બાંધકામ સ્થળની મુલાકાત લીધી અને શ્રમિકોનો ઉત્સાહ વધાર્યો, તેમજ તેમના સન્માનમાં નવી સંસદમાં અનેક નવી પહેલ પણ કરવામાં આવી છે. 26 સપ્ટેમ્બર 2021ના રોજ વિદેશ પ્રવાસ પરથી પરત ફરેલા પ્રધાનમંત્રી મોદીએ મોડી સાંજે સંસદ ભવનનાં નિર્માણ સ્થળની ઓચિંતી મુલાકાત લીધી હતી અને એક કલાકથી વધુ સમય આપીને બાંધકામની સમીક્ષા કરી હતી, જેથી સમયસર કામ પૂરું થઈ શકે. તેમણે શ્રમિકો સાથે વાતચીત કરી હતી અને તેમની સ્થિતિ વિશે પણ પૂછપરછ કરી હતી. બાંધકામમાં જોડાયેલા તમામ કામદારો માટે ડિજિટલ સંગ્રહાલય બનાવવાની સૂચના



## જૂની સંસદનો ઈતિહાસ

- ભારતીય લોકશાહી પ્રણાલીની તાકાત આપણી સંસદમાં પ્રગટ થાય છે, જેણે બ્રિટિશ શાસનથી માંડીને ભારતીય સ્વતંત્રતા સંગ્રામ સુધી બધુ જ જોયું અને ઘણા ઐતિહાસિક પડાવની સાક્ષી રહી છે.
- જૂના સંસદ ભવનની ડિઝાઈન, શિલાન્યાસ અને ઉદ્ઘાટન બધું જ તે સમયના બ્રિટિશ શાસન સાથે સંકળાયેલા આર્કિટેક્ટ અને અધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.
- હાલના ભવને સ્વતંત્ર ભારતની પ્રથમ સંસદ તરીકે કામ કાર્યું છે અને ભારતનું બંધારણ અપનાવ્યું છે. આ પ્રકારે, સંસદ ભવનના સમૃદ્ધ વારસાનું સંરક્ષણ અને નવીનીકરણ કરવામાં આવે એ રાષ્ટ્રીય મહત્વની બાબત છે.
- ભારતની લોકશાહીની ભાવનાનું પ્રતીક, સંસદ ભવનના સેન્ટ્રલ વિસ્ટાના કેન્દ્રમાં આવેલું છે. બ્રિટિશ આર્કિટેક્ટ સર એડવિન લ્યુટિયન્સ અને હર્બર્ટ બેકર દ્વારા ડિઝાઈન કરવામાં આવેલી ભારતના જૂના સંસદ ભવનની ઈમારત, બ્રિટિશ શાસનના યુગની ઈમારત છે જેના નિર્માણમાં છ વર્ષ (1921-1927) લાગ્યા હતા.
- મૂળરૂપે "હાઉસ ઓફ પાર્લામેન્ટ" તરીકે ઓળખાતી આ ઈમારતમાં બ્રિટિશ સરકારની વિધાન પરિષદ કામ કરતી હતી.
- વધુ જગ્યાની માંગને પહોંચી વળવા માટે, વર્ષ 1956માં સંસદ ભવનમાં વધુ બે માળનો ઉમેરો કરવામાં આવ્યો હતો.
- ભારતના સમૃદ્ધ લોકશાહી વારસાના 2,500 વર્ષને પ્રદર્શિત કરવા માટે વર્ષ 2006માં સંસદ સંગ્રહાલયને ઉમેરવામાં આવ્યું હતું.
- સંસદ ભવન વિશ્વની સૌથી મોટી લોકશાહીમાં 'રાષ્ટ્રીય ચર્ચાના મંદિર' તરીકે સેવા આપે છે. સંસદના બંને ગૃહો આઝાદીના સમયથી દેશના સામાજિક-આર્થિક વિકાસને ટેકો આપી રહેલા સ્તંભો છે.



આજનો દિવસ આપણા સૌ દેશવાસીઓ માટે અવિસ્મરણીય દિવસ છે. સંસદની નવી ઈમારત આપણા બધાને ગૌરવ અને આશાઓથી ભરી દેનારી છે. મને પૂરો વિશ્વાસ છે કે, આ દિવ્ય અને ભવ્ય ઈમારત દરેક લોકોના સશક્તિકરણની સાથે સાથે રાષ્ટ્રની સમૃદ્ધિ અને સામર્થ્યને નવી ગતિ અને શક્તિ પૂરી પાડશે.

- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી





પ્રધાનમંત્રીએ આપી હતી, જેમાં શ્રમિકોના નામ, સ્થળનું નામ, તસવીર અને વ્યક્તિગત વિગતો સામેલ કરવાનું કહ્યું હતું. તેનો ઉદ્દેશ્ય બાંધકામ કાર્યમાં તેમના યોગદાનને ઓળખ અપાવવાનો હતો. તમામ શ્રમિકોએ આ પ્રયાસમાં નિભાવેલી તેમની ભૂમિકા અને ભાગીદારી સંબંધે તેમને એક પ્રમાણપત્ર આપવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો. સંસદ ભવનના નિર્માણના છેલ્લા તબક્કામાં પણ પ્રધાનમંત્રી મોદીએ 30 માર્ચ, 2023ના રોજ મુલાકાત લીધી હતી. દરેક નાનામાં નાની બાબતોનું નિરીક્ષણ કરીને તેમણે યોગ્ય સૂચનાઓ પણ આપી હતી. પ્રધાનમંત્રી મોદીએ શ્રમિકોની સાથે સંવાદ કરીને તેમને સતત પ્રોત્સાહિત કર્યા હતા.

નવા સંસદ ભવનનું નિર્માણ અત્યંત પડકારજનક હતું. સંસદના કામકાજમાં અવરોધ ન પડે તેવી રીતે જૂના સંસદ ભવનની નજીકમાં જ નવા સંસદ ભવનનું નિર્માણ કરવું સહેલું નહોતું, કારણ કે જૂની સંસદને હેરિટેજ તરીકે જાળવી રાખવાનો પડકાર પણ હતો.

### નૂતન-પુરાતનના સહઅસ્તિત્વનું ઉદાહરણ

વર્તમાન સંસદ ભવને સ્વતંત્રતાની ચળવળ અને સ્વતંત્ર ભારતના નિર્માણમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી છે. સ્વતંત્ર ભારતની પ્રથમ સરકારની રચના પણ અહીં જ થઈ હતી અને પહેલી સંસદ પણ અહીં જ બેઠી હતી. આ સંસદ ભવનમાં બંધારણ ઘડવામાં આવ્યું હતું, લોકશાહી પુનઃસ્થાપિત થઈ હતી.

બાબા સાહેબ આંબેડકર અને અન્ય વરિષ્ઠોએ સંસદના સેન્ટ્રલ હોલમાં ગહન મંથન બાદ દેશને બંધારણ આપ્યું હતું. સંસદની વર્તમાન ઈમારત સ્વતંત્ર ભારતના દરેક ઉતાર-ચઢાવ, દરેક પડકાર, ઉકેલ, આશા, આકાંક્ષા અને સફળતાનું પ્રતીક છે. આ ભવનમાં બનેલો દરેક કાયદો, આ કાયદાઓ ઘડતી વખતે સંસદ ભવનમાં કરવામાં આવેલી ઘણી ઊંડી વાતો, આ બધું જ આપણી લોકશાહીનો વારસો છે.

પરંતુ સંસદના શક્તિશાળી ઈતિહાસની સાથે સાથે વાસ્તવિકતાને સ્વીકારવી પણ એટલી જ જરૂરી છે. આ ઈમારત હવે લગભગ સો વર્ષ જૂની ગઈ છે. વિતેલા કેટલાક દાયકાઓમાં, સમયની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તેને સતત અપગ્રેડ કરવામાં આવી હતી. આ પ્રક્રિયામાં માત્ર એક જ વાર દિવાલોને તોડવામાં આવી હતી. ક્યારેક નવી સાઉન્ડ સિસ્ટમ, ક્યારેક ફાયર સેફ્ટી સિસ્ટમ, ક્યારેક આઈટી સિસ્ટમ. લોકસભામાં બેઠક વિસ્તાર વધારવા માટે દિવાલો પણ દૂર કરવામાં આવી છે. આ બધું કર્યા પછી સંસદનું આ ભવન હવે વિશ્રામ માંગી રહ્યું હતું. નવા સંસદ ભવનની જરૂરિયાત વર્ષોથી અનુભવાઈ રહી હતી. આવી સ્થિતિમાં, દરેકની જવાબદારી હતી કે 21મી સદીના ભારતને હવે નવું સંસદ ભવન મળવું જોઈએ. આ દિશામાં આત્મનિર્ભર ભારતના ઈતિહાસમાં 28 મે, 2023ની તારીખ સુવર્ણ અક્ષરોએ અંકિત થઈ ગઈ છે. નવું ભારત નવા સંસદ ભવનને આકાર લેતા જોઈ રહ્યું છે, ત્યારે વર્તમાન સંસદ ભવન પરિસર તેની આવરદામાં નવા વર્ષો ઉમેરી રહ્યું છે.

જૂના સંસદ ભવને આઝાદી પછીના ભારતને દિશા આપે છે તો નવું ભવન આત્મનિર્ભર ભારતના નિર્માણનું સાક્ષી બનશે. જૂના સંસદ ભવનમાં દેશની જરૂરિયાતોને પહોંચી વળવાનું કામ કરવામાં આવ્યું છે, તો નવી ઈમારતમાં 21મી સદીની ભારતની આકાંક્ષાઓ પૂરી કરવામાં આવશે. આજે ઈન્ડિયા ગેટની સામે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકે એક રાષ્ટ્રીય ઓળખ ઉભી કરી છે, તેવી જ રીતે સંસદની નવી ઈમારત પણ તેની ઓળખ ઉભી કરશે. દેશના લોકો, આવનારી પેઢીઓ નવા ભવનને જોઈને ગૌરવ અનુભવશે કે, આ ભવનનું નિર્માણ સ્વતંત્ર ભારતમાં થયું છે, આઝાદીના 75 વર્ષનું સ્મરણ કરીને તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### લોકશાહીની જનેતા ભારત

સામાન્ય રીતે જ્યારે અન્ય જગ્યાએ લોકશાહીની ચર્ચા થાય ત્યારે મોટાભાગે ચૂંટણી, ચૂંટણી પ્રક્રિયા, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, તેમનું માળખું, શાસન-પ્રશાસન, લોકશાહીની વ્યાખ્યા આ બધી બાબતોની આસપાસ ચર્ચા થાય છે. આ પ્રકારની વ્યવસ્થા પર વધુ ભાર આપવામાં આવે તેને જ મોટાભાગે લોકશાહી કહેવામાં આવે છે, પરંતુ ભારતમાં લોકશાહી એક સંસ્કાર છે. ભારત માટે લોકશાહી એ જીવનનું મૂલ્ય છે, તે જીવન જીવવાની રીત છે, તે

## સંસદ ભવનની છત પર અશોક સ્તંભ

- 11 જુલાઈ 2022ના રોજ સંસદ ભવનની છત પરના રાષ્ટ્રીય પ્રતીકનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ અવસરે પ્રધાનમંત્રી મોદીએ નવી સંસદના નિર્માણમાં જોડાયેલા શ્રમિકો સાથે પણ વાતચીત કરી હતી.
- રાષ્ટ્રીય પ્રતીક કાંસામાંથી બનેલું છે અને તેનું વજન 9,500 કિલો છે.
- તેની ઊંચાઈ 6.5 મીટર છે.
- પ્રતીકને સમર્થન આપવા માટે લગભગ 6,500 કિલો વજનનું સ્ટીલનું સહાયક માળખું પણ બનાવવામાં આવ્યું છે.
- તેને નવા સંસદ ભવનના સેન્ટ્રલ હોલની ટોચ પર રાખ્યું છે.
- નવા સંસદ ભવનની છત પર રાષ્ટ્રીય પ્રતીકના નિર્માણ માટે પરિકલ્પનાનું રેખાચિત્ર અને પ્રક્રિયા આઠ જુદા જુદા તબક્કામાંથી પસાર થઈ હતી જેમાં માટીનું મોડલ/કોમ્પ્યૂટર ગ્રાફિક્સથી લઈને કાંસામાં ઢાળવા અને પોલિશિંગ સુધીના તબક્કા સામેલ છે.



## નવી સંસદમાં ન્યાય અને નિષ્પક્ષતા પ્રતીક 'સેંગોલ' સ્થાપિત કરવામાં આવ્યો

અંગ્રેજો ભારતમાં સત્તાનું સ્થાનાંતરણ કેવી રીતે કરવું તેની પ્રક્રિયા અંગે ચર્ચા કરી રહ્યા હતા. લોર્ડ માઉન્ટબેટન ભારતીય પરંપરાથી માહિતગાર ન હતા, તેથી તેમણે પંડિત જવાહરલાલ નેહરુને પૂછ્યું કે સત્તા સોંપવાની પ્રક્રિયા શું હોવી જોઈએ? આ અંગે નેહરુ અસમંજસમાં મૂકાઈ ગયા, તેમણે થોડો સમય માંગ્યો. આ પછી નહેરુએ સી. રાજગોપાલાચારી સાથે આ અંગે ચર્ચા કરી. રાજગોપાલાચારી- 'રાજાજી' એ ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યો અને સેંગોલની પ્રક્રિયાને ચિહ્નિત કરી. આપણે ત્યાં સેંગોલ દ્વારા સત્તાનું હસ્તાંતરણ ચિહ્નિત કરવામાં આવ્યું છે. સેંગોલ એ 8મી સદીના ચોલ સામ્રાજ્યથી ચાલી આવતી સાંસ્કૃતિક પ્રથા છે. જો કે, દેશના મોટાભાગના લોકોને તેના વિશે કોઈ જાણકારી નથી.

દેશના ગૃહમંત્રી અમિત શાહે કહ્યું હતું કે, જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સેંગોલ અને તેના મહત્વ વિશે ખબર પડી તો તેમણે તેની સંપૂર્ણ તપાસ કરાવી. આ પછી નિર્ણય લેવામાં આવ્યો કે તેને દેશની સમક્ષ મૂકવામાં આવે. સેંગોલની સ્થાપના માટે સંસદ ભવન સિવાય બીજું કોઈ યોગ્ય અને પવિત્ર સ્થળ ન હોઈ શકે. તેથી, જે દિવસે નવું સંસદ ભવન રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતું, તે દિવસે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમિલનાડુના આદિનમ (મઠ)માંથી સેંગોલ ગ્રહણ કર્યો અને તેને લોકસભાના અધ્યક્ષની બેઠક પાસે સ્થાપિત કર્યો હતો. આદિનમના સંતોના આશીર્વાદ દરમિયાન પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "સેંગોલને તે ઓળખ અને દરજ્જો મળી રહ્યો છે જેના માટે તે પાત્રતા ધરાવે છે. આ આપણને કર્તવ્ય પથ પર ચાલવાનું યાદ અપાવશે. લોકશાહીના મંદિરમાં તેને યોગ્ય સ્થાન મળી રહ્યું છે."

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 28 મે, 2023ના રોજ નવા સંસદ ભવનના ઉદ્ઘાટનની સાથે જ, ન્યાય અને નિષ્પક્ષતાની ભાવનાના પ્રતીક એવા પવિત્ર 'સેંગોલ'ને પણ સંસદમાં સ્થાપિત કર્યો હતો.
- સત્તાના હસ્તાંતરણનું પ્રતીક સેંગોલ (રાજદંડ) લોકસભાના અધ્યક્ષના આસનની પાસે વૈદિક મંત્રોચ્ચાર સાથે લગાવવામાં આવ્યો છે.
- 14 ઓગસ્ટ, 1947ની રાત્રે, પંડિત જવાહરલાલ નેહરુએ તમિલનાડુના થિરુવદુથુરાઈ આદિનમ (મઠ)માંથી ખાસ પધારેલા આદિનમો (પુરોહિતો) પાસેથી સરકારને સત્તા સોંપવાના પ્રતીક તરીકે 'સેંગોલ' ગ્રહણ કર્યો હતો.
- 'સેંગોલ' શબ્દ તમિલ શબ્દ 'સેમ્મઈ' પરથી આવ્યો છે, જેનો અર્થ 'નૈતિકતા' થાય છે. 'ન્યાય'ના પ્રક્ષેક રૂપમાં, પોતાની અટલ દૃષ્ટિ સાથે જોઈને, હાથથી કોતરવામાં આવેલો નંદી તેની ટોચ પર બિરાજમાન છે.
- જે વ્યક્તિ 'સેંગોલ' ગ્રહણ કરે છે તેને ન્યાયપૂર્ણ અને નિષ્પક્ષ શાસન કરવા માટે 'આદેશ' (તમિલમાં 'આણઈ') આપવામાં આવે છે.
- મહાન ચોલ સામ્રાજ્યમાં, સેંગોલને કર્તવ્યપથ, સેવાપથ, રાષ્ટ્રપથનું પ્રતીક માનવામાં આવતો હતો.
- આ પવિત્ર સમારંભમાં 96 વર્ષીય વુમ્મિડી બંગારુ ચેટ્ટી પણ હાજર રહ્યા હતા જેઓ 'સેંગોલ'ના નિર્માણ સાથે જોડાયેલા છે.
- કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે 24 મેના રોજ રાષ્ટ્રીય મીડિયા કેન્દ્રમાં 'સેંગોલ' સંબંધિત વેબસાઈટ પણ લોન્ચ કરી હતી.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પહેલીવાર ચૂંટાયા બાદ સંસદમાં પહોંચ્યા હતા ત્યારે સંસદમાં પ્રવેશતા પહેલાં તેમણે સાષ્ટાંગ પ્રણામ કર્યા હતા.



શક્તિ અને ન્યાયનો સાષ્ટાંગ!

# નવી સંસદ વિકલ્પ નહીં, પણ જરૂરિયાત બની ગઈ હતી

- સંસદ ભવનનું નિર્માણ વર્ષ 1921માં શરૂ કરવામાં આવ્યું હતું અને વર્ષ 1927માં તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો હતો. તે લગભગ 100 વર્ષ જૂની હેરિટેજ ગ્રેડ-1 ઈમારત છે.
- વિતેલા વર્ષોમાં, સંસદીય કાર્યો અને તેમાં કામ કરનારા લોકો અને મુલાકાતીઓની સંખ્યામાં અનેકગણો વધારો થયો છે. સંસદ ભવનની મૂળ ડિઝાઈનનો કોઈ રેકોર્ડ કે દસ્તાવેજ નથી. તેથી, નવા બાંધકામો અને ફેરફારો કામચલાઉ રીતે કરવામાં આવ્યા છે.
- ઉદાહરણ તરીકે, ઈમારતના બાહ્ય ગોળાકાર ભાગ પર 1956માં બાંધવામાં આવેલા બે નવા માળના કારણે સેન્ટ્રલ હોલનો ગુંબજ છુપાઈ ગયો હતો, અને આનાથી મૂળ ઈમારતના અગ્રભાગનું પરિદૃશ્ય બદલાઈ ગયું હતું.
- જાળીની બારીઓને ઢાંકી દેવામાં આવી હોવાથી સંસદના બંને ગૃહોના ખંડમાં કુદરતી પ્રકાશ ઓછો થઈ ગયો હતો.
- તે વધુ પડતા દબાણ અને વધુ પડતા ઉપયોગના સંકેતો આપી રહ્યું હતું. સ્થાન, સુવિધાઓ અને ટેકનોલોજી જેવી હાલની જરૂરિયાતોને પહોંચી વળવા માટે આ ઈમારત સમર્થ નહોતી.
- સાંસદો માટે બેઠકની જગ્યા સાંકડી હતી અને વર્તમાન ઈમારતને ક્યારેય સંપૂર્ણ લોકશાહી માટે દ્વિગૃહ ધારાસભાને સમાવવા માટે ડિઝાઈન કરવામાં આવી ન હતી.
- 1971ની વસ્તી ગણતરીના આધારે કરવામાં આવેલા સીમાંકનના આધારે નક્કી કરવામાં આવેલી લોકસભા બેઠકોની સંખ્યા 545 પર યથાવત રહી છે.
- મતલબ કે, હાલમાં સંસદના દરેક સભ્ય સરેરાશ 25 લાખ નાગરિકોનું પ્રતિનિધિત્વ કરે છે. આ સંખ્યા, આઝાદીના સમયે લગભગ 5 લાખ વસ્તીના આંકડાની તુલનાએ અને વિશ્વના અન્ય લોકશાહી દેશોની સરખામણીમાં ઘણી વધારે છે અને ભારતની વધતી જતી વસ્તી સાથે તેમાં પણ વધારો થશે.
- બેસવાની વ્યવસ્થા સાંકડી હોવાથી, બીજી હરોળથી આગળ કોઈ ડેસ્ક નથી. સેન્ટ્રલ હોલમાં માત્ર 440 વ્યક્તિઓની બેઠક ક્ષમતા છે.
- જ્યારે સંયુક્ત સત્રો હોય ત્યારે મર્યાદિત બેઠકોની સમસ્યા વધુ વિકટ થયા છે. આવનજાવન માટે મર્યાદિત જગ્યા હોવાને કારણે સુરક્ષા માટે પણ તેનાથી મોટુ જોખમ થતું હતું.
- સાંકડા મૂળભૂત માળખા અને પાણી પુરવઠાની લાઈનો, ગટર લાઈનો, એર કન્ડિશનિંગ, ફાયર ફાઈટિંગ, સીસીટીવી, ઑડિયો વીડિયો સિસ્ટમ જેવી સેવાઓ, જેનું આયોજન મૂળરૂપે નહોતું કરવામાં આવ્યું તે બધુ જ ઉપલબ્ધ કરાવવાના કારણે ભેજ આવી ગયો હતો અને તેના કારણે ઈમારતની એકંદર સુંદરતા બગડી ગઈ હતી.
- અગ્નિ સુરક્ષા એ મુખ્ય ચિંતાનો વિષય છે કારણ કે ઈમારત વર્તમાન આગના ધોરણો મુજબ ડિઝાઈન કરવામાં આવી ન હતી. કેટલાક નવા ઈલેક્ટ્રીકલ કેબલ લગાવવામાં આવ્યા છે જે સંભવિત આગનું જોખમ છે.
- સંસદ ભવનમાં કોમ્યુનિકેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજી જુના જમાનાની છે. બધા હોલના અવાજમાં મોટા સુધારાની જરૂર હતી.
- આ ઈમારતની માળખાકીય સલામતી ચિંતાનો વિષય છે. વર્તમાન સંસદ ભવન જ્યારે દિલ્હી સિસ્મિક ઝોન-II માં હતું ત્યારે બનાવવામાં આવ્યું હતું, હાલમાં તે સિસ્મિક ઝોન-IVમાં છે.
- કર્મચારીઓને કામ કરવા માટે અપૂરતી જગ્યા હતી. કામ કરવા માટે જેમ જેમ જગ્યાની માંગ વધતી ગઈ તેમ, આંતરિક સેવા કોરિડોર ઓફિસમાં રૂપાંતરિત થતા ગયા હતા, પરિણામે કામ કરવા માટે નબળી ગુણવત્તાવાળી અને સાંકડી જગ્યા થઈ ગઈ.
- જગ્યાની સતત વધતી જતી માંગને સમાવવા માટે, હાલના કાર્યક્ષેત્રમાં પેટાવિભાગો બનાવવામાં આવ્યા હતા, જેના કારણે ઓફિસની જગ્યામાં ભીડ વધવા લાગી.
- લોકસભાના અધ્યક્ષો એટલે કે મીરા કુમારે તેમના 13 જુલાઈ, 2012ના રોજ, સુમિત્રા મહાજને 9 ડિસેમ્બર, 2015ના રોજ અને ઓમ બિરલાએ 2 ઓગસ્ટ, 2019ના રોજ પત્ર લખીને સરકારને સંસદની નવી ઈમારત બનાવવાની વિનંતી કરી હતી.



## શ્રમિકો માટે ખાસ ગેલેરી

નવા સંસદ ભવનનું નિર્માણ કરનારા શ્રમિકોના શ્રમને સમર્પિત ડિજિટલ ગેલેરી બનાવવામાં આવી છે. આ ગેલેરી આવનારી પેઢીઓને એ પણ યાદ અપાવશે કે એક તરફ લોકશાહીના પાયામાં બંધારણ છે તો બીજી તરફ શ્રમિકોનું યોગદાન પણ છે. આ પ્રેરણા શ્રમથી સફળતાનો માર્ગ મોકળો કરશે. આવું વિશ્વમાં કદાચ પહેલીવાર બન્યું હશે.

## શ્રમિકોને પ્રમાણપત્ર

નિર્માણના કાર્યમાં જોડાયેલા તમામ શ્રમિકો માટે પ્રધાનમંત્રી મોદીએ 26 સપ્ટેમ્બર 2021ના રોજ ડિજિટલ સંગ્રહાલય બનાવવા માટે સૂચના આપી હતી, જેમાં શ્રમિકોના નામ, સ્થળનું નામ, તસવીરો અને વ્યક્તિગત વિગતો સામેલ હશે. આનો હેતુ બાંધકામના કાર્યમાં તેમના યોગદાનને બિરદાવવાનો છે. તમામ શ્રમિકોને તેમની ભૂમિકા અને આ પ્રયાસમાં ભાગીદારી અંગેનું પ્રમાણપત્ર આપવાનો પણ નિર્દેશ આપવામાં આવ્યો છે.



રાષ્ટ્રીય જીવનનો આત્મા છે. ભારતની લોકશાહી સદીઓના અનુભવ દ્વારા વિકસિત થયેલી વ્યવસ્થા છે. ભારત માટે લોકશાહીમાં, જીવન મંત્ર તેમજ જીવન તત્વ છે અને સાથે જ વ્યવસ્થાતંત્ર પણ છે. સમયાંતરે આમાં વ્યવસ્થા બદલાતી રહી, કાર્યપદ્ધતિઓ બદલાતી રહી, પરંતુ લોકશાહીની ભાવના એ જ રહી. જ્યારે આપણે આપણા લોકતાંત્રિક ઈતિહાસનો મહિમા આત્મવિશ્વાસ સાથે ગાઈએ છીએ ત્યારે અનુભવાય છે કે ભારત લોકશાહીની જનેતા છે. ભારતની લોકશાહીમાં સમાયેલી શક્તિ જ દેશના વિકાસને નવી ઉર્જા આપી રહી છે, દેશવાસીઓને નવો આત્મવિશ્વાસ આપી રહી છે. વિશ્વના ઘણા દેશોમાં જ્યાં લોકશાહીની પ્રક્રિયાઓના સંદર્ભમાં એક અલગ પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે, ત્યાં ભારતમાં લોકશાહીમાં રોજેરોજ કંઈક નવીન થઈ રહ્યું છે. તાજેતરના વર્ષોમાં, આપણે જોયું છે કે ઘણા લોકશાહી દેશોમાં મતદારોનું મતદાન સતત ઘટી રહ્યું છે. તેનાથી વિપરિત, ભારતમાં આપણે જોઈ રહ્યા છીએ કે દરેક ચૂંટણી સાથે મતદાતાઓની સંખ્યા વધી રહી છે. આમાં પણ મહિલાઓ અને યુવાનોની ભાગીદારી સતત વધી રહી છે. ભારતમાં લોકશાહી હંમેશા સુશાસનની સાથે મતભેદો અને વિરોધાભાસોને ઉકેલવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ પણ રહી છે. અલગ અલગ વિચારો, દૃષ્ટિકોણ, આ બધું જીવંત લોકશાહીને મજબૂત બનાવે છે. ભારતની લોકશાહી એવા ધ્યેય સાથે આગળ વધી છે કે મતભેદ ક્યારેય મનભેદ ન થવો જોઈએ.

### રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે દરેક નિર્ણય

ગુરુ નાનક દેવે પણ કહ્યું છે કે – જબ લગુ દુનિઆ રહીએ નાનક. કિછુ સુનિએ, કિછુ કહીએ. એટલે કે જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી સંવાદ ચાલતો રહેવો જોઈએ. કંઈક કહેવું અને કંઈક સાંભળવું, આ જ સંવાદનો પ્રાણ છે. આ જ લોકશાહીનો આત્મા છે. નીતિઓમાં અંતર હોઈ શકે છે, રાજનીતિમાં તફાવત હોઈ શકે છે પરંતુ આપણે અહીં લોકસેવા માટે છીએ, આ અંતિમ લક્ષ્યમાં કોઈ મતભેદ ન હોવો જોઈએ. વાદ-સંવાદ સંસદની અંદર હોય કે સંસદની બહાર હોય, રાષ્ટ્ર સેવા કરવાનો સંકલ્પ, રાષ્ટ્રહિત પ્રત્યે સમર્પણ સતત પ્રતિબિંબિત થવું જોઈએ. આજે જ્યારે નવા સંસદ ભવનનો સંકલ્પ સાકાર થયો છે ત્યારે સૌએ યાદ રાખવું પડશે કે સંસદ ભવનના અસ્તિત્વનો આધાર એવી લોકશાહી પ્રત્યે આશાવાદને જીવંત રાખવાની જવાબદારી આપણા સૌની છે. સંસદમાં પહોંચનાર દરેક પ્રતિનિધિ જવાબદાર છે. આ જવાબદારી જનતા પ્રત્યે પણ છે અને બંધારણ પ્રત્યેની પણ છે. દરેક નિર્ણય રાષ્ટ્ર પ્રથમની ભાવના સાથે લેવા જઈએ, દરેક નિર્ણયમાં રાષ્ટ્રહિત સર્વોપરી હોવું જોઈએ. રાષ્ટ્રીય સંકલ્પોની સિદ્ધિ માટે, એક સૂરમાં, એક અવાજમાં ઊભા રહેવું એ ખૂબ જ જરૂરી છે.

## પરંપરાગત કળા, સમુદ્ર મંથનનું ચિત્રણ

નવા સંસદ ભવનમાં એક હજારથી વધુ કારીગરોએ તેને સુશોભિત કરવાનું કામ કર્યું છે. અહીં પરંપરાગત કળાને સાચવીને રજૂ કરવાનું કામ કરવામાં આવ્યું છે. જ્યાં ઈમારતના ત્રણેય બાજુઓ ખૂલે છે ત્યાં દિવાલ પર મથુરાની સાંઝી આર્ટ, મધુબની સહિત અલગ અલગ સ્થળોની લોકકળાને કોતરવામાં આવી છે. અખંડ ભારત, અશોક ચક્ર, મહાન સંતોને સ્થાન આપવામાં આવ્યું છે. સંસદના કોરિડોરમાં એક જગ્યાએ ચાણક્યની છબી કોતરવામાં આવી છે, જ્યારે સરદાર વલ્લભભાઈ પટેલ અને ડૉ. ભીમરાવ આંબેડકરને ગોળાકાર કૃતિમાં રાખવામાં આવ્યા છે. અમૃતકાળમાં રાષ્ટ્રને સમર્પિત નવા સંસદ ભવનની દિવાલ પર સમુદ્ર મંથન પ્રદર્શિત કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી કાર્યાલયે આ અંગે ટ્વીટ કર્યું હતું કે, 'રાષ્ટ્ર સમુદ્ર મંથન કરીને નવી ઊંચાઈ પ્રાપ્ત કરશે'. પ્રધાનમંત્રી મોદીએ આ દિવ્ય અને ભવ્ય સંસદ ભવનનો વીડિયો શેર કરીને તેને પોતાનો અવાજ આપવા અને #MyParliamentMyPride આપવાનો અનુરોધ કર્યો હતો જેના પર લોકસભાના સ્પીકર ઓમ બિરલા, અભિનેતા રજનીકાંત, અનુપમ ખેર, અક્ષયકુમાર, શાહરૂખખાન, કબીર બેદી સહિત ઘણા લોકોએ પોતાના અવાજમાં નવા ભવનની દિવ્યતાનું વર્ણન કર્યું છે.







નવા સંસદ ભવનનાં ઉદ્ઘાટન પ્રસંગે પ્રધાનમંત્રી મોદીએ ખાસ સ્મૃતિરૂપ ટપાલ ટિકિટ અને રૂ. 75નો સિક્કો બહાર પાડ્યો હતો.

### એક 'મંદિર' લોકશાહીનું

આપણા દેશમાં, જ્યારે મંદિરનું નિર્માણ કરવામાં આવે છે, ત્યારે શરૂઆતમાં તેનો આધાર ફક્ત ઈંટો અને પથ્થરોનો નથી હતો. કારીગરો, શિલ્પીઓ વગેરે સૌ કોઈના પરિશ્રમથી તે ભવનનું નિર્માણ પૂરું થાય છે, પણ એ ઈમારત, એ મંદિર જ્યારે બની જાય છે, તે પછી તેમાં સંપૂર્ણતા ત્યારે આવે છે જ્યારે તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. પ્રાણપ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી તે માત્ર એક ઈમારત જ રહે છે. નવું સંસદ ભવન પણ જ્યાં સુધી તેમા પ્રાણપ્રતિષ્ઠા ન કરવામાં આવે ત્યાં સુધી માત્ર એક ઈમારત જ રહેશે, પરંતુ આ પ્રાણપ્રતિષ્ઠા કોઈ મૂર્તિની નહીં હોય. લોકશાહીના આ મંદિરમાં આના માટે કોઈ વિધિ-વિધાન પણ નથી. આ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરશે અહીં સુધી ચૂંટાઈને આવેલા લોકપ્રતિનિધિઓ. તેમનું સમર્પણ, તેમની સેવાની ભાવના આ મંદિરને જીવન અને પ્રતિષ્ઠા આપશે. તેમના આચાર, વિચાર અને વર્તનની હાર લોકશાહીના આ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરશે. તેમના આચાર-વિચાર, વ્યવહાર લોકશાહીના આ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરશે. ભારતની એકતા અને અખંડિતા માટે તેમણે કરેલા પ્રયાસો આ મંદિરની પ્રાણપ્રતિષ્ઠાની ઉર્જા બનશે. જ્યારે એક એક લોકપ્રતિનિધિ પોતાના જ્ઞાન, કૌશલ્ય, બુદ્ધિ, શિક્ષણ, અનુભવનો રસ સંપૂર્ણપણે અહીં સમર્પિત કરી દેશે, તેનાથી અભિષેક કરશે, ત્યારે આ નવા સંસદ ભવનની પ્રાણપ્રતિષ્ઠા થશે. પ્રધાનમંત્રી મોદી કહે છે કે, "જ્યારે આજે આપણે સંકલ્પ લઈશું અને દેશના હિતને સર્વોપરી રાખીને કામ કરીશું, તો માત્ર દેશનું વર્તમાન જ નહીં પરંતુ દેશનું ભવિષ્ય પણ સારું બનશે. આત્મનિર્ભર ભારતનું નિર્માણ, સમૃદ્ધ ભારતનું નિર્માણ હવે અટકવાનું નથી, તેને કોઈ રોકી શકશે નહીં."

નિશ્ચિતપણે શિલાન્યાસ સમારંભથી લઈને ઉદ્ઘાટન સુધી સંસદનું નવું ભવન સાકાર થયું છે કારણ કે આજે દેશનો વિચાર અને દેશનો વ્યવહાર ગુલામીની માનસિકતામાંથી મુક્ત થઈ રહ્યો છે. આ મુક્તિ રાષ્ટ્રને વિકસિત ભારતના લક્ષ્ય તરફ દોરી જશે. વિવિધતામાં એકતામાં સમાવનારા 140 કરોડ લોકોનો વિશાળ જનસમુદાય ધરાવતું નવું ભારત આ ઐતિહાસિક ક્ષણનું સાક્ષી બન્યું છે. આવી સ્થિતિમાં દરેક નાગરિકની પણ ફરજ છે કે તેની લાગણી હંમેશા ભારત સર્વોપરી રહે તેવી હોવી જોઈએ. જેમાં માત્ર ભારતની પ્રગતિ અને વિકાસને જ તેમની આરાધના કરવાનો સંકલ્પ હોવો જોઈએ. સ્વતંત્ર ભારતને મળેલું પોતાનું સંસદ ભવન એક નવો આદર્શ રજૂ કરે છે, તો સાથે જ લોકશાહીની સંસ્થાઓની વિશ્વસનિયતાને મજબૂત કરીને, તે સ્વર્ણિમ ભારતના સંકલ્પ તરફ આગળ વધે છે. ●



કેન્દ્રીય મંત્રીમંડળના નિર્ણયો

# અન્નદાતાને પ્રાથમિકતા

**સહકારી સંસ્થાઓને સફળ અને ગતિશીલ સંસ્થાઓ બનાવવા માટે તેમની શક્તિનો ઉપયોગ કરવાનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આહ્વાન કર્યું છે જેથી કરીને 'સહકાર દ્વારા સમૃદ્ધિ'ની પરિકલ્પનાને સાકાર કરી શકાય. આ વાતને ધ્યાનમાં રાખીને, કેન્દ્રીય મંત્રીમંડળે સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના માટે આંતર-મંત્રાલય સમિતિ અને સશક્તિકરણને મંજૂરી આપી છે. સાથે જ, ખેડૂતોના હિતમાં ખાતરના છૂટક ભાવમાં વૃદ્ધિનો રોકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઉપરાંત, શહેરી ભારતમાં સ્થિરતા પર ભાર આપવા માટે, સરકારે સિટીઝ 2.0 ને પણ મંજૂરી આપી છે...**

**નિર્ણયઃ "સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના" માટે આંતર-મંત્રાલય સમિતિ (IMC)ની રચના અને સશક્તિકરણને મંજૂરી આપવામાં આવી.**

**અસરઃ** યોજનામાં સામેલ પેક્સ સ્તરે સંગ્રહ ગૃહ, કસ્ટમ હાયરિંગ સેન્ટર્સ, પ્રસંસ્કરણ એકમો સહિત વિવિધ પ્રકારના કૃષિ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થાપના કરવામાં આવશે. આના માટે, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલય, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયની વિવિધ યોજનાઓની માર્ગદર્શિકા અને અમલીકરણ પદ્ધતિઓમાં સુધારો કરવામાં આવશે. આનાથી પેક્સના સ્તર પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ અને તેના આધુનિકીકરણ દ્વારા પૂરતા પ્રમાણમાં સંગ્રહ ક્ષમતાનું નિર્માણ કરીને અનાજનો બગાડ ઘટાડી શકાશે. દેશની ખાદ્ય સુરક્ષા મજબૂત થશે. ખેડૂતોને તેમના પાકના સારા ભાવ મળશે. દેશમાં લગભગ 1,00,000 પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ (પેક્સ) છે જેના સભ્યો દેશના 13 કરોડથી વધુ ખેડૂતો છે.

**નિર્ણયઃ સંકલિત શહેરી વ્યવસ્થાપન માટે સિટી ઈન્વેસ્ટમેન્ટ ટુ ઈનોવેટ, ઈન્ટીગ્રેટ એન્ડ સસ્ટેઈન (સિટીઝ 2.0) શરૂ કરવાના નિર્ણયને મંજૂરી.**

**અસરઃ** સ્પર્ધાના આધારે પસંદ કરવામાં આવેલા 18 સ્માર્ટ શહેરોમાં પર્યાવરણને અનુકૂળ પ્રોજેક્ટના વિકાસ માટે નાણાકીય અને ટેકનિકલ સહાય પૂરી પાડવામાં આવશે. આબોહવા સ્થિતિસ્થાપકતા અને શમન પર કેન્દ્રિત પરિયોજનાઓ વિકસાવવામાં આવશે. ભારતના શહેરી વિસ્તારોમાં આબોહવા પરિવર્તન સામેની લડાઈને પ્રાથમિકતા આપવામાં આવશે.

**નિર્ણયઃ મંત્રીમંડળે ખરીફ સિઝન 2023-24માં યુરિયા માટે રૂ. 70,000 કરોડ અને ડાઈ એમોનિયમ ફોસ્ફેટ (DAP) માટે રૂ. 38,000 કરોડની સબસિડીને મંજૂરી આપી. ખરીફ સિઝનમાં કુલ 1.08 લાખ કરોડ રૂપિયાની સબસિડી આપવામાં આવશે.**

**અસરઃ** આ નિર્ણયથી ખેડૂતોને ખરીફ સિઝનમાં સબસિડી, પોષણક્ષમ અને વાજબી ભાવે ખાતરની ઉપલબ્ધતા સુનિશ્ચિત થશે. તેનાથી ખેડૂતોને DAP અને અન્ય પોટાસિક (P&K) ખાતરોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો બેવડો ફાયદો થશે. P&K ખાતરો પર સબસિડીનું તર્કસંગતકરણ પણ સુનિશ્ચિત કરવામાં આવશે. આ સમયગાળા દરમિયાન ખાતરની મહત્તમ છૂટક કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં.

**નિર્ણયઃ લેપટોપ, સર્વર, ઓલ-ઈન-વન પીસી, ટેબલેટ અને અલ્ટ્રા સ્મોલ ફોર્મ ફેક્ટર ઉપકરણો વગેરે જેવા આઈટી હાર્ડવેર માટે PLI જેવી યોજના 2.0ને મંત્રીમંડળે મંજૂરી આપી.**

**અસરઃ**

- યોજનાનો અંદાજપત્રીય ખર્ચ રૂ. 17,000 કરોડ છે.
- યોજનાની મુદત 6 વર્ષ છે.
- અંદાજિત ઉત્પાદન રૂ. 3.35 લાખ કરોડ છે.
- અંદાજિત રોકાણ રૂ. 2,430 કરોડ છે.
- અપેક્ષિત સીધી રોજગાર 75,000 છે.

**નિર્ણયઃ યુનિવર્સલ પોસ્ટલ યુનિયન (UPU) સાથે ભારતના કરાર બાદ, નવી દિલ્હીમાં યુનિવર્સલ પોસ્ટલ યુનિયનના પ્રાદેશિક કાર્યાલયની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી.**

**અસરઃ** આનાથી ભારતના રાજદ્વારી સંબંધોનું વિસ્તરણ થશે અને અન્ય દેશો સાથે જેમાં ખાસ કરીને એશિયા-પેસિફિક ક્ષેત્રમાં સંબંધોને મજબૂત કરવામાં મદદ મળશે. તેનાથી વૈશ્વિક પોસ્ટલ ફોરમ પર ભારતની હાજરી વધશે. ●




દેહરાદૂન-દિલ્હી વંદેભારત ટ્રેનનો પ્રારંભ

# ... હવે દેવભૂમિને મળી 'વંદેભારત એક્સપ્રેસ'

**વિકાસને વેગ આપવા માટે, સરકાર ખાસ કરીને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કનેક્ટિવિટી અને જીવનની સુગમતા પર ભાર મૂકે છે. આવી સ્થિતિમાં, એક પછી એક વંદેભારત ટ્રેનોનો શુભારંભ અને મોબાઈલ કનેક્ટિવિટીમાં વૃદ્ધિ કરીને પહાડી વિસ્તારોમાં પણ લોકોનું જીવન વધુ સુગમ બનાવવામાં આવી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 25 મેના રોજ દેહરાદૂનથી દિલ્હીના આનંદ વિહાર ટર્મિનલ સુધી ચાલનારી ઉત્તરાખંડની પ્રથમ વંદેભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. સાથે જ, ઉત્તરાખંડમાં રેલ્વેના સંપૂર્ણ વિદ્યુતકૃત રેલ્વે લાઈન સેક્શનોનું પણ લોકાર્પણ કર્યું હતું...**

વિશ્વના લોકો ભારતને જોવા અને સમજવા ભારત આવવા માંગે છે. આવી સ્થિતિમાં 21મી સદીના વિકસિત ભારતના બે મુખ્ય સ્તંભો છે. પ્રથમ, તેની ધરોહર અથવા વારસા પર ગૌરવ અને બીજું, વિકાસ માટેના દરેક સંભવિત પ્રયાસ. ઉત્તરાખંડ આ બંને સ્તંભોને મજબૂત કરી રહ્યું છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ આ તકનો પૂરો લાભ લઈ શકે, ઉત્તરાખંડની કનેક્ટિવિટી વધે તેમાં 'વંદેભારત ટ્રેન' મદદરૂપ થશે. દેહરાદૂન-દિલ્હી વંદેભારત ટ્રેનને લીલી ઝંડી બતાવ્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, "દિલ્હી અને દેહરાદૂન વચ્ચે દોડનારી આ ટ્રેન દેશની રાજધાનીને દેવોની ભૂમિને એકબીજા સાથે ઝડપી ગતિએ જોડશે. ઓછા સમયમાં મુસાફરી પૂરી થશે, પ્રવાસ આરામદાયક અને આનંદદાયક રહેશે." આ ટ્રેન દેહરાદૂનથી દિલ્હીના આનંદ વિહાર ટર્મિનસ સુધી દોડશે. આ ટ્રેનના કારણે મુસાફરીના સમયમાં લગભગ 1 કલાક 25 મિનિટની બચત થશે.

ઉત્તરાખંડ જે રીતે તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખીને વિકાસની ઝુંબેશને આગળ ધપાવી રહ્યું છે તે પ્રશંસનીય છે. આ દાયકો ઉત્તરાખંડનો દાયકો હશે. પ્રધાનમંત્રી મોદીનું માનવું છે કે

## પૂર્વોત્તરને કનેક્ટિવિટીની મોટી ભેટ

પૂર્વોત્તર રાજ્યોના વિકાસના સંદર્ભમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 29 મેના રોજ આસામની પ્રથમ વંદેભારત એક્સપ્રેસને લીલી ઝંડી બતાવીને રવાના કરી હતી. ગુવાહાટીથી ન્યૂ જલપાઈગુડીને જોડતી આ ટ્રેન આ બે સ્થળોને જોડતી વર્તમાન સૌથી ઝડપી ટ્રેનની સરખામણીમાં લગભગ એક કલાકનો સમય બચાવશે. વંદેભારત આ મુસાફરી 5 કલાક 30 મિનિટમાં પૂરી કરશે, જ્યારે વર્તમાન સૌથી ઝડપી ટ્રેન આટલું જ અંતર પૂરું કરવામાં 6 કલાક 30 મિનિટ લે છે. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "ભારતમાં થઈ રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામ અંગે આખી દુનિયામાં ઘણી ચર્ચા થઈ રહી છે. કારણ કે આ જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જીવનને સરળ બનાવે છે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોજગારીની તકો ઉભી કરે છે."

કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી મોદીએ 182 કિલોમીટરના રૂટના નવા વિદ્યુતિકૃત રેલ્વે સેક્શનનું રાષ્ટ્રને લોકાર્પણ કર્યું હતું. આનાથી ટ્રેનોને ઝડપી ગતિએ ચલાવવામાં અને મુસાફરીનો સમય ઘટાડવાની સાથે સાથે પ્રદૂષણ મુક્ત પરિવહનની સુવિધામાં મદદ મળશે. સાથે જ, પ્રધાનમંત્રી મોદીએ આસામના લુમડિંગમાં નવનિર્મિત ડેમૂ-મેમૂ શેડનું પણ લોકાર્પણ કર્યું હતું.

## વિકાસનો આધારસ્તંભ મજબૂત થઈ રહ્યો છે

પ્રધાનમંત્રી મોદીના વિઝનને આગળ ધપાવતા અને વિકાસના સ્તંભોને મજબૂત બનાવવા માટે, કેન્દ્રીય સંચાર, રેલ્વે અને ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવ અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ 24 મેના રોજ ગંગોત્રીમાં 2,00,000મી 5G સાઈટનો શુભારંભ કર્યો અને દેહરાદૂનમાં ચારધામ ખાતે ફાઈબર કનેક્ટિવિટીનું રાષ્ટ્રને લોકાર્પણ કર્યું હતું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 1 ઓક્ટોબર, 2022ના રોજ 5G સેવાનો શુભારંભ કર્યો હતો. માત્ર 8 મહિનામાં 28 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશોના 700 જિલ્લાઓમાં 5G નેટવર્ક શરૂ કરવામાં આવ્યું છે.



## રાષ્ટ્રને સમર્પિત ઉત્તરાખંડના તમામ રેલ્વે માર્ગોનું વિદ્યુતીકરણ

- ટ્રેનોની સરેરાશ ગતિમાં વધારો, જેના પરિણામે રેલ્વેની કામગીરીમાં કાર્યક્ષમતા આવશે, વાહનની ક્ષમતામાં વધારો થશે અને નૂર ટ્રાફિકમાં વધારો થશે.
- 2030 સુધીમાં નેટ ઝીરો કાર્બન ઉત્સર્જક બનવા તરફ ભારતીય રેલ્વેનું આ બીજું પગલું છે. તેનાથી આયાતી ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટશે અને વિદેશી હૂંડિયામણની બચત થશે.



## ઉત્તરાખંડમાં વિકાસનાં નવરત્નો પર સરકારનો ભાર

1. કેદારનાથ-બદ્રીનાથ ધામમાં 1300 કરોડ રૂપિયાના ખર્ચે પુનઃનિર્માણનું કામ.
2. 2500 કરોડ રૂપિયાના ખર્ચે રોપ-વેનું કામ.
3. કુમાયૂના પૌરાણિક મંદિરોને ભવ્ય બનાવવા માટે માનસખંડ મંદિર માલા મિશન.
4. આખા રાજ્યમાં હોમ-સ્ટેને પ્રોત્સાહન આપવું.
5. 16 ઈકોટુરિઝમ ડેસ્ટિનેશનનો વિકાસ.
6. આરોગ્ય સેવાઓનું વિસ્તરણ.
7. 2000 કરોડના ખર્ચે ટિહરી લેક ડેવલપમેન્ટ પ્રોજેક્ટ.
8. ઋષિકેશ હરિદ્વારનું એડવેન્ટર ટૂરિઝમ.
9. ટનકપુર-બાગેશ્વર રેલ્વે લાઈન.

આ દેવભૂમિ આવનારા સમયમાં સમગ્ર વિશ્વની આધ્યાત્મિક ચેતના માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. આપણે ઉત્તરાખંડનો વિકાસ આ સામર્થ્યને અનુરૂપ કરવાનો છે. ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ બે-ત્રણ વર્ષમાં પૂરો થશે. આ યોજના પર 16 હજાર કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કરવામાં આવશે. ઋષિકેશ, કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ પૂરો થયા પછી, ઉત્તરાખંડનો મોટો વિસ્તાર રાજ્યના લોકો અને પ્રવાસીઓ માટે સુલભ થઈ જશે. આનાથી અહીં રોકાણ, ઉદ્યોગોના વિકાસ અને રોજગારની નવી તકો ઉભી થશે.

પ્રધાનમંત્રી મોદીએ કાર્યક્રમમાં કહ્યું હતું કે, "દેવભૂમિ પર વિકાસના આ મહાઅભિયાનની વચ્ચે હવે આ વંદેભારત ટ્રેન પણ ઉત્તરાખંડના લોકો માટે એક ભવ્ય ભેટ સાબિત થશે. ઉત્તરાખંડમાં પર્યટન, ખેતીવાડી અને ઉદ્યોગો દ્વારા રોજગારીની તકો ઊભી કરવા માટે, અમે આજે આટલો પરિશ્રમ કરી રહ્યા છીએ. આપણી સરહદો સુધી પહોંચવાનું સરળ થઈ શકે, રાષ્ટ્રની સુરક્ષામાં જોડાયેલા આપણા સૈનિકોને અગવડતા ન પડે, તેમાં પણ આ આધુનિક કનેક્ટિવિટી ખૂબ જ ઉપયોગી થશે."

આજે, રાજ્ય સરકારના પ્રયાસોને કારણે, ઉત્તરાખંડ પ્રવાસન હબ, એડવેન્ચર ટૂરિઝમ હબ, ફિલ્મ શૂટિંગ ડેસ્ટિનેશન નેશન, વેડિંગ ડેસ્ટિનેશન તરીકે ઝડપથી ઉભરી રહ્યું છે. નવા નવા સ્થળો, નવા ટૂરિસ્ટ હબ ભારત અને વિદેશના પ્રવાસીઓને આકર્ષી રહ્યા છે. આ બધાને વંદેભારત ટ્રેનથી ઘણી મદદ મળશે. હવે તો દેશના ખૂણે ખૂણે વંદેભારત ટ્રેન દોડવા લાગી છે. લોકોને જ્યારે તેમના પરિવાર સાથે લાંબા અંતરની મુસાફરી કરવી હોય ત્યારે આ વંદેભારત ટ્રેન લોકોની પહેલી પસંદ છે. આવી સ્થિતિમાં વંદેભારત હવે ભારતના સામાન્ય પરિવારોની પહેલી પસંદ બની રહી છે. ●

ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં વિક્રમી રોકાણ

# મજબૂત થઈ રહી છે સાંસ્કૃતિક આધ્યાત્મિક કનેક્ટિવિટી




ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર દેશમાં ઝડપથી રોકાણ થઈ રહ્યું છે, જેમાં રેલ્વેના પ્રોજેક્ટ્સ પર સરકાર વિશેષ ધ્યાન આપી રહી છે. આનું કારણ એ છે કે, આજે પણ લાંબી મુસાફરીમાં મોટા ભાગના દેશવાસીઓ રેલ્વેમાં મુસાફરી કરવાનું પસંદ કરે છે. રેલ્વેનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પછી ભલે તે એરપોર્ટની જેમ પ્લેટફોર્મનું નિર્માણ હોય કે આધુનિક સુવિધાઓ હોય, દરેક વસ્તુનો ઝડપથી વિકાસ થઈ રહ્યો છે. આ ક્રમમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 18 મેના રોજ ઓડિશાને વંદેભારત એક્સપ્રેસ ટ્રેનની ભેટ આપી હતી અને 8,000 કરોડ રૂપિયાથી વધુના રેલ્વે પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો...

ઓડિશા અને પશ્ચિમ બંગાળને પ્રથમ સ્વદેશી બનાવટની વંદેભારત એક્સપ્રેસ ટ્રેન મળી છે. આ ટ્રેન ભગવાન જગન્નાથના શહેર પુરીથી પશ્ચિમ બંગાળના ઔદ્યોગિક શહેર હાવડા વચ્ચે દોડશે. આ ટ્રેન ઓડિશાના ખારખા, કટક, જાજપુર, ભદ્રક અને બાલાસોર જિલ્લાઓ તેમજ પશ્ચિમ બંગાળના પશ્ચિમ મેદિનીપુર અને પૂર્વીય મેદિનીપુર જિલ્લાઓમાંથી પસાર થશે. 500 કિલોમીટરની સફર સાડા છ કલાકમાં પૂરી થશે, જેમાં અગાઉની સરખામણીમાં 20 ટકા સમયની બચત થશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું માનવું છે કે, જો દેશ એકજૂથ રહે તો સામૂહિકની ક્ષમતા ચરમસીમાએ પહોંચી શકે છે. વંદેભારત એક્સપ્રેસ આવા જ વિશ્વાસનું પ્રતિબિંબ છે. આ ટ્રેન પુરી અને હાવડા વચ્ચે આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જોડાણને મજબૂત બનાવશે. જે રાજ્યો




# 8,000 કરોડની રેલ્વે પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ

- પુરી અને હાવડા વચ્ચે વંદેભારત એક્સપ્રેસનો શુભારંભ. આ ટ્રેન ઓડિશાના ખારખા, કટક, જાજપુર, ભદ્રક અને બાલાસોર જિલ્લાઓ અને પશ્ચિમ બંગાળના પશ્ચિમ મેદિનીપુર અને પૂર્વીય મેદિનીપુર જિલ્લાઓમાંથી પસાર થશે.
- પુરી અને કટક રેલ્વે સ્ટેશનના પુનઃવિકાસ કાર્ય માટે શિલાન્યાસ કરવામાં આવ્યો.
- ઓડિશામાં સો ટકા વિદ્યુતિકૃત રેલ્વે નેટવર્કનું દેશને લોકાર્પણ કરાયું.
- સંબલપુર-ટિટલાગઢ રેલ્વે લાઈનનું ડબલિંગ, અંગુલ-સુકિંદા વચ્ચે નવી બ્રોડગેજ રેલ્વે લાઈન.
- મનોહરપુર-રાઉરકેલા-ઝારસુગુડા-જમ્માને જોડતી ત્રીજી લાઈન અને બછુપલી-ઝારતરભા વચ્ચે નવી બ્રોડગેજ લાઈનનો પ્રારંભ.

**ભારતના ઝડપી વિકાસ માટે ભારતના રાજ્યોનો સંતુલિત વિકાસ પણ એટલો જ જરૂરી છે. આજે દેશનો એવો પ્રયાસ છે કે કોઈ પણ રાજ્ય સંસાધનોના અભાવે વિકાસની દોડમાં પાછળ ન રહી જાય.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

વિકાસમાં પાછળ હતા તેમને સબકા સાથ, સબકા વિકાસની નીતિનો લાભ મળી રહ્યો છે. વર્ષ 2014 પહેલાંના 10 વર્ષમાં આ રાજ્યમાં દર વર્ષે માત્ર 20 કિલોમીટર લાંબી રેલ્વે લાઈન નાખવામાં આવતી હતી જ્યારે વર્ષ 2022-23માં માત્ર એક વર્ષમાં જ 120 કિલોમીટર લાંબી રેલ્વે લાઈન નાખવામાં આવી છે. ઓડિશા, દેશના એવા રાજ્યોમાંનું એક છે જ્યાં રેલ્વે લાઈનોનું સો ટકા વિદ્યુતીકરણ પ્રાપ્ત થઈ ગયું છે. ખનીજ સંપન્ન રાજ્ય ઓડિશાને રેલ્વે લાઈનોના વિદ્યુતીકરણથી ઘણો ફાયદો થશે અને ડીઝલ લોકોમોટિવ્સથી અહીં ફેલાતા પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો થશે.

પ્રધાનમંત્રી મોદીએ કાર્યક્રમમાં કહ્યું હતું કે, જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થાય છે ત્યારે લોકોનો પણ ઝડપી ગતિએ વિકાસ થાય છે. જે રેલવે પરિયોજનાઓ શરૂ કરવામાં આવી છે અથવા જેનો આજે શિલાન્યાસ કરવામાં આવ્યો છે તે ઓડિશા, પશ્ચિમ બંગાળ અને સમગ્ર દેશમાં વિકાસની ગતિને ઝડપી બનાવશે.●




## રાજ્ય અને જિલ્લા સ્તરે બનાવો

# વિકસિત ભારત માટે સક્ષમ ટીમ

**વિશ્વની સૌથી મોટી લોકશાહી અને 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા ભારત, આર્થિક વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધી રહ્યું છે. લગભગ બે વર્ષ પહેલાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાની પ્રાચીર પરથી 2047 સુધીમાં વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ રાષ્ટ્ર સમક્ષ મૂક્યો હતો, ત્યારથી તેઓ સતત તેનું પુનરાવર્તન કરી રહ્યા છે. આ સંકલ્પ પૂરો કરનારા પાંચ પ્રણ આત્મનિર્ભર ભારત, ગતિશક્તિની મદદથી વૈશ્વિક નેતૃત્વમાં આગળ વધી રહ્યા છે. 27 મેના રોજ નીતિ આયોગની શાસી પરિષદ (ગવર્નિંગ કાઉન્સિલ)ની 8મી બેઠકનો મુખ્ય એજન્ડા પણ 'વિકસિત ભારત @ 2047: ટીમ ઈન્ડિયાની ભૂમિકા' રહ્યો હતો...**

વિકસિત ભારતના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે રાજ્યો વિકસિત થાય તે ખૂબ જ જરૂરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યોમાં કનેક્ટિવિટી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના વિવિધ કાર્યક્રમોમાં વારંવાર આ વાત સાથે કહે છે કે, વિકસિત ભારતનો સંકલ્પ સ્પર્ધાત્મક સંઘવાદ સાથેના રાજ્યોના વિકાસ દ્વારા જ પૂરો થશે. નીતિ આયોગના મહત્વાકાંક્ષી જિલ્લા કાર્યક્રમ અને મહત્વાકાંક્ષી તાલુકા કાર્યક્રમ જેવી પહેલોની સફળતા સ્પર્ધાત્મક સંઘવાદના સારાં ઉદાહરણો છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય રાજ્યોના 500 પછાત વિકાસ તાલુકાઓમાં નાગરિકોના જીવનધોરણને ઊંચું કરવાનો અને તેમને રાજ્યની સરેરાશની બરાબરી પર લાવવાનો છે. હકીકતમાં, ભારત સરકારની થિંક ટેન્ક તરીકે નીતિ આયોગની રચના 1 જાન્યુઆરી, 2015ના રોજ કરવામાં આવી હતી, અને 16 ફેબ્રુઆરી, 2015ના રોજ કરવામાં શાસી પરિષદની રચના આવી હતી, જેથી કેન્દ્ર અને રાજ્યો 'ટીમ ઈન્ડિયા' બની જાય, મતભેદોનું નિરાકરણ લાવે અને પ્રગતિ તેમજ સમૃદ્ધિનો સહિયારો માર્ગ નક્કી કરી શકે.

નીતિ આયોગની શાસી પરિષદની બેઠક નવી દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે નવા સંમેલન કેન્દ્રમાં યોજવામાં આવી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં 19 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્યમંત્રીઓ અને લેફ્ટનન્ટ ગવર્નરોએ હાજરી આપી હતી. પ્રધાનમંત્રી મોદીએ બેઠકમાં કહ્યું હતું કે, વિકસિત ભારતનું વિઝન કોઈ વ્યક્તિ કે નાના જૂથનું વિઝન નથી, પરંતુ તે 140 કરોડ દેશવાસીઓનું વિઝન છે. આવી સ્થિતિમાં, કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ વિકસિત ભારતના સપનાં અને આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે ટીમ ઈન્ડિયા તરીકે કામ કરવું જોઈએ. નીતિ આયોગ આગામી 25 વર્ષ માટે રાજ્યોની વ્યૂહરચના વિકસાવવામાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

## પ્રધાનમંત્રી મોદીએ રાજ્યો સાથે આ મુદ્દાઓ પર પણ વાત કરી

**શ્રીઅન્ન:** સીમાંત અને નાના ખેડૂતોની સમૃદ્ધિ માટે શ્રીઅન્નના ઉત્પાદન અને માર્કેટિંગને પ્રોત્સાહન આપવું જોઈએ. આમાં કેન્દ્ર અને રાજ્યનો સંયુક્ત પ્રયાસ જરૂરી છે.

**અમૃત સરોવર કાર્યક્રમ:** જળ સંરક્ષણની દિશામાં કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. 50 હજારથી વધુ અમૃત સરોવરો બનાવી દેવામાં આવ્યા છે.

**ગતિશક્તિ:** માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને લોજિસ્ટિક્સ જ નહીં પરંતુ સ્થાનિક ક્ષેત્રના વિકાસ અને સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે પણ 1,600 લેયર ડેટા વાળા ગતશક્તિ પોર્ટલનો ઉપયોગ કરો.

**MMME:** વૈશ્વિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે MSMEને સહકાર આપવા, દેશની પર્યટન ક્ષમતાને વિકસિત કરવાની વાત કરી.

**એકતા મોલ:** નિર્માણની દષ્ટિએ લોકોને કૌશલ્યવાન બનાવવાનું મહત્વ બતાવ્યું.

**ટીબી મુક્ત ભારત:** 2025 સુધીમાં ટીબીને નાબૂદ કરવાના લક્ષ્ય વિશે માહિતી આપી.



### વિકસિત ભારત માટે સકારાત્મક પાસાઓ

- વિશ્વની 20% કાર્યશીલ વસ્તી ભારતમાં છે.
- ડિજિટલ ઈન્ડિયામાં, પારદર્શક - સુગમ વહીવટ સાથે અન્ય કાર્યોને ઝડપી બનાવવા માટે ડિજિટલાઈઝેશન ઝડપથી આગળ વધ્યું છે.
- વિશ્વની ત્રીજી સૌથી મોટી સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, લગભગ એક લાખ સ્ટાર્ટઅપ.

> નીતિ આયોગ રાજ્યોની ચિંતાઓ, પડકારો અને શ્રેષ્ઠ પદ્ધતિઓનો અભ્યાસ કરશે. બાદમાં આગળની યોજનાઓ તૈયાર કરશે. વિકસિત ભારતનું લક્ષ્ય પરિપૂર્ણ કરવા માટે રાજ્ય અને જિલ્લા સ્તરે સક્ષમ ટીમ બનાવો. લાંબી છલાંગ મારવા માટે કામ કરો, આ સમય ધીમી ગતિએ આગળ વધવાનો નથી.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

**મુખ્ય સચિવોના સંમેલનમાં બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવી:** શાસી પરિષદની બેઠકમાં ચર્ચા કરવામાં આવેલા 8 મુખ્ય વિષયોની તૈયારી માટે જાન્યુઆરી, 2023માં રાજ્યોના મુખ્ય સચિવોનું બીજું સંમેલન યોજાયું હતું. તેમાં વિકસિત ભારત @ 2047 સહિત MSME, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણ, અનુપાલનમાં ઘટાડો, મહિલા સશક્તિકરણ, સ્વાસ્થ્ય અને પોષણની સાથે સાથે કૌશલ્ય વિકાસનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

વિકસિત ભારતનો રોડમેપ તૈયાર કરીને કેન્દ્ર અને રાજ્ય સરકારો જે પ્રકારના સામાજિક-આર્થિક વિકાસ માટે કામ કરશે, તેની અસર આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ગુણાત્મક અને સકારાત્મક હશે. ભારતનો વિકાસ રાજ્યોના વિકાસ સાથે ખૂબ જ નજીકથી જોડાયેલો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાલ કિલ્લાની પ્રાચીરથી કહી ચુક્યા છે કે "જ્યારે આપણાં રાજ્યોનો વિકાસ થાય, ત્યારે જ ભારતનો વિકાસ થાય છે."

ભારતની G-20ની અધ્યક્ષતાથી વૈશ્વિક મંચ પર દેશનું ગૌરવ વધ્યું છે. રાજ્યોને તેમની સંસ્કૃતિ, ભોજન અને એક જિલ્લો-એક ઉત્પાદન વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવાની તક મળી છે. આનાથી પ્રવાસન અને આર્થિક સમૃદ્ધિ વધારવાની તક મળી છે. પ્રધાનમંત્રી મોદીએ મુખ્યમંત્રીઓ કહ્યું હતું કે, જે તકો મળી રહી છે તેનો લાભ લેવા માટે આગળ આવો, એક્શન પ્લાન તૈયાર કરો અને તેના પર કામ કરો. પ્રદર્શન અને ગુણવત્તાને વિકસિત દેશોની સમકક્ષ અથવા તેનાથી ઉપર લાવો.

બેઠક દરમિયાન, રાજ્યોના મુખ્યમંત્રીઓ અને લેફ્ટનન્ટ ગવર્નરોએ વિવિધ નીતિ સૂચનો આપવા સાથે રાજ્યોને લગતા એવા મુદ્દાઓ પર ચર્ચા કરી, જેના માટે કેન્દ્ર-રાજ્યનો સહયોગ જરૂરી છે. નીતિ આયોગના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર બી.વી.આર. સુબ્રમણ્યમે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, 11 મુખ્યમંત્રીઓ બેઠકમાં હાજર રહ્યા ન હતા. જૂની સભાઓમાં પણ આવી જ હાજરી રહી છે. જો તેઓ ન આવે તો તેઓ કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે સારા માહોલમાં ચર્ચા કરવાનું ચૂકી જાય છે. પરંતુ અમને જે પણ કાગળ આપવામાં આવે છે, તેના આધારે જ નીતિઓ બનાવવામાં આવે છે જે તમામ રાજ્યો માટે હોય છે. ●






# યુવાનોની પ્રતિભાને યોગ્ય તક મળશે

**કેન્દ્ર સરકાર દ્વારા વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે યુવાનોની પ્રતિભા અને શક્તિને યોગ્ય તકો આપવાની પોતાની પ્રતિબદ્ધતાને ઝડપથી પૂરી કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 10 લાખ યુવાનોને રોજગાર આપવાના ઉદ્દેશ્ય સાથે રોજગાર મેળાની શરૂઆત કરી છે, તેના જ અનુસંધાનમાં 16 મેના રોજ 5મા રોજગાર મેળા તરીકે વધુ એક પગલું લેવામાં આવ્યું હતું. પ્રધાનમંત્રીના રોજગાર મેળાઓમાં અત્યાર સુધીમાં 3,59,000 યુવાનોએ નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે અને દેશને ઉર્જાવાન કર્મયોગીઓ મળ્યા છે...**

કેન્દ્ર સરકાર દેશભરમાં રોજગાર નિર્માણના મજબૂત પાયા પર આગળ વધી રહી છે, જ્યારે તે સરકારી નોકરીઓમાં ખાલી જગ્યાઓ ભરવાનું કામ મિશન મોડમાં કરી રહી છે. છેલ્લાં 9 વર્ષોમાં, ભરતી પ્રક્રિયાને વધુ ઝડપી, નિષ્પક્ષ અને પારદર્શક બનાવવામાં આવી છે. અગાઉના સમયમાં સ્ટાફ સિલેકશન કમિશનને ભરતી પ્રક્રિયા પૂરી કરવામાં લગભગ 15 થી 18 મહિનાનો સમય લાગી જતો હતો જ્યારે હવે છથી આઠ મહિનામાં આ પ્રક્રિયા પૂરી થઈ રહી છે. આ જ કારણ છે કે, એક પછી એક રોજગાર મેળાઓનું આયોજન કરીને 10 લાખ નિમણૂક પત્રો આપવાના લક્ષ્યાંકને પૂરો કરવા માટે દેશ ઝડપી ગતિએ આગળ વધી રહ્યો છે.


પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 5મા રાષ્ટ્રીય રોજગાર મેળામાં કહ્યું હતું કે, "આજે અરજીથી લઈને પરિણામ સુધીની સમગ્ર પ્રક્રિયા ઑનલાઈન થઈ ગઈ છે. જો દસ્તાવેજોનું સ્વપ્રમાણીકરણ પર્યાપ્ત છે, તો પછી ગ્રુપ-C અને ગ્રુપ-ડીના હોદ્દાઓ પર ભરતી માટે કોઈ ઈન્ટરવ્યુની પણ જરૂર નથી. આ તમામ પ્રયાસોનો સૌથી મોટો ફાયદો એ મળ્યો છે કે, ભ્રષ્ટાચાર કે ભાઈ-ભત્રીજાવાદની શક્યતાઓ ખતમ થઈ ગઈ છે." એટલું જ નહીં, છેલ્લાં 9 વર્ષમાં મૂડીગત ખર્ચમાં લગભગ ચાર ગણો વધારો થયો છે. આ સમય દરમિયાન લગભગ 34 લાખ કરોડ રૂપિયાનો મૂડીગત ખર્ચ કરવામાં આવ્યો છે, જેના કારણે મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ થયું છે, લોકોની આવકમાં વધારો થયો છે અને રોજગારીની તકોમાં પણ ઝડપથી વધારો થયો છે.

## યુવાનો પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુરાવો છે રાષ્ટ્રીય રોજગાર મેળા

- 16 મે, 2023ના રોજ, વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં લગભગ 71,000 નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- 13 એપ્રિલ 2023ના રોજ, કેન્દ્ર સરકારે વિવિધ સરકારી વિભાગો અને સંગઠનોમાં લગભગ 71,000 નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું હતું.
- રોજગાર મેળાના ત્રીજા તબક્કામાં, 20 જાન્યુઆરી 2023ના રોજ, સરકારી વિભાગો અને સંસ્થાઓમાં ભરતી કરવામાં આવેલા લગભગ 71,000 નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- 22 નવેમ્બર 2022ના રોજ દેશના 45થી વધુ શહેરોમાં રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 71,000 કરતાં વધુ યુવાનોને નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા.
- 22 ઓક્ટોબર 2022ના રોજ, પ્રધાનમંત્રી મોદીએ પ્રથમ રોજગાર મેળા અંતર્ગત વિવિધ રાજ્યોમાં એક સાથે 75,000 કર્મચારીઓને નિયુક્તિ પત્રો ઈશ્યુ કર્યા હતા.

### રોજગારીની નવી તકો ઊભી થઈ રહી છે

પહેલા 7 દાયકામાં 20,000 કિમીની રેલ્વે લાઈનોનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું હતું, પરંતુ છેલ્લાં 9 વર્ષમાં 40,000 કિમીનું કામ કરવામાં આવ્યું, 2014ની પહેલાના સમયમાં એક મહિનામાં 600 મીટરની મેટ્રો લાઈનો બનાવવામાં આવી હતી, જ્યારે હવે 6 કિમી બની રહી છે. 2014માં, દેશના 70 થી ઓછા જિલ્લાઓમાં ગેસનું નેટવર્ક ફેલાયેલું હતું, જે આજે વધીને 630 જિલ્લામાં ફેલાઈ ગયું છે. 2014માં ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓની લંબાઈ 4 લાખ કિલોમીટર કરતાં પણ ઓછી હતી, જ્યારે આ આંકડો વધીને 7.25 લાખ કિલોમીટરથી વધુ થઈ ગયો છે. આવી જ રીતે, વિકસિત ભારતનો સંકલ્પ પૂરો કરવા માટે કરવામાં આવી રહેલા કાર્યોને કારણે દરેક ક્ષેત્રમાં રોજગારીની નવી તકો ઊભી થઈ રહી છે.




આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, "દેશમાં વિદેશી રોકાણની વાત હોય કે પછી ભારતમાંથી વિક્રમી પ્રમાણમાં નિકાસ હોય, આના કારણે દેશના ખૂણે ખૂણામાં રોજગારીની તકોનું સર્જન થઈ રહ્યું છે." કેન્દ્ર સરકારની સાથે સાથે ગુજરાત, આસામ સહિતના ઘણા રાજ્યોમાં પણ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે યુવાનો માટે સરકારની પ્રતિબદ્ધતા

## 16 મે 2023ના રોજ 45 જગ્યાએ નિયુક્તિ પત્રો આપવામાં આવ્યા


દેશભરમાં 45 સ્થળોએ 16 મેના રોજ રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં, કેન્દ્ર સરકારના વિભાગો, આ પહેલને સમર્થન આપનારી રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ભરતીમાં સામેલ નવનિયુક્ત કર્મચારીઓને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. જેમાં ગ્રામીણ ટપાલ સેવક, ટપાલ નિરીક્ષક, કોમર્શિયલ-કમ-ટિકિટ ક્લાર્ક, જુનિયર ક્લાર્ક-કમ-ટાઈપિસ્ટ, જુનિયર એકાઉન્ટ્સ ક્લાર્ક, રેલ લાઈન સંભાળ કર્મચારી, આસિસ્ટન્ટ સેક્શન ઓફિસર, લોઅર ડિવિઝન ક્લાર્ક, સબ ડિવિઝનલ ઓફિસર, ટેક્સ આસિસ્ટન્ટ, આસિસ્ટન્ટ એન્ફોર્સમેન્ટ અધિકારી, ઈન્સ્પેક્ટર, નર્સિંગ અધિકારી, સહાયક સુરક્ષા અધિકારી, ફાયરમેન, આસિસ્ટન્ટ એકાઉન્ટ્સ અધિકારી, આસિસ્ટન્ટ ઓડિટ અધિકારી, ડિવિઝનલ એકાઉન્ટન્ટ, ઓડિટર, કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, આસિસ્ટન્ટ કમાન્ડન્ટ, પ્રિન્સિપાલ, પ્રશિક્ષિત ગ્રેજ્યુએટ શિક્ષક, આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર, આસિસ્ટન્ટ પ્રોફેસર સહિત વિવિધ હોદ્દાઓ પર નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા.

**રોજગાર મેળો**

રોજગાર સર્જનને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાની પ્રધાનમંત્રી મોદીની પ્રતિબદ્ધતાને પૂરી કરવાની દિશામાં લેવાયેલું આ એક પગલું છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે રોજગાર મેળાઓનું આયોજન રોજગાર નિર્માણમાં ઉત્પ્રેરક તરીકે કામ કરશે. યુવાનોને તેમના સશક્તિકરણ અને રાષ્ટ્રીય વિકાસમાં તેમની ભાગીદારી માટે અર્થપૂર્ણ તક પૂરી પાડી શકાશે.

**કર્મયોગી પ્રારંભ**

નવા ભરતી કરવામાં આવેલા કર્મચારીઓને 'કર્મયોગી પ્રારંભ' દ્વારા પોતાને તાલીમ આપવાની તક મળશે. કર્મયોગી પ્રારંભ એ વિવિધ સરકારી વિભાગોમાં નવા નિયુક્ત કરવામાં આવેલા તમામ લોકો માટે એક ઑનલાઈન અભ્યાસક્રમ છે.




દર્શાવે છે. પ્રધાનમંત્રી મોદીએ નવનિયુક્ત યુવાનોને અપીલ કરી હતી કે, "હું તમને બધાને આ તકનો પૂરે-પૂરો ઉપયોગ કરવા માટે અનુરોધ કરું છું. આજથી તમારા જીવનમાં શીખવાનો એક નવો તબક્કો પણ શરૂ થયો છે."●



## સ્માર્ટ ભારતના નિર્માણનો મજબૂત પાયો

# સ્માર્ટ થતી શહેરી સુવિધાઓ જીવનની ગુણવત્તામાં સુધારો

**નવું ભારત તેના શહેરોને સ્માર્ટ-આધુનિક બનાવીને આગળ વધી રહ્યું છે. 2014 પછી દેશમાં પરિણામલક્ષી અને સંકલિત શહેરી વિકાસની નીતિ બનાવવામાં આવી છે. 5 સ્તંભો પર આધારિત આ નીતિમાં, કેન્દ્ર સરકારે શહેરના શાસનમાં સુધારો લાવવા માટેનું બીડું ઝડપ્યું છે. ઈ-ગવર્નન્સ, સ્માર્ટ સિટી મિશન, ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર્સ અને સીસીટીવી નેટવર્ક દ્વારા શહેરી વહીવટમાં સુધારો લાવવાની કડીમાં 25 જૂન 2015ના રોજ સ્માર્ટ સિટીઝ મિશન શરૂ કરવામાં આવ્યું હતું. ચાલો, સ્માર્ટ સિટી મિશનની સાત વર્ષની સફળતા, સ્માર્ટ થઈ રહેલી સુવિધાઓ અને જીવનની ગુણવત્તામાં થઈ રહેલા સુધારાઓને આ કેસ સ્ટડી દ્વારા સમજીએ**

"જબલપુર, મધ્ય પ્રદેશનું પહેલું એવું શહેર હતું, જ્યાં કોવિડ-19નો સૌથી પહેલો કેસ નોંધાયો હતો. નવી અને અજાણી મહામારીનો સામનો કરવા માટે વ્યવસ્થાપનના સાધનોની જરૂર હતી. એક સ્માર્ટ કંટ્રોલ રૂમની જરૂર હતી, જેમાં સ્માર્ટ સિટી મિશન હેઠળ પ્રારંભિક તબક્કામાં જબલપુરને ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર મળ્યું હતું, તેણે કોરોના વાઈરસ સામેની લડાઈમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ જ કારણ છે કે પ્રારંભિક તબક્કામાં જ જબલપુર પ્રશાસનને કોરોના વાઈરસને રોકવામાં મદદ મળી શકી હતી. કોવિડ-19 પોઝિટીવ દર્દીઓ અને તેમના સંપર્કોમાં આવનારા લોકોના જીઓ-ટેગિંગ સાથે 500 મીટર અને એક કિલોમીટરનો GIS બફર ઝોન બનાવવામાં આવ્યો હતો. જબલપુર સ્માર્ટ સિટી હેઠળ, શહેરના 15 જંક્શન પર સાર્વજનિક જાહેરાત સિસ્ટમથી નાગરિકોને લૉકડાઉન અને કર્ફ્યુ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા, તેમજ અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવતી હતી."

"સ્માર્ટ સિટી પરિયોજનાના કારણે વારાણસીની તસવીર બદલાઈ ગઈ છે. શહેરમાં ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, શહેર વ્યાપી વીડિયો સિસ્ટમ, હિંસા-ગુના સામે અસરકારક રીતે લડવા માટે જાહેર સુરક્ષા સુનિશ્ચિત કરવી, અકસ્માત, ટ્રાફિકની ભીડ, પ્રદૂષણ અને હવામાન સંબંધિત માહિતી માટે ઉપકરણ લગાવીને સ્માર્ટ સિટીના વાતાવરણને સ્થાપિત કરવામાં આવ્યું છે. સ્માર્ટ સિટી મિશનમાં 2017-18માં સમાવિષ્ટ આ શહેરમાં આંતરરાષ્ટ્રીય કન્વેન્શન સેન્ટર રૂદ્રાક્ષ, આધુનિક સુવિધાઓથી સજ્જ નમો ઘાટ, સમગ્ર શહેરની સીસીટીવી દ્વારા દેખરેખ, પ્રવાસન સુવિધાઓ, અદ્યતન ટેકનોલોજીથી શહેરને સજ્જ કરવામાં આવ્યું છે. શહેરની બદલાયેલી આ તસવીર સરળતાથી જોઈ અને અનુભવી શકાય છે."

વિકસિત ભારતના વિરાટ લક્ષ્યને પૂરું કરવા માટે રાષ્ટ્રએ વિકાસનો જે માર્ગ અપનાવ્યો છે તેમાં સુવિધાઓ પણ છે અને સંવેદનાઓ પણ છે. ઘણી યોજનાઓ હેઠળ શહેરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ફેરફાર પણ કરવામાં આવ્યા છે. અમૃત મિશન, રેરા કાયદો, મેટ્રો રેલનું વિશાળ નેટવર્ક, ઈલેક્ટ્રિક બસ, સુરક્ષાની ટેકનોલોજી આધારિત મોનિટરિંગના કારણે શહેરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માહોલમાં પરિવર્તન જોવા મળ્યું છે. આ દરમિયાન સ્માર્ટ સિટી મિશન હેઠળ ચાલી જે કામ કરવામાં આવી રહ્યાં છે તેના કારણે સુવિધાઓ પણ વધારો થઈ રહ્યો છે. આવનજાવન માટે વધુ સારા માધ્યમો ઉપલબ્ધ થઈ રહ્યા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું માનવું છે કે જ્યાં સુધી આપણે વસ્તુઓ પર ટુકડે ટુકડે ધ્યાન આપીશું ત્યાં સુધી કોઈ પરિવર્તન નહીં આવી શકે. આપણે એક વ્યાપક, એકબીજા સાથે જોડાયેલા અને દૂરંદેશીલક્ષી અભિગમ અપનાવવાની જરૂર છે. આ દ્દષ્ટિકોણ સાથે સ્માર્ટ સિટી મિશનની શરૂઆત કરવામાં આવી હતી અને તેમાં 100 શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પરિવર્તનકારી મિશનનો ઉદ્દેશ્ય શહેરોમાં પાયાની માળખાકીય સુવિધા પૂરી પાડવા, તેના નાગરિકોને ગુણવત્તાયુક્ત જીવન, સ્વચ્છ અને ટકાઉ માહોલ પૂરો પાડવા, શહેરી વસ્તીની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે બહુ-સ્તરીય વ્યૂહરચના પર કામ કરવાનો છે.

સ્માર્ટ સિટી મિશન હેઠળના 22 શહેરો પસંદ કરવામાં આવ્યા છે જેમાં આગરા, વારાણસી, રાંચી, ભોપાલ, ઈન્દોર, ઉદયપુર, પુણે, પિમ્પરી ચિંચવાડ, અમદાવાદ, સુરત, ચેન્નઈ, કાકીનાડ, કોઈમ્બતુર, ઈરોડ, ભુવનેશ્વર, સાલેમ, વિશાખાપટ્ટનમ, વેલ્લોર, મદુરાઈ, અમરાવતી, તિરુચિરાપલ્લી અને તંજાવુરનો સમાવેશ થાય છે. આ શહેરોએ સ્માર્ટ સિટી મિશનના લગભગ તમામ પરિમાણોને પૂર્ણ કર્યા છે. બાકીના 78 પસંદ કરવામાં આવેલા શહેરોને વધુ સિટીઝન ફ્રેન્ડલી અને ટકાઉક્ષમ બનાવવાના મિશન હેઠળ વિવિધ પ્રોજેક્ટ પર કાર્યો ચાલી રહ્યા છે અને એવી અપેક્ષા છે કે તે શહેરો પણ ટૂંક સમયમાં ધોરણોને પૂરાં કરશે. કામની પ્રગતિનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે વર્ષ 2018માં જ્યાં વાર્ષિક ખર્ચ 1000 કરોડ રૂપિયા હતો તે હવે વધીને 45 હજાર કરોડ રૂપિયાથી વધુ થઈ ગયો છે. અત્યાર સુધીમાં, 80થી વધુ સ્માર્ટ સિટીમાં ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર કાર્યરત થઈ ગયા છે. આ કેન્દ્રો (ICCC) એ કોવિડ મેનેજમેન્ટ માટે વોર-રૂમ તરીકે કામ કરીને મહામારી સામે લડવામાં ઘણી મદદ કરી હતી.

જેમ જેમ વસ્તીમાં વધારો થતો જાય છે, તેમ તેમ વધુને વધુ લોકો શહેરી વિસ્તારોમાં સ્થળાંતર કરી રહ્યા છે. ભારતની વર્તમાન વસ્તીમાંથી 31% લોકો હાલમાં શહેરોમાં રહે છે, જે GDPમાં 63% યોગદાન આપે છે. વર્ષ 2030 સુધીમાં, ભારતની 40% વસ્તી શહેરોમાં રહેતી હશે અને GDPમાં તેમનું યોગદાન 75% સુધી પહોંચી જશે તેવી અપેક્ષા છે. આના માટે સામાજિક અને આર્થિક માળખાકીય સુવિધાઓની સાથે સાથે વ્યાપક વિકાસ કરવાની જરૂર છે. જીવનની ગુણવત્તા સુધારો લાવવા, રોકાણ આકર્ષવા, પ્રગતી અને વિકાસના સારા ચક્રને ગતિ આપવામાં સ્માર્ટ સિટી મિશનની ભૂમિકા ઘણી મહત્વપૂર્ણ હોય છે.

સ્માર્ટ સિટી મતલબ કે, સ્માર્ટ ડિઝાઈન, સુવિધાઓ, સ્માર્ટ પરિવહનની સાથે સાથે ટેકનોલોજી દ્વારા જટિલતાઓને ઉકેલીને જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો તે ઉલ્લેખ કરે છે. આ ભૂમિકાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર સ્માર્ટ સિટી મિશનમાં મોટાપાયે રોકાણ કરી રહી છે. ડિજિટલ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, શહેરી આયોજન શ્રેષ્ઠ પ્રથાઓ, જાહેર-ખાનગી ભાગીદારી સાથે દેશ આગળ વધી રહ્યો છે. આ મિશન શહેરો માટે એક પ્રકાશસ્તંભનું કામ કરી રહ્યું છે. ●

## ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર



- સ્માર્ટ સિટી પ્રોજેક્ટ માટે 100 શહેરોની પસંદગી કરવામાં આવી છે.
- 1,80,056 કરોડ રૂપિયાથી વધુના કુલ 7,847 પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.
- 1,06,969 કરોડ રૂપિયાના 5732 પ્રોજેક્ટ પૂરા કરવામાં આવ્યા છે.
- 73,087 કરોડ રૂપિયાના 2115 પ્રોજેક્ટ પર હાલમાં કામ ચાલી રહ્યું છે.
- 80થી વધુ ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર કાર્યરત છે, આના પર લગભગ રૂ. 9,000 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.
- 721 સ્માર્ટ માર્ગ પ્રોજેક્ટનું કામ લગભગ પૂરું થઈ ગયું છે.

> 'સ્માર્ટ સિટી' એ માત્ર શહેરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સુધારવાનું અભિયાન નથી, પરંતુ તે દેશને નવી ઓળખ આપવાનું મિશન છે. તે યંગ ઈન્ડિયા અથવા ન્યૂ ઈન્ડિયાનું પ્રતીક છે.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

# ભારતના વિકાસ પ્રત્યે અટલ સમર્પણના નવ વર્ષ









**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારના 9 વર્ષની સેવા, સુશાસન, ગરીબ કલ્યાણ, વિકાસ અને પ્રયાસ, તેમજ સૌને સાથે લાખીને આગળ વધવાના રહ્યા છે. આમાં લોકોને જન ધનથી સ્વાભિમાન મળ્યું છે તો ખેડૂતોને સન્માન મળ્યું છે. મહિલાઓને ઉજ્જવલાની ભેટ મળે તો ગરીબોને રહેવા માટે ઘર મળ્યાં છે. જળ જીવન મિશનની ભેટ મળી છે તો ખેતી પર કુદરતી આફતોની અસર ન પડે તે માટે પાક વીમાનું રક્ષણ પણ મળ્યું છે. કોઈના પર સારવારનો બોજ ન પડે તે માટે આયુષ્માન આપવામાં આવ્યું છે, તો કોવિડના સમયગાળા દરમિયાન રસીકરણનો રામબાણ ઉપાય પણ આપવામાં આવ્યો છે. વારસાનો પુનરોદ્ધાર કરવામાં આવ્યો છે અને કલાકૃતિઓને નવી ઓળખ પણ મળી છે. આ ગાથા છે બલિદાનની, નવા ભારતના નિર્માણની, આ દૃષ્ટાંત છે વિકાસનું...**

## પ્રધાનમંત્રીએ વિકાસની સફર દર્શાવતી વેબસાઈટની લિંક શેર કરી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છેલ્લાં નવ વર્ષમાં સરકાર હેઠળની વિકાસ યાત્રા દર્શાવતી વેબસાઈટની લિંક શેર કરી છે. પ્રધાનમંત્રી મોદીએ દરેકને વેબસાઈટની મુલાકાત લેવા માટે અને વિવિધ સરકારી યોજનાઓનો લોકોને કેવી રીતે લાભ મળ્યો છે તે જોવા માટે આમંત્રણ આપ્યું છે. પ્રધાનમંત્રી મોદીએ ટ્વીટ કરીને કહ્યું હતું કે, ભારતના વિકાસ પ્રત્યે અટલ સમર્પણના નવ વર્ષ. તેમણે વિકાસ-યાત્રાની ઝલક મેળવવા માટે દરેક લોકોને nm-4.com/9yrsofseva સાઈટની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું છે.







## ગરીબોની સેવા, વંચિતોનું સન્માન

**04** | કરોડ કરતાં વધારે મકાનોને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મંજૂરી આપી

- ઈ-શ્રમ પોર્ટલ પર 28.90 કરોડ અસંગઠિત કામદારોની નોંધણી કરવામાં આવી હતી.

**29** | લાખ કરોડ રૂપિયા સીધા લાભાર્થીઓના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા.

- સ્વચ્છ ભારત અભિયાન હેઠળ 11 કરોડથી વધુ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

**80** | કરોડથી વધુ લોકોને પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ મફત અનાજ પૂરું પાડવામાં આવ્યું.

વર્ષ 2014માં જ્યારે ભારતની જનતાએ પોતાનો ભરોસો દર્શાવીને નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારને દેશની આશાઓ અને આકાંક્ષાઓ પૂરી કરવા માટે જવાબદારી સોંપી, ત્યારે સરકારે પણ આ જવાબદારી ખરા દિલથી સ્વીકારી લીધી અને નવ વર્ષમાં ભારતના વિકાસની નવી પરિભાષા બનાવી. જનભાગીદારીના પરિણામે જ, ગરીબ હોય કે વંચિત, નારી શક્તિ હોય કે યુવા શક્તિ, દરેક વર્ગનું સશક્તી કરવામાં આવ્યું છે. આ દરમિયાન, દેશે તમામ ક્ષેત્રોમાં નવનિર્માણનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ સાથે જ, કેન્દ્ર સરકારે આ 9 વર્ષમાં સતત નવી સિદ્ધિઓ હાંસલ કરી છે અને ન્યૂ ઈન્ડિયાની આકાંક્ષાઓને પૂર્ણ કરી રહી છે.

કેન્દ્રની વર્તમાન સરકારે અગાઉની સરકારો દ્વારા અધૂરા છોડવામાં આવેલા પ્રોજેક્ટ્સને અદ્ભુત અને અભૂતપૂર્વ ઝડપે આગળ ધપાવ્યા છે તેની સાથે સાથે, ઘણા નવા પ્રોજેક્ટનો શિલાન્યાસ કરીને સમય પહેલાં જ સફળતાપૂર્વક તેને પૂરા કર્યા છે. 2014 પહેલાં જ્યાં વિકાસના નામે પ્રોજેક્ટનું કામ પૂરું કરવામાં વર્ષો લાગી જતા હતા, ત્યાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારમાં તેની ઝડપ વધી ગઈ છે. આપણે રેલ્વે લાઈનોના 100 ટકા વિદ્યુતીકરણનું લક્ષ્ય હાંસલ કરવા જઈ રહ્યા છીએ. પાયાની જરૂરિયાત હોવા છતાં અગાઉની સરકારોમાં દરેક ગામડા સુધી રોડ કનેક્ટિવિટી પહોંચતી ન હતી, જ્યારે હવે છેવાડાના ગામડાઓ અને અંતરિયાળ વિસ્તારો સુધી માર્ગો પહોંચી રહ્યા છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગો બનાવવામાં આવી રહ્યા છે. આ પણ પોતાની રીતે વર્લ્ડ રેકોર્ડ જ છે. દેશમાં જ્યાં 2014 પહેલાં હવાઈમથકોની સંખ્યા માત્ર 74 હતી જે હવે વધીને 148 થઈ ગઈ છે. IIT, IIM અને એઈમ્સ જેવી સંસ્થાઓ ખોલવામાં આવી રહી છે જેથી દેશના યુવાનો વધુ સારું શિક્ષણ મેળવી શકે. આપણે અત્યાર સુધી મોબાઈલ મેન્યુફેક્ચરિંગમાં અન્ય દેશો પર નિર્ભર હતા જ્યારે હવે આપણે મેડ ઈન ઈન્ડિયા હેઠળ 260થી વધુ મોબાઈલ મેન્યુફેક્ચરિંગ યુનિટની મદદથી વિદેશમાં નિકાસ કરી રહ્યા છીએ. બ્રિટિશ અર્થતંત્રને પાછળ છોડીને હવે ભારત વિશ્વની 5મી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ગયું છે. આ ઉપરાંત, અતૂટ સંકલ્પ સાથે, દેશ પોતાના સાંસ્કૃતિક વારસાને પુનઃસ્થાપિત કરી રહ્યો છે અને અમૂલ્ય કલાકૃતિઓ તેમજ પ્રાચીન શિલ્પોને સફળતાપૂર્વક સ્વદેશ લાવી રહ્યો છે.

## નારી શક્તિને નવી ગતિ મળી રહી છે



- ઉજ્જવલા યોજના હેઠળ 9.6 કરોડથી વધુ ગેસ કનેક્શન આપવામાં આવ્યા.
- ભારતમાં પહેલી વખત દર 1,000 પુરુષોએ 1,020 સ્ત્રીઓનો રેશિયો.
- મહિલાઓના ઉદ્યમશીલતાના સપનાને સાકાર કરવા માટે 27.7 કરોડથી વધુ મુદ્રા લોન ઈશ્યુ કરવામાં આવી.



- મહિલાઓને સશક્ત બનાવવા માટે 27 કરોડથી વધુ જનધન બેંક ખાતા ખોલવામાં આવ્યા છે.
- પેઈડ મેટરનિટી લીવનો સમયગાળો 12 અઠવાડિયાથી લંબાવીને 26 અઠવાડિયા કરવામાં આવ્યો.
- 3.18 કરોડ સુકન્યા સમૃદ્ધિ યોજના ખાતા ખોલવામાં આવ્યા છે.



- પ્રધાનમંત્રી માતૃવંદના યોજના હેઠળ 3.03 કરોડથી વધુ મહિલાઓને ચુકવણી કરવામાં આવી છે.
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ, 70 ટકા રજિસ્ટ્રી એકલા અથવા સંયુક્ત રીતે મહિલાઓના નામે કરવામાં આવી છે.

## યુવા શક્તિની આકાંક્ષાઓ પૂરી થઈ રહી છે

- પ્રધાનમંત્રી રોજગાર પ્રોત્સાહન યોજના હેઠળ 1.21 કરોડ લોકોને લાભ મળ્યો છે.
- 390 નવી યુનિવર્સિટીઓ સ્થાપવામાં આવી.
- કુલ 23 IIT અને 20 IIMની સ્થાપના કરવામાં આવી છે.
- પીએમ શ્રી હેઠળ 14,500 શાળાઓને અપગ્રેડ અને વિકસિત કરવામાં આવી રહી છે.
- લગભગ ચાર દાયકા પછી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આવી.
- 9 વર્ષમાં દેશમાં 273 નવી મેડિકલ કોલેજો ખોલવામાં આવી.
- 2016થી અત્યાર સુધીમાં 10,000 અટલ ટિંકરિંગ લેબની સ્થાપના કરવામાં આવી.
- સમગ્ર દેશમાં 733 ખેલો ઈન્ડિયા કેન્દ્રોને મંજૂરી આપવામાં આવી.
- નોન-ગેઝેટેડ જગ્યાઓ પર ભરતી માટે ઈન્ટરવ્યુ નાબૂદ કરાયા.

## ખેડૂતોનું કલ્યાણ સુનિશ્ચિત થઈ રહ્યું છે

- પીએમ કિસાન સન્માન નિધિ દ્વારા 11 કરોડથી વધુ ખેડૂતોને દર વર્ષે 6 હજાર રૂપિયાનો લાભ મળે છે.
- 221.06 મેટ્રિક ટન દૂધનું ઉત્પાદન, 9 વર્ષમાં 51 ટકાનો વધારો.
- પીએમ ફસલ વીમા યોજનાથી ખેડૂતોને લાભ મળી રહ્યો છે.
- આ સમયે કૃષિ ક્ષેત્રમાં 7,000 થી વધુ અને શ્રીઅન્નમાં 500થી વધુ સ્ટાર્ટઅપ્સ છે.
- નીમ કોટેડ યુરિયા, સોઈલ હેલ્થ કાર્ડ, સિંચાઈ યોજના, ઈ-નામ જેવા પગલાંઓ લેવાથી ખેડૂતોનું જીવન સરળ બની શક્યું છે.
- 1,260થી વધુ મંડીઓ અને 1.74 કરોડથી વધુ ખેડૂતોને e-NAM પ્લેટફોર્મ પર નોંધવામાં આવ્યા છે.

## પૂર્વોત્તર બની રહ્યો છે વિકાસનું નવું એન્જિન

- AFSPA વિસ્તારોમાં 75% ઘટાડો.
- આદિવાસી આસામ શાંતિ સમજૂતી 2022 અને બોડો, નાગા, કાર્બી, NLFT(SD) સાથે શાંતિ કરારથી પૂર્વોત્તર પ્રદેશમાં શાંતિ સ્થપાઈ.
- 1.55 લાખ હેક્ટર જમીનનો ઉપયોગ ઓર્ગેનિક ખેતી માટે કરવામાં આવી રહ્યો છે.
- વાંસ અને તેને સંબંધિત ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે રાષ્ટ્રીય વાંસ મિશનની સ્થાપના કરવામાં આવી.
- 16 વર્ષ બાદ બોગી બીલ પુલની પ્રતીક્ષા પૂરી થઈ.
- છેલ્લા નવ વર્ષમાં 7 હવાઈમથકોનું નિર્માણ કરાયું.
- હાલમાં 4,016 કિમીની માર્ગ પરિયોજનાઓના કામ ચાલી રહ્યાં છે.
- આસામમાં 12 મેડિકલ કોલેજની સ્થાપના કરવામાં આવી રહી છે.
- રાજ્યોના પાટનગરોને બ્રોડગેજથી જોડવામાં આવી રહ્યાં છે.
- પૂર્વોત્તર માટે 22,000 કરોડ રૂપિયાના લગભગ 2,000 પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.
- વન ધન યોજના હેઠળ 3.3 લાખ સંગ્રાહકોને લાભ મળ્યો.

## મધ્યમ વર્ગના જીવનમાં સુગમતા

- 7 લાખ સુધીની વાર્ષિક આવક પર કર મુક્તિ.
- ભારતના 20 શહેરોમાં 845 કિલોમીટરના કુલ મેટ્રો ટ્રેકનું નિર્માણ. 2014માં મેટ્રો માત્ર 5 શહેરોમાં હતી જે હવે 20 શહેરોમાં પહોંચી ગઈ છે.
- જન ઔષધિ કેન્દ્ર દ્વારા લોકોએ 20 હજાર કરોડ રૂપિયાથી વધુની બચત કરી છે.
- UDAN યોજના હેઠળ લગભગ 1.16 કરોડ લોકોએ હવાઈ મુસાફરીનો લાભ લીધો.
- સમગ્ર દેશમાં મે મહિના સુધીમાં 18 સેમી હાઈ-સ્પીડ વંદેભારત ટ્રેનો શરૂ થઈ.
- ઉજાલા યોજના હેઠળ 36.8 કરોડથી વધુ LED બલ્બ આપવામાં આવ્યા.
- 9 વર્ષમાં 54,000 કિમી NH, 616 કિમી મેટ્રો રેલ, 74 નવા હવાઈમથકોનું નિર્માણ કર્યું.
- 2014થી અત્યાર સુધીમાં 7 નવા IIT, 7 નવા IIM, 16 નવી એઈમ્સ, 273 મેડિકલ કોલેજો અને 353 નવી યુનિવર્સિટીઓ ખોલવામાં આવી.

## સૌના માટે સહજ અને ઉત્તમ સ્વાસ્થ્ય સેવાઓ

- 220 કરોડથી વધુ કોવિડ રસીના ડોઝ આપ્યા.
- 9,304 થી વધુ જન ઔષધિ કેન્દ્રો ખોલ્યા.
- મિશન ઈન્દ્રધનુષ દ્વારા 5.65 કરોડથી વધુ માતાઓ અને બાળકોને રસીથી સુરક્ષા મળી.
- 37 કરોડથી વધુ ડિજિટલ હેલ્થ આઈડી બનાવવામાં આવ્યા.
- વિશ્વની સૌથી મોટી સ્વાસ્થ્ય વીમા યોજના આયુષ્માન ભારત - PMJAYમાં 5 લાખ રૂપિયા સુધીનું વીમા કવચ, 50 કરોડથી વધુ ભારતીયોને રાહત આપવાનું લક્ષ્ય, હાલમાં 22 કરોડ લોકોને સારવારના ખર્ચમાં મુક્તિ મળી ગઈ છે.
- 1.59 લાખથી વધુ આયુષ્માન ભારત આરોગ્ય અને સુખાકારી કેન્દ્રો.
- 3 કરોડથી વધુ નાગરિકોએ અમૃત ફાર્મસીમાંથી સસ્તી દવાઓ ખરીદીને બચત કરી.
- જન ઔષધિ કેન્દ્રો પર સારી દવાઓ 50 થી 90% સસ્તા ભાવે ઉપલબ્ધ છે.



## રાષ્ટ્ર પ્રથમ: વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા

- યુદ્ધગ્રસ્ત સુદાનમાંથી 3000થી વધુ ભારતીયોને વતન પરત લાવવામાં આવ્યા.
- ઓપરેશન દોસ્ત હેઠળ, 5945 ટનની કટોકટી રાહત સામગ્રી સીરિયા અને તુર્કી મોકલવામાં આવી.
- યુક્રેનમાંથી 23,000 ભારતીયોને સુરક્ષિત રીતે વતન પરત લાવવામાં આવ્યા.
- વેક્સિન મૈત્રી દ્વારા 100થી વધુ દેશો માટે 29.2 કરોડ વધુ કોવિડ-19 રસીઓ પહોંચાડવામાં આવી.
- વંદેભારત મિશન, એર બબલ ઉડાનો દ્વારા 2.97 કરોડથી વધુ લોકોને લાવવામાં આવ્યા.
- ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડને 7 સંરક્ષણ PSUમાં રૂપાંતરિત કરવામાં આવ્યું.
- સંરક્ષણ સ્વદેશીકરણની યાદીમાં 4100 થી વધુ વસ્તુઓ ઉમેરવામાં આવી.
- ઓટોમેટિક રૂટ દ્વારા સંરક્ષણમાં 74% FDI.
- સંરક્ષણ સ્ટાર્ટઅપ્સ માટે લગભગ રૂ. 500 કરોડ મંજૂર (નાણાકીય વર્ષ 2021-22 થી 2025-26 સુધી).
- કલમ 370 અને કલમ 35A હટાવવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો.

## ભારત, વૈશ્વિક આર્થિક મહાશક્તિ

- 2023 સુધીમાં ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બન્યું.
- ઓક્ટોબર 2021માં સેવા PMI 58.4ની દસ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી ગયો.
- 6.60 લાખ કરોડથી વધુની બેડ લોનની વસૂલાત કરી.
- ભારતમાં હવે 100થી વધુ યુનિકોર્ન છે.
- નાણાકીય વર્ષ 2022-23માં ઈલેક્ટ્રોનિક સામાનની નિકાસ 50% વધીને $23.57 બિલિયન થઈ ગઈ.
- કોવિડ દરમિયાન અર્થતંત્રને બચાવવા માટે રૂ. 27.1 લાખ કરોડનું આત્મનિર્ભર ભારત પેકેજ.
- આગામી 5 વર્ષમાં 60 લાખ વધારાની નોકરીઓનું સર્જન કરવા માટે PLI યોજના શરૂ કરી.

## ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં ઝડપથી સુધારો થઈ રહ્યો છે

- 2014થી અત્યાર સુધીમાં માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ બજેટની ફાળવણીમાં 500% વધારો.
- 99% ગ્રામીણ રોડ કનેક્ટિવિટી.
- પીએમ ગત શક્તિ માસ્ટર પ્લાન સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર.
- AMRUT હેઠળ શહેરી વિકાસ માટે 4832 પ્રોજેક્ટ સંપન્ન થયા.
- પ્રધાનમંત્રી મોદીએ પ્રગતિ બેઠકો દ્વારા 311થી વધુ પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી.
- 2014થી અત્યાર સુધીમાં 3.28 લાખ કિલોમીટરના ગ્રામીણ રસ્તાઓ બનાવવામાં આવ્યા.
- ધોરીમાર્ગોના નિર્માણની ઝડપ 37 કિમી/દિવસ સુધી પહોંચી ગઈ.
- રાષ્ટ્રીય જળમાર્ગ અધિનિયમ, 2016 હેઠળ, 111 જળમાર્ગોને રાષ્ટ્રીય જળમાર્ગો (NW) તરીકે જાહેર કરવામાં આવ્યા છે.
- વિશ્વ કક્ષાની 400 વંદે ભારત ટ્રેનોની મદદથી હવે મુસાફરી અનુકૂળ રહેશે.

## ટેકનોલોજી દ્વારા ભારતને મળી નવી શક્તિ

- 2021માં ભારતમાં 121 કરોડ મોબાઈલ સબસ્ક્રાઈબર, 79 કરોડ લોકો સ્માર્ટ ફોનનો ઉપયોગ કરે છે.
- 1.98 લાખ ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ ફાઈબરથી જોડવામાં આવી છે.
- DBT દ્વારા રૂ. 2.73 લાખ કરોડથી વધુની બચત. માર્ચ 2023માં 868 કરોડ UPI ટ્રાન્ઝેક્શન.
- GeM પોર્ટલ પર રૂ. 3.90 લાખ કરોડની વિક્રમી ખરીદી.
- 2022માં, વિશ્વના 46% ડિજિટલ ટ્રાન્ઝેક્શન માત્ર ભારતમાં થયા હતા.
- પ્રતિ GB ડેટાની કિંમત 308 રૂપિયાથી ઘટીને 9.94 રૂપિયા કરતાં ઓછી થઈ ગઈ છે.
- દેશભરના 669 જિલ્લાઓમાં નવા સ્ટાર્ટ-અપ શરૂ થયા.
- છેલ્લા 5 વર્ષમાં ભારતમાં ઈન્ટરનેટ યુઝર્સ બમણાથી પણ વધુ થઈ ગયા છે.

“

**આજે, જ્યારે અમે રાષ્ટ્રની સેવાના નવ વર્ષ પૂરાં કરી રહ્યા છીએ, ત્યારે હું નમ્રતા અને કૃતજ્ઞતાથી છલકાઈ ગયો છું. અમે લીધેલા દરેક નિર્ણયો, અમે લીધેલા દરેક પગલાં લોકોના જીવનને સુધારવાની ઈચ્છાથી માર્ગદર્શિત છે. અમે વિકસિત ભારતના નિર્માણ માટે નિરંતર સખત પરિશ્રમ કરવાનું ચાલુ રાખીશું.**

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**



## પર્યાવરણ અને નિરંતર વિકાસ


- 2022માં વાઘની ગણતરી પ્રમાણે ભારતમાં કુલ 3167 વાઘ છે જે એક વિક્રમ છે.
- ભારતે નિર્ધારિત કરતાં 9 વર્ષ વહેલા જ COP-21 લક્ષ્ય હાંસલ કર્યું છે.
- 2014 પછીથી સૌર ઉર્જાના દરમાં 62% ઘટાડો થયો.
- અક્ષય ઉર્જાની ક્ષમતા બે ગણાથી પણ વધુ.
- PM-KUSUM અંતર્ગત 35 લાખ કૃષિ સોલાર પંપ લગાવાશે.
- 12 ભારતીય દરિયાકાંઠે પાસે હવે બ્લુ ફ્લેગ સર્ટિફિકેટ.
- નમામી ગંગે મિશન હેઠળ રૂ. 35,415 કરોડથી વધુના પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવ્યા છે.
- 2014થી સૌર ઉર્જાની સ્થાપિત ક્ષમતામાં 2300%નો વધારો થયો.

## સાંસ્કૃતિક વારસાનું રક્ષણ

- વિશ્વ સ્તરીય કાશી વિશ્વનાથ કોરિડોર અને મહાકાલ પ્રોજેક્ટ.
- 2014થી અત્યાર સુધીમાં 231 ચોરાયેલી કલાકૃતિઓ ભારત પરત લાવવામાં આવી, 2014 સુધીમાં માત્ર 13 જ પરત લાવવામાં આવી હતી.
- 3.5 કરોડ રૂપિયાના ખર્ચે સોમનાથ મંદિર પુનઃનિર્માણ પ્રોજેક્ટ.
- 2020માં રામ મંદિરનો પાયો નાખવામાં આવ્યો.
- 207.3 કરોડના ખર્ચે કેદારનાથ પુનરોદ્ધાર પરિયોજનાનો અમલ કર્યો.
- રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક અને રાષ્ટ્રીય પોલીસ સ્મારકનું નિર્માણ થયું.
- 10 નવા આદિવાસી અથવા સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલયોની સ્થાપના કરવામાં આવી રહી છે.
- સ્વદેશ દર્શન અંતર્ગત 75 પ્રવાસી સર્કિટનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. હૃદય (HRIDAY) યોજના હેઠળ 12 હેરિટેજ શહેરોનો વિકાસ.
- શીખ યાત્રાળુઓ માટે કરતારપુર સાહિબ કોરિડોરનું ઉદ્ઘાટન.

**ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ 2023**

# રમતોથી સમાજના સશક્તિકરણનો નવો યુગ આવ્યો છે





**છેલ્લાં નવ વર્ષમાં ભારતમાં રમતગમતનો એક નવા યુગનો આરંભ થયો છે, જે ભારતને રમતગમતમાં એક મહાન શક્તિ બનાવવાની સાથે સાથે રમત દ્વારા સમાજને સશક્ત બનાવવાનો યુગ પણ છે. કેન્દ્ર સરકારની નીતિઓને કારણે હવે રમતગમતને એક આકર્ષક વ્યવસાય તરીકે જોવામાં આવી રહી છે. આમાં 'ખેલો ઈન્ડિયા' મોટી ભૂમિકા ભજવે છે. આ શ્રેણીમાં, 25 મેના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સ-2023નો પ્રારંભ કર્યો હતો**

રમતગમત આપણને આપણા અંગત હિતથી ઉપર ઉઠવા અને સામૂહિક સફળતા પ્રાપ્ત કરવા પ્રેરણા આપે છે. તિરંગાના ગૌરવને નવી ઉંચાઈઓ પર લઈ જવાની જવાબદારી ખેલાડીઓની છે. જ્યારે પરિસ્થિતિઓ ખેલાડીઓની વિરુદ્ધ હોય ત્યારે પણ ખેલાડીઓ પોતાનો સંયમ ગુમાવતા નથી અને હંમેશા નિયમોને વળગી રહે છે. નિયમો અને કાયદાની મર્યાદામાં રહીને પ્રતિસ્પર્ધીને ધીરજથી હરાવવામાં આવે એ જ ખેલાડીની સાચી ઓળખ છે. એક સફળ ખેલાડી ત્યારે જ મહાન એથલિટ બને છે જ્યારે તે હંમેશા ખેલદિલી અને ગૌરવની વિચારધારાનું પાલન કરે છે.

ઉત્તરપ્રદેશના અલગ અલગ શહેરોમાં યોજવામાં આવેલા ખેલો ઈન્ડિયા અથવા યુનિવર્સિટી ગેમ્સ-2023માં 21 પ્રકારની રમત સ્પર્ધાઓ યોજાઈ હતી. તેમાં 200થી વધુ યુનિવર્સિટીઓના 4,750થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ઉત્તર પ્રદેશ રમતગમતની પ્રતિભાઓનું સંગમ સ્થળ બની ગયું છે.


**ખેલો ઈન્ડિયામાં 23 હજાર મહિલા ખેલાડીઓએ ભાગ લીધો**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં, રમતગમતને એક વિષય તરીકે લેવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જ્યાં તે અભ્યાસક્રમનો ભાગ બનશે. દેશની પ્રથમ નેશનલ સ્પોર્ટ્સ યુનિવર્સિટીનું નિર્માણ આ ઉદ્દેશ્યને વધુ મજબૂત કરશે. રાજ્યોમાં રમતગમત પર આધારિત વિશિષ્ટ ઉચ્ચ શિક્ષણની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે. દેશભરમાં 1,000 ખેલો ઈન્ડિયા કેન્દ્રો અને 12 રાષ્ટ્રીય શ્રેષ્ઠતા કેન્દ્રો પણ શરૂ થયા છે. ખેલો ઈન્ડિયાએ ભારતની પરંપરાગત રમતોની પ્રતિષ્ઠા પણ પુનઃસ્થાપિત કરી છે. ખેલો ઈન્ડિયા કાર્યક્રમમાં અલગ અલગ વય જૂથોની લગભગ 23 હજાર મહિલા ખેલાડીઓ ભાગ લઈ ચુકી છે.●

> “છેલ્લા 9 વર્ષમાં ભારતમાં રમતગમતનો નવો યુગ શરૂ થયો છે. આ નવો યુગ માત્ર ભારતને વિશ્વની એક મહાન રમતગમતની શક્તિ બનાવવાનો નથી, પરંતુ તે રમત દ્વારા સમાજના સશક્તિકરણનો પણ નવો યુગ છે.”
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

**ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની ત્રીજી આવૃત્તિમાં 4,750 ખેલાડીઓએ ભાગ લીધો**

- આ સ્પર્ધાઓ વારાણસી, ગોરખપુર, લખનઉ અને ગૌતમ બુદ્ધ નગરમાં યોજવામાં આવી હતી જેમાં 200થી વધુ યુનિવર્સિટીઓના 4,750થી વધુ ખેલાડીઓએ 21 રમત સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.
- ઉત્તરપ્રદેશના રાજકીય પશુ બારાશિંગાને ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સનો માસ્કોટ 'જીતુ' બનાવવામાં આવ્યો હતો.
- ખેલો ઈન્ડિયા યુનિવર્સિટી ગેમ્સની ત્રીજી આવૃત્તિનું આયોજન 25 મે થી 3 જૂન દરમિયાન કરવામાં આવ્યું હતું.




ભારતની G-20ની અધ્યક્ષતા

# 'ધરતીના સ્વર્ગ'થી 'દેવભૂમિ' સુધી

# G-20માં ભારતનો એજન્ડા

ભારતની G-20ની અધ્યક્ષતા હેઠળ વૈશ્વિક મુદ્દાઓને ઉકેલવા માટે બેઠકો ચાલી રહી છે. ભારતમાં ધરતીના સ્વર્ગ તરીકે ઓળખાતા જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 હટાવ્યા બાદ પ્રથમ વખત શ્રીનગરમાં આંતરરાષ્ટ્રીય સ્તરની બેઠક યોજવામાં આવી છે. અહીં G-20 પર્યટન કાર્યકારી સમૂહના પ્રતિનિધિઓ પહેલી વખત ભેગા થયા, તો ભ્રષ્ટાચારીઓ સામેની લડાઈને મજબૂત કરવા અને આર્થિક ભાગેડુઓ સામે કડક કાર્યવાહી કરવાનો માર્ગ શોધવા માટે 'ધરતીના સ્વર્ગ'થી 'દેવભૂમિ' તરીકે ઓળખતા ઉત્તરાખંડમાં પહોંચ્યા. પર્યાવરણ અને આબોહવાની પરિસ્થિતિ અંગે મુંબઈ શહેરમાં ચર્ચા કરવામાં આવી હતી. વિશ્વને કાશ્મીરની સુંદરતા બતાવવાની સાથે સાથે, ભારત અહીં સુરક્ષાનો માહોલ બનાવવામાં અને પડોશીઓ સુધી આકરો સંદેશો પહોંચાડવામાં પણ સફળ રહ્યું

### દુનિયાએ નવા કાશ્મીરના વિકાસની તસવીર જોઈ

આબોહવા પરિવર્તન, આતંકવાદ અને મહામારી જેવા જે મોટા પડકારોનો દુનિયા સામનો કરી રહી છે, તેનો ઉકેલ એકબીજા સાથે લડીને નહીં પરંતુ સાથે મળીને કામ કરવાથી મળશે. આવા ઉકેલ અંગે જ G-20 પર્યટન કાર્યકારી સમૂહના પ્રતિનિધિઓની ત્રીજી બેઠક કાશ્મીરના શ્રીનગરમાં 22 થી 24 મે દરમિયાન યોજાઈ હતી. આ બેઠકમાં 5 મુખ્ય અગ્રતા ક્ષેત્રો- ગ્રીન ટુરીઝમ, ડિજિટલાઈઝેશન, કૌશલ્ય, MSME અને સાઈટ મેનેજમેન્ટ પર ચર્ચા કરવામાં આવી હતી. પ્રતિનિધિઓને ભારતમાં ધરતીના સ્વર્ગ તરીકે ઓળખાતા કાશ્મીરની અદભૂત સુંદરતાનો પરિચય કરાવવાની સાથે ત્યાંની સંસ્કૃતિ અને ખાણીપીણી સાથે પણ જોડવામાં આવ્યા હતા.

શ્રીનગરમાં શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કન્વેન્શન સેન્ટર ખાતે યોજવામાં આવેલી બેઠકમાં સમૂહ દ્વારા કચ્છના રણ અને સિલીગુડીમાં યોજવામાં આવેલી બે બેઠકો કરતાં વધુ ભાગીદારી જોવા મળી હતી. ભારતે જમ્મુ અને કાશ્મીરમાં પાયાના સ્તરેથી પરિવર્તન આવ્યું હોવા સંકેત તરીકે વર્ષ 2022માં અત્યાર સુધીના સૌથી વધુ 1.88 કરોડ પ્રવાસીઓનું આગમન રજૂ કર્યું હતું. પ્રતિનિધિઓએ દીર્ઘકાલિન વિકાસના લક્ષ્યો અને G-20 પ્રવાસન મંત્રીઓની ઘોષણાના સાધન તરીકે પર્યટન માટે ગોવા રોડમેપ અંગે પ્રતિનિધિઓએ આપેલી મૂલ્યવાન માહિતી અને પ્રતિક્રિયા આપી જેને અંતિમ સંસ્કરણ એટલે કે, 'પર્યટન કાર્યસમૂહની ચોથી બેઠક'માં રજૂ કરવામાં આવશે.

જમ્મુ અને કાશ્મીરમાં ફિલ્મ પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટેની વ્યૂહરચનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને 'આર્થિક વિકાસ અને સાંસ્કૃતિક સંરક્ષણ માટે ફિલ્મ પ્રવાસન' વિષય પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'ફિલ્મ પ્રવાસન પર રાષ્ટ્રીય વ્યૂહરચના'ના ડ્રાફ્ટ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. કેન્દ્રીય

# ભ્રષ્ટાચારનો સામનો કરવો અને ભાગેડુ આર્થિક અપરાધીઓ પર વિચારમંથન

ભારતે આર્થિક અપરાધીઓને દેશ છોડીને ભાગી જતા અટકાવવા અને ઉદાર કાયદા વાળા મિત્ર દેશોમાંથી તેમના આશ્રયને પ્રતિબંધિત કરવા માટે નિર્ણાયક પગલાં લીધા છે. બેંક ખાતાઓમાં રોકડ સહાયની ચુકવણી સહિત ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપવાથી આર્થિક ગુનાઓને કાબૂમાં લેવામાં ઘણી હદ સુધી સફળતા મળી છે. ઉત્તરાખંડમાં 25 થી 27 મે દરમિયાન યોજવામાં આવેલી ભ્રષ્ટાચાર વિરોધી કાર્યકારી સમૂહની બીજી બેઠકમાં આર્થિક અપરાધીઓ સામે ભારતની સમાન પ્રતિબદ્ધતાઓનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. વૈશ્વિક સ્તરે ભ્રષ્ટાચારનો સામનો કરવા માટે G-20ની પ્રતિબદ્ધતાઓને મજબૂત કરવા માટે પણ અહીં આહ્વાન કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2018માં આર્જેન્ટિનાની G-20ની અધ્યક્ષતા વખતે, ભાગેડુ આર્થિક અપરાધીઓ સામે અને તેમની સંપત્તિ વસૂલવાના હેતુથી સભ્ય દેશોને નવ મુદ્દાનો એજન્ડા આપ્યો હતો. તદનુસાર, G-20 દેશો ભ્રષ્ટાચાર અને અન્ય આર્થિક ગુનાઓ વચ્ચેના સંબંધો શોધવા અને તેનો સામનો કરવાના માર્ગો શોધવા માટે પ્રતિબદ્ધ છે. ભારતની વર્તમાન પ્રાથમિકતાઓ ભ્રષ્ટાચાર સામેની લડાઈને મજબૂત બનાવવા અને ભ્રષ્ટાચારના ગુનેગારોને સ્વદેશ પરત લાવવા તેમજ ચોરેલી સંપત્તિને તેમના મૂળ દેશોને પરત કરવા માટે આંતરરાષ્ટ્રીય સહકાર વધારવાના હેતુથી અગાઉના કરારોને આગળ લઈ જાય છે.

આ બેઠકમાં સભ્ય અને આમંત્રિત દેશોના 90 પ્રતિનિધિઓ તેમજ UNODC, OECD, એગ્મોન્ટ ગ્રુપ, ઈન્ટરપોલ અને IMF સહિત 9 આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ હાજરી આપી હતી. આ બેઠકની અધ્યક્ષતા G-20 ACWGના અધ્યક્ષ રાહુલસિંહે કરી હતી, જેમાં ભ્રષ્ટાચાર અને પારસ્પરિક કાનૂની સહાય, ભાગેડુ આર્થિક અપરાધીઓ, માહિતીના આદાનપ્રદાન માટે સહયોગ માટેના ઔપચારિક, અનૌપચારિક માધ્યમો સહિત અનેક પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.



ભ્રષ્ટાચાર સામેની લડાઈને વધુ મજબૂત કરવા માટે આંતરરાષ્ટ્રીય સહકાર, જાહેર એકમો અને ભ્રષ્ટાચારને રોકવા અને તેનો સામનો કરવાના હેતુ માટે જવાબદાર અધિકારીઓની પ્રામાણિકતા અને અસરકારકતા, ભ્રષ્ટાચારને નાબૂદ કરવામાં ઓડિટ સંસ્થાઓની ભૂમિકા, જાહેર ક્ષેત્રોમાં ભ્રષ્ટાચાર સામે લડવા માટે માહિતી અને સંચાર ટેકનોલોજી (ICT)નો લાભ ઉઠાવવા અને સૌથી મહત્વપૂર્ણ લિંગ અને ભ્રષ્ટાચારના વિષયો પર વિશેષરૂપે ચર્ચા કરવામાં આવી હતી. ભારતે આ બેઠક દરમિયાન એ અનુભવો પણ શેર કર્યા હતા જેમાં ભ્રષ્ટાચાર વિરોધી પ્રયાસોએ મહિલાઓના સશક્તિકરણમાં મદદ કરી છે.

આ બેઠકમાં, પ્રતિનિધિઓએ 'ભ્રષ્ટાચારને રોકવા અને તેનો સામનો કરવા માટે જવાબદાર જાહેર સંસ્થાઓ-સત્તામંડળોની પ્રામાણિકતા અને અસરકારકતાને પ્રોત્સાહન આપવા', 'ભ્રષ્ટાચાર સામે લડવા માટે કાયદાના અમલ સંબંધિત આંતરરાષ્ટ્રીય સહકાર અને માહિતીના આદાનપ્રદાનની પ્રક્રિયાને મજબૂત બનાવવા' અને 'ભ્રષ્ટાચાર સંબંધિત સંપત્તિની વસુલતાના વ્યવસ્થાતંત્રના મજબૂતીકરણ' અંગે સંમતિ વ્યક્ત કરી હતી. ACWGની ત્રીજી બેઠક 9 થી 11 ઓગસ્ટ દરમિયાન કોલકાતામાં યોજવામાં આવશે.

મંત્રીઓ ડૉ. જિતેન્દ્ર સિંહ અને જી. કિશન રેડ્ડીએ શ્રીનગરમાં પર્યટન કાર્યકારી સમૂહમાં સ્પષ્ટ કર્યું હતું કે કાશ્મીરના યુવાનો અત્યંત મહત્વાકાંક્ષી અને ભવિષ્ય લક્ષી છે, તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા ઉભી કરવામાં આવેલી નવી તકોને સરળતાથી સમજી શકે છે. G-20ની બેઠક અને તેને સંબંધિત કાર્યક્રમો જમ્મુ અને કાશ્મીરના યુવાનો માટે રોજગારીની તકો ઉભી કરશે કારણ કે નવું અને શાંતિપૂર્ણ જમ્મુ અને કાશ્મીર માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરના ફિલ્મ નિર્માતાઓને તેની પ્રાચીન સુંદરતાના કારણે હવે વધુ ઝડપથી આકર્ષિત થઈ રહ્યું છે.

કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડીએ કહ્યું હતું કે, ફિલ્મ નિર્માણ માટે ભારત એક ગંતવ્ય બની જશે કારણ કે અહીં સુંદર સ્થળો, પ્રતિભાશાળી ટેકનિશિયનનો, અત્યાધિક પોસ્ટ પ્રોડક્શન સુવિધાઓ છે. G-20માં ભારતના શેરપા અમિતાભ કાંતે કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરથી મોટું કોઈ ફિલ્મ ડેસ્ટિનેશન બીજું કોઈ નથી. આ કાર્યક્રમમાં ફિલ્મ પ્રવાસન માટે રાષ્ટ્રીય નીતિના ડ્રાફ્ટનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.









# ECSWGની ત્રીજી બેઠક બ્લુ ઈકોનોમી પર કેન્દ્રિત રહી

પર્યાવરણ અને આબોહવા પરિવર્તન પરના કાર્યકારી સમૂહની ત્રીજી બેઠક 21 થી 23 મે દરમિયાન મુંબઈમાં યોજવામાં આવી હતી, જેમાં સર્વસંમતિથી સમૂહ સમક્ષ આવતા પરિણામોને સુગમ બનાવવા માટે પ્રતિબદ્ધ વ્યક્ત કરવામાં આવી હતી. આ બેઠકમાં 155 પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. સમૂહની ત્રણ પ્રાથમિકતાઓમાં જમીનના ધોવાણને રોકાવું, સર્ક્યુલર અર્થતંત્રને પ્રોત્સાહન આપવું અને બ્લુ ઈકોનોમીને પ્રોત્સાહિત કરવાનો સમાવેશ થાય છે. ત્રીજી બેઠકમાં બ્લુ ઈકોનોમી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ બેઠક દરમિયાન એક વિશાળ સમુદ્રતટ સ્વચ્છતા કાર્યક્રમ અને ઓશન-20 ડાયલોગ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

મુંબઈના જુહુમાં સમુદ્રતટ સ્વચ્છતા કાર્યક્રમ 'સ્વચ્છતા' અને 'જનભાગીદારી' અંગે પ્રધાનમંત્રી મોદીના સંદેશને અનુરૂપ છે. આ કાર્યક્રમમાં લગભગ 16,000 ઉત્સાહી સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. ઓશન-20 ડાયલોગમાં આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો, સંશોધકો, સામુદાયિક પ્રતિનિધિઓ, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગજગતના અગ્રણીઓએ ભાગ લીધો હતો. આમાં, ઉભરતા વિજ્ઞાન-ટેક્નોલોજી-ઈનોવેશન સંચાલિત ઉકેલો, અસરકારક અને સમાવેશી નીતિ તેમજ શાસનને લગતા પડકારો અને રાષ્ટ્રીય અને પ્રાદેશિક બ્લુ ઈકોનોમીના પ્રયાસોને સમર્થન આપવા માટે નાણાકીય વ્યવસ્થાતંત્ર સ્થાપિત કરવાની રીતો સાથે સંબંધિત પરિબળોની ચર્ચા કરવામાં આવી હતી.

ત્રીજી ECSWG બેઠકનો પ્રાથમિક એજન્ડા સ્તરીય સંચારના ડ્રાફ્ટ પર વિગતવાર ચર્ચા કરવાનો હતો. હવે 28 જુલાઈ, 2023ના રોજ મંત્રી સ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવશે, તે પહેલા 26 અને 27 જુલાઈના રોજ ચેન્નઈમાં ચોથી અને અંતિમ ECSWG બેઠકનું આયોજન કરવામાં આવશે.

### DRRWGના ત્રણ વર્ષના રોડમેપ અંગે ચર્ચા થઇ

ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન વર્કિંગ ગ્રૂપ (DRRWG)ની બીજી બેઠક 23 થી 25 મે દરમિયાન મુંબઈમાં યોજવામાં આવી હતી. આ બેઠકમાં પ્રતિનિધિઓએ આગામી ત્રણ વર્ષ માટે ADRRWG માટેના રોડમેપની ચર્ચા કરી હતી. આ બેઠકમાં 122 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. પ્રતિનિધિઓએ આપત્તિ પ્રતિરોધક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે સંકળાયેલા પ્રોજેક્ટ્સમાં રોકાણ કરવા માટે સંસ્થાના ભંડોળ પર સંમતિ વ્યક્ત કરી હતી. સાથે જ, G-20 દેશોના રાષ્ટ્રીય કાયદાકીય માળખામાં તેને પ્રોત્સાહિત કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આપદા અંગે G-20 દેશોની સારી પ્રથાઓના આદાનપ્રદાનની પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકનો ઉદ્દેશ્ય નવી તકોની ઓળખ કરીને અને રચનાત્મક ધિરાણ વ્યવસ્થાઓની તપાસ કરીને સંવેદનશીલ જૂથો પર આપદાની અસરમાં ઘટાડો કરવાનો છે. આ બેઠકની સમાંતર સુરક્ષિત મુંબઈ, ભવિષ્ય માટે તૈયાર મુંબઈ વિષય પર એક ફોટો પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન વર્કિંગ ગ્રુપની ત્રીજી બેઠક ચેન્નઈમાં 24 થી 26 જુલાઈ દરમિયાન યોજવામાં આવશે. DRRW એ G-20ની અધ્યક્ષતા હેઠળ ભારત દ્વારા હાથ ધરવામાં આવેલી પહેલ છે. ભારતની આ પહેલ ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન 2015 થી 2030 માટે સેન્ડાઈ ફ્રેમવર્કનો એક હિસ્સો છે.



# બેંગલુરુમાં વેપાર અને રોકાણ કાર્યકારી સમૂહની બીજી બેઠક સંપન્ન થઈ

વેપાર અને રોકાણ કાર્યકારી સમૂહની બીજી બેઠક 23 થી 25 મે દરમિયાન બેંગલુરુમાં યોજવામાં આવી હતી. આ બેઠકમાં 75 પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આ બેઠકમાં ખાસ કરીને વિશ્વ વેપાર સંગઠનમાં સુધારો લાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી, જે ભારતની G-20ની અધ્યક્ષતા હેઠળનો 5મો પ્રાથમિકતાનો મુદ્દો છે. મુંબઈમાં યોજવામાં આવેલી આ સમૂહની પ્રથમ બેઠકના તારણો અંગે પણ અહીં ચર્ચા કરવામાં આવી. પાંચ ટેકનિકલ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વેપાર દસ્તાવેજોના ડિજિટલાઈઝેશનના ઉચ્ચ સ્તરીય સિદ્ધાંત, MSME માટે મેટા ઈન્ફોર્મેશન પોર્ટલ બનાવવા માટેનો એક્શન પ્લાન, GVCના મેપિંગ માટેનું માળખું, પારસ્પરિક માન્યતા પ્રાપ્ત સમજૂતીઓ અને G-20 નિયામકો પર શ્રેષ્ઠ પ્રથાઓના સંગ્રહનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

G-20ની અધ્યક્ષતા કરી રહેલું ભારત આર્થિક વૃદ્ધિ અને દીર્ઘકાલિન વિકાસને પ્રોત્સાહન આપવામાં વિશ્વ વેપાર સંગઠનની મહત્વપૂર્ણ ભૂમિકાને ઓળખે છે. આ બેઠકનો ઉદ્દેશ્ય પારદર્શક, સર્વસમાવેશી અને વિકાસલક્ષી સુધારાઓની દિશામાં સહયોગથી કામ કરવાનો છે જેમાં તમામ સભ્યો, ખાસ કરીને વિકાસશીલ અને અલ્પ વિકસિત દેશોના હિતોનું રક્ષણ કરવામાં આવ્યું છે. આ બેઠકમાં પેપરલેસ સિસ્ટમના ફાયદાઓ વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી, જેમાં ઘણા દેશો પેપરલેસ ટ્રાન્ઝેક્શનની દિશામાં સ્થળાંતરણને વેગ આપવા માટે એક સિદ્ધાંત ઘડવા માટે પણ સંમત થયા હતા. ઘણા દેશોના પ્રતિનિધિઓએ MSME માટે મેટા ઈન્ફોર્મેશન પોર્ટલ બનાવવા માટે ભારતને સમર્થન આપ્યું હતું. ભારતે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે તે G-20 સભ્યો દ્વારા પ્રસ્તાવિત મૂલ્ય સંવર્ધનને સ્પષ્ટ રીતે સીમાંકિત કરશે. આ ઉપરાંત, એક વ્યાપક સર્વસંમતિ ઉભરી આવી હતી કે, વૈશ્વિક વેપારમાં MSMEના એકીકરણને વેગ આપવા માટે G-20 એક ઉલ્લેખનીય તક આપે છે જેથી તેઓ દ્વારા સામનો કરવામાં આવતી માહિતીની વિષમતાનો ઉકેલ લાવી શકાય. આ સમૂહની ત્રીજી બેઠક 10 થી 12 જુલાઈ દરમિયાન ગુજરાતમાં કેવડિયા ખાતે યોજવામાં આવશે.

भारत 2023 INDIA

## જૂનના બીજા પખવાડિયામાં યોજનારી બેઠકો

- કૃષિ પ્રતિનિધિઓ અને કૃષિ મંત્રીઓની ત્રીજી બેઠક, 15-17 જૂન, હૈદરાબાદ.
- દીર્ઘકાલિન ફાઈનાન્સ કાર્યકારી સમૂહની ત્રીજી બેઠક, 19-21 જૂન, મહાબલીપુરમ.
- સંયુક્ત સ્વાસ્થ્ય ફાઈનાન્સ ટાસ્ક ફોર્સની ત્રીજી બેઠક, 22 જૂન, વર્ચ્યુઅલ.
- નાણાકીય સમાવેશીતા વૈશ્વિક ભાગીદારીની ત્રીજી બેઠક, 24-26 જૂન, બાલી, ઈન્ડોનેશિયા.
- પર્યટન કાર્યકારી સમૂહની ચોથી બેઠક, 19-20 જૂન, ગોવા.
- પર્યટન મંત્રીઓની બેઠક, 21-22 જૂન, ગોવા.
- શિક્ષણ કાર્યકારી સમૂહની ચોથી બેઠક, 20-21 જૂન, પુણે.
- G-20 શિક્ષણ મંત્રીઓની બેઠક, 22 જૂન, પુણે.
- ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યકારી સમૂહની ત્રીજી બેઠક, 26-28 જૂન, ઋષિકેશ.




પીએમ મોદીનો જાપાન, ઓસ્ટ્રેલિયા અને પાપુઆ ન્યૂ ગિનીનો પ્રવાસ

# વૈશ્વિક પટલ પર ગુંજી ઉઠતું ભારત

**વિદેશની ધરતી પર છેલ્લા કેટલાક વર્ષોમાં અલગ અલગ સમયે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને જે-તે દેશોના વડાઓ અને નાગરિકો તરફથી જે સન્માન મેળવ્યું, તે માત્ર પ્રધાનમંત્રી મોદી કે ભારતનું જ નહીં, પરંતુ દેશના 140 કરોડ લોકોનું સન્માન પણ છે. 19 થી 24 મે સુધી પ્રધાનમંત્રી મોદીના વિદેશ પ્રવાસ દરમિયાન જે દશ્ય જોવા મળ્યું હતું, તેનાથી વિશ્વએ માત્ર દેશની મજબૂત લોકશાહી જ નથી જોઈ, પરંતુ અન્ય ઘણા દેશોને તેનાથી પણ પ્રેરણા મળી છે. આ વિદેશ પ્રવાસ દરમિયાન ફરી એકવાર વિશ્વ સમુદાયે ભારતને વધુ મજબૂત અને સશક્ત થતું જોયું**

ક્વાડ બેઠક દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન પ્રધાનમંત્રી મોદીને ભેટી પડ્યા, જાહેર મંચ પરથી ભારતના પ્રધાનમંત્રીની વૈશ્વિક લોકપ્રિયતા વિશે વાત કરી અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનિસે જાહેર સભામાં પ્રધાનમંત્રી મોદીને 'ધ બોસ' કહીને સંબોધિત કર્યા. પાપુઆ ન્યૂ ગિનીની રાજધાની પોર્ટ મોરેસ્બીમાં પ્રધાનમંત્રી જેમ્સ મારાપેએ પ્રધાનમંત્રી મોદીનાં ચરણ સ્પર્શ કર્યા અને તેમનું સ્વાગત કર્યું, આ બધી જ ઘટનાઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયાની હેડલાઈન્સમાં છવાયેલી રહી. આના પરથી વિશ્વના નકશા પર ભારતની વધી રહેલી શક્તિ અને સ્થિતિ દેખાઈ આવે છે.

પ્રધાનમંત્રી મોદીએ પોતાના છ દિવસના વિદેશ પ્રવાસમાં ત્રણ દેશોની મુલાકાત લીધી હતી. વૈશ્વિક સંગઠનો, દેશોના વડાઓ અને વૈશ્વિક નેતાઓ સાથે 40થી વધુ બેઠકોમાં ભાગ લીધો. આ દરમિયાન, G-7, ક્વાડ, વર્લ્ડ વિશ્વ આરોગ્ય સભાની બેઠકોમાં રાષ્ટ્રની દિશા વિશે ભારપૂર્વક માહિતી આપી. વિવિધ દેશોના વડાઓ સાથે દ્વિપક્ષીય અને વૈશ્વિક મુદ્દાઓ પર વ્યાપક વાટાઘાટો

> પૂર્ણ બહુમતી ધરાવતી સરકારના પ્રતિનિધિ જ્યારે દુનિયાની સમક્ષ કોઈ વાત રજૂ કરે ત્યારે દુનિયાને ભરોસો બેસે છે કે તે વ્યક્તિ એકલી નથી બોલી રહી, 140 કરોડ લોકો બોલી રહ્યા છે. આ મુલાકાતમાં જેટલો પણ સમય મળ્યો, તે દરેક ક્ષણનો મેં દેશ વિશે વાત કરવામાં અને દેશની ભલાઈ માટેના નિર્ણયો લેવામાં પૂરેપૂરો ઉપયોગ કર્યો.
>
> **- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

કરી. સાથે જ, ભારતનો પક્ષ પણ સ્પષ્ટ કર્યો. આબોહવા પરિવર્તન, પર્યાવરણ અને ઉર્જા સુરક્ષા સહિતના વર્તમાન સમયના પડકારો પર વિકાસશીલ દેશોના પક્ષ મજબૂતીથી રજૂ કર્યા અને વિકસિત દેશોને પણ તેમની જવાબદારીઓનું ભાન કરાવ્યું. પ્રધાનમંત્રી મોદીએ સંયુક્ત રાષ્ટ્રની સ્થાપના અને ઉદ્દેશ્યોની સાથે સાથે આતંકવાદ પર એક જ અભિપ્રાય અને પરિભાષા ન થઈ શકવા અંગે ચિંતા વ્યક્ત કરી અને કહ્યું હતું કે, હવે આમાં સુધારા કરવાની જરૂરિયાત છે તે સમય આવી ગયો છે.

### 20મી સદીમાં બનેલી સંસ્થા 21મી સદીની વ્યવસ્થાને અનુરૂપ નથી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ G-7ની બેઠકમાં કહ્યું હતું કે, આપણે શાંતિ અને સ્થિરતાની વાત શા માટે અલગ અલગ મંચ પર કરવી પડે છે તે વિચારવા જેવી બાબત છે. સંયુક્ત રાષ્ટ્રનો પ્રારંભ જ શાંતિ સ્થાપવાના વિચાર સાથે કરવામાં આવ્યો હતો પરંતુ તે આજે વિવાદોને રોકવામાં કેમ સફળ નથી? સંયુક્ત રાષ્ટ્રમાં આતંકવાદની વ્યાખ્યા સુદ્ધા માન્ય થઈ શકી નથી. આ બધી બાબતો પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે વીતેલી સદીમાં જે સંસ્થાઓની સ્થાપવામાં કરવામાં આવી છે તે એકવીસમી સદીની વ્યવસ્થાને અનુરૂપ નથી. એટલા માટે જરૂરી છે કે, સંયુક્ત રાષ્ટ્ર જેવી મોટી સંસ્થામાં સુધારા લાગુ કરવામાં આવે. તેમણે ગ્લોબલ સાઉથનો અવાજ પણ બનવું પડશે. અન્યથા, આપણે સંઘર્ષ સમાપ્ત કરવા અંગે માત્ર ચર્ચા કરતા રહીશું. સંયુક્ત રાષ્ટ્ર અને તેની સુરક્ષા પરિષદ માત્ર વન ટૉક શોપ બની રહેશે. ભારતનો હંમેશા એવો મત રહ્યો છે કે, કોઈપણ તણાવ કે વિવાદનો ઉકેલ શાંતિપૂર્ણ રીતે વાતચીત દ્વારા લાવવો જોઈએ. જો કાયદા દ્વારા કોઈ ઉકેલ આવે તો તે સ્વીકારવો જોઈએ. આ ભાવના સાથે જ ભારતે બાંગ્લાદેશ સાથેની તેની જમીન અને દરિયાઈ સીમાનો ઉકેલ કાઢ્યો હતો.



વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ એ બધાનો સહિયારો ઉદ્દેશ્ય છે. આજના સમયમાં જ્યારે દુનિયાના તમામ દેશો એક યા બીજી રીતે એક બીજા સાથે જોડાયેલા છે, એવી સ્થિતિમાં કોઈ એક ક્ષેત્રમાં તણાવ હોય તો બધા જ દેશો તેનાથી અસરગ્રસ્ત થાય છે. વિકાસશીલ દેશો કે જેમની પાસે મર્યાદિત સંસાધનો છે તેમના પર આ પરિસ્થિતિઓમાં સૌથી વધુ અસર પડતી હોય છે. વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિને કારણે આ દેશો પર ખાદ્યચીજો, ઓઈલ અને ખાતરની કટોકટી સૌથી વધુ ઘેરી અસર કરે છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, આજે આપણે ઈતિહાસના મહત્વના વળાંક પર આવીને ઉભા છીએ. બહુવિધ કટોકટીઓથી ઘેરાયેલા વિશ્વમાં આબોહવા પરિવર્તન, પર્યાવરણીય સંરક્ષણ અને ઊર્જા સુરક્ષા આજના સમયની સૌથી મોટી કટોકટીઓમાંથી એક છે. આ વિરાટ પડકારોને પહોંચી વળવામાં એક અવરોધ એ છે કે, આપણે આબોહવા પરિવર્તનને માત્ર ઉર્જા પરિપ્રેક્ષ્યથી જોવાનું વલણ

## G-7માં ભારતે આપેલા સૂચનો

- સમાવેશી ફુડ સિસ્ટમનું નિર્માણ કરવું જોઈએ.
- વૈશ્વિક ખાતર પુરવઠા સાંકળને મજબૂત બનાવવી પડશે.
- ખાતરના સંસાધનો પર કબજો કરનારી વિસ્તરણવાદી માનસિકતાને રોકવી પડશે.
- ડિજિટલ ટેક્નોલોજીનો લાભ વિશ્વના દરેક ખેડૂત સુધી પહોંચવો જોઈએ.
- ઓર્ગેનિક ફૂડને ફેશન અથવા વ્યવસાય તરીકે નહીં, પરંતુ પોષણ અને સ્વાસ્થ્ય સાથે જોડવું જોઈએ.
- ખાદ્ય પદાર્થોનો બગાડ અટકાવવા માટે સામૂહિક જવાબદારી ઉપાડવી જોઈએ.
- પરંપરાગત દવાઓનો પ્રચાર થાય અને આમાં સંયુક્ત સંશોધન થવું જોઈએ.




ધરાવીએ છીએ, આપણે આપણી ચર્ચાનો વ્યાપ વિસ્તૃત કરવો જોઈએ.

### ઈન્ડો-પેસિફિકની સુરક્ષા અને સફળતા વિશ્વ માટે મહત્વપૂર્ણ

જાપાનમાં હિરોશિમા ખાતે યોજવામાં આવેલી ક્વાડ બેઠક એ ઈન્ડો-પેસિફિકમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર વૈશ્વિક વેપાર, ઈનોવેશન અને વિકાસનું એન્જિન છે. પ્રધાનમંત્રી મોદીનું માનવું છે કે, ઈન્ડો-પેસિફિકની સુરક્ષા અને સફળતા માત્ર પ્રદેશ માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે મહત્વપૂર્ણ છે. આપદા વ્યવસ્થાપન, વ્યૂહાત્મક ટેક્નોલોજી, વિશ્વસનીય પુરવઠા સાંકળ, આરોગ્ય સુરક્ષા, દરિયાઈ સુરક્ષા, આતંકવાદનો સામનો કરવા જેવાં ક્ષેત્રોમાં સકારાત્મક સહયોગ વધી રહ્યો છે. આ વખતની ક્વાડ બેઠક એ સમગ્ર પ્રદેશના સમાવેશી અને લોકકેન્દ્રિત વિકાસ સાથે સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક છે. ક્વાડ વિશ્વની ભલાઈ, માનવ કલ્યાણ, શાંતિ અને સમૃદ્ધિ માટે નિરંતર કામ કરવાનું ચાલુ રાખશે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, 2024માં ક્વાડ નેતા સંમેલનની યજમાની કરવાથી ભારતને ખુશી થશે.

### ભવિષ્યમાં આવનારા પડકારોને ઉકેલવામાં WHOની ભૂમિકા મહત્વની રહેશે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વિટ્ઝર્લેન્ડના જિનીવા ખાતે વિશ્વ આરોગ્ય સભાના 76મા સત્રને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન આપતી વખતે છેલ્લા 75 વર્ષમાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ સૌ કોઈના સ્વાસ્થ્ય માટે કરેલા પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભવિષ્યમાં આવનારા પડકારો માટે WHO જેવી વૈશ્વિક સંસ્થાઓની ભૂમિકા આગામી 25 વર્ષમાં હજી પણ વધુ મહત્વની



હશે. આરોગ્ય સેવામાં પરસ્પર સહકાર વધારવા પર ભાર મૂકતા, તેમણે વૈશ્વિક આરોગ્ય સંભાળ પ્રણાલીમાં રહેલી આંતરિક ખામીઓ પર પ્રકાશ પાડ્યો હતો જે સમગ્ર વિશ્વમાં કોવિડ-19 મહામારી દરમિયાન સામે આવી હતી. આંતરરાષ્ટ્રીય સહયોગ માટે ભારતની પ્રતિબદ્ધતા અંગે પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, ભારતે 100થી વધુ દેશોમાં કોવિડ-19 રસીના લગભગ 30 કરોડ ડોઝ મોકલ્યા છે. WHO પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ સંસાધનોની સમાન સુલભતા માટે જરૂરી સમર્થન પૂરું પાડે. વસુધૈવ કુટુંબકમ્ અને ભારતના પ્રાચીન ગ્રંથોનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, સમગ્ર વિશ્વ એક પરિવાર છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને વધુ બે દેશોના સર્વોચ્ચ નાગરિકનું સન્માન મળ્યું

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમના ત્રણ દેશોના પ્રવાસ દરમિયાન ફિજી અને પાપુઆ ન્યૂ ગિનીના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પાપુઆ ન્યૂ ગિનીના ગવર્નમેન્ટ હાઉસમાં યોજાયેલા એક વિશેષ સમારંભમાં ગવર્નર જનરલ સર બોબ ડાડેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ગ્રાન્ડ કેમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ લોગોહુથી સન્માનિત કર્યા હતા. બીજી તરફ, ફિજીના રાષ્ટ્રપતિ રાતુ વિલિયમ મૈવાલિલી કાટોનિવેરો અને પ્રધાનમંત્રી રાબુકા દ્વારા ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ફિજી પ્રજાસત્તાકનું સર્વોચ્ચ સન્માન 'ધ કેમ્પેનિયન ઓફ ધ ઓર્ડર ઓફ ફિજી'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી મોદીએ આ સન્માન ભારતના લોકો અને બંને દેશો વચ્ચે એક વિશેષ સંબંધ સ્થાપિત કરવામાં મુખ્ય ભૂમિકા નિભાવનારા ફિજી-ભારતીય સમુદાયની પેઢીઓને સમર્પિત કર્યો.**



## આ અગાઉ પ્રધાનમંત્રી મોદીને મળેલાં મુખ્ય સન્માન

**2016:** પ્રધાનમંત્રી મોદી પહેલા એવા બિન-મુસ્લિમ છે જેમને સાઉદી અરેબિયાનું સર્વોચ્ચ સન્માન મળ્યું.

**2016:** અફઘાનિસ્તાનનું સર્વોચ્ચ નાગરિક સન્માન આપવામાં આવ્યું.

**2018:** પેલેસ્ટાઈનની બહારની પ્રથમ વ્યક્તિ જેને અહીંનું સર્વોચ્ચ સન્માન આપવામાં આવ્યું.

**2019:** સંયુક્ત આરબ અમીરાતનું સર્વોચ્ચ નાગરિક સન્માન પ્રાપ્ત થયું.

**2019:** રશિયાનું સર્વોચ્ચ નાગરિક સન્માન પ્રાપ્ત થયું.

**2019:** માલદીવે પ્રધાનમંત્રી મોદીને સન્માનિત કર્યા. દેશની બહાર કોઈને મળેલું તે સૌથી મોટું સન્માન છે.

**2019:** બહેરીને સર્વોચ્ચ સન્માન આપ્યું. અખાતી દેશોનું આ સર્વોચ્ચ સન્માન છે.

**2020:** શ્રેષ્ઠ સેવાઓ અને સિદ્ધિઓ બદલ અમેરિકાએ સન્માનિત કર્યા.

**2021:** ભૂતાને સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કર્યા.

## સંસ્થાઓ અને ફાઉન્ડેશન તરફથી સન્માન પ્રાપ્ત થયું

**2018:** પ્રધાનમંત્રી મોદીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ બદલ સિઓલનો શાંતિ પુરસ્કાર મળ્યો.

**2018:** સંયુક્ત રાષ્ટ્ર તરફથી પર્યાવરણ ક્ષેત્રનું સર્વોચ્ચ 'ચેમ્પિયન ઓફ ધ અર્થ' એવોર્ડ મળ્યો.

**2019:** સ્વચ્છ ભારત અભિયાન બદલ બિલ અને મેલિન્ડા ગેટ્સ એવોર્ડ.

**2021:** કેમ્બ્રિજ એનર્જી રિસર્ચ એસોસિએટ્સ તરફથી એનર્જી એન્ડ એન્વાયર્નમેન્ટ લીડરશિપ એવોર્ડ.



એટલું જ નહીં, ભારતનું વિઝન માત્ર મનુષ્યો પૂરતું જ સીમિત નથી, પરંતુ પ્રાણીઓ, છોડ, પર્યાવરણ સહિત સમગ્ર સૃષ્ટિ સુધી વિસ્તરેલું છે. સમગ્ર સૃષ્ટિ સ્વસ્થ હશે ત્યારે જ આપણે સ્વસ્થ રહી શકીશું.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 'ધ બોસ': એન્થોની અલ્બેનીઝ


ઓસ્ટ્રેલિયાના સિડની ખાતે યોજવામાં આવેલા એક ભવ્ય સામુદાયિક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સાથે ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ પણ આવ્યા હતા અને પ્રધાનમંત્રી મોદીનું ભવ્ય સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી અલ્બેનીઝની હાજરી એ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના ગાઢ થઈ રહેલા સંબંધો અને ભારતની મજબૂત થઈ રહેલી વૈશ્વિક ઓળખનો પુરાવો છે. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રીએ લોકો અને પ્રવાસીઓ ભારતીયોની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રી મોદી ભરપૂર પ્રશંસા કરવાની સાથે સાથે જાહેરમાં તેમને 'ધ બોસ' તરીકે સંબોધ્યા હતા. આ શબ્દએ ત્યાં ઉપસ્થિત હજારો પ્રવાસી ભારતીયો ઉપરાંત દેશના કરોડો લોકોમાં ગૌરવની લાગણી છલકાવી દીધી હતી.

પ્રધાનમંત્રી મોદીએ ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સાથે મળીને લિટલ ઈન્ડિયાનો શિલાન્યાસ કર્યો હતો. લિટલ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયાના વિકાસમાં ભારતીય સમુદાયના યોગદાનને માન્યતા

આપે છે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું હતું કે, ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે મજબૂત સંબંધોનો આધાર એકબીજા પ્રત્યે વિશ્વાસ અને આદર છે. બંને દેશો વચ્ચેના સંબંધોમાં મધુરતાનું એક મોટું કારણ ઓસ્ટ્રેલિયામાં વસતા દરેક ભારતીય છે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચોક્કસપણે ભૌગોલિક અંતર ઘણું છે, પરંતુ હિંદ મહાસાગર બંને દેશોને જોડે છે. પૈરામાટા સ્ક્વેરની પરમાત્મા ચોક તરીકે, વાઈગ્રામ સ્ટ્રીટની વિક્રમ સ્ટ્રીટ તરીકે અને હેરિસ પાર્કની હરીશ પાર્ક તરીકે ખ્યાતિ વધવીએ તે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના મધુર અને મજબૂત સંબંધોને દર્શાવે છે.

પ્રધાનમંત્રી મોદીએ પ્રવાસી ભારતીયોને કહ્યું હતું કે, તમે અહીં વિકાસ જોઈ રહ્યા છો, તમારા બધાનું એક સપનું રહ્યું છે કે, ભારત પણ એક વિકસિત રાષ્ટ્ર બને. તમારા દિલમાં જે સપનું છે તે જ સપનું મારા દિલમાં પણ છે અને આ 140 કરોડ ભારતીયોનું સપનું પણ છે. ભારતમાં સામર્થ્ય અને સંસાધનોનો અભાવ નથી. વિશ્વની સૌથી મોટી અને સૌથી યુવા પ્રતિભાની ફેક્ટરી જે દેશમાં છે, તે દેશ ભારત છે. કોરોનાની વૈશ્વિક મહામારીમાં, વિશ્વમાં સૌથી ઝડપી રસીકરણ કાર્યક્રમ શરૂ કરનાર દેશ ભારત છે, વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર ભારત છે. અન્ય ઘણા ક્ષેત્રો છે જેમાં ભારત વિશ્વમાં અગ્રણી સ્થાને છે. દુનિયાના ઘણા દેશોમાં બેંકિંગ સિસ્ટમ સંકટમાં આવેલી છે, પરંતુ બીજી તરફ ભારતીય બેંકોની મજબૂતીની આજે ચારેબાજુથી પ્રશંસા થઈ રહી છે. દુનિયામાં 100 વર્ષ એકાદ વખત આવતા સૌથી મોટા સંકટ વચ્ચે ભારતે ગયા વર્ષે વિક્રમી પ્રમાણમાં નિકાસ કરી હતી.

આજે ભારતના દરેક ડગલાં અને દરેક સિદ્ધિઓ વિશે જાણવામાં દુનિયાને રસ છે. ભારતે સમય અનુસાર પોતાની જાતને ઘડેલી છે, પરંતુ તેના મૂળ સિદ્ધાંતોને હંમેશા વળગી રહ્યું છે. ભારત, સમગ્ર વિશ્વને એક પરિવાર તરીકે જુએ છે. ભારત એવો દેશ છે જેણે કોરોનાના સંકટમાં વિશ્વના 150 કરતાં વધુ દેશોને દવાઓ અને 100થી વધુ દેશોને મફત રસી આપીને કરોડો લોકોના જીવન બચાવ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ પ્રવાસી ભારતીયોને અપીલ કરી હતી કે, જ્યારે પણ તમે ભારત આવો ત્યારે એક અથવા બીજા ઓસ્ટ્રેલિયન મિત્ર અને તેમના પરિવારને તમારી સાથે લેતા લાવો. આમ કરવાથી તેમને ભારતને સમજવા અને જાણવાની વધુ સારી તક મળશે.






## T20 મોડમાં ભારત-ઓસ્ટ્રેલિયા સંબંધો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એક વર્ષમાં છઠ્ઠી વખત મળ્યા છે એ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધોના ઊંડાણના પ્રતીક છે. પ્રધાનમંત્રી મોદી પોતે પણ કહે છે કે, "ક્રિકેટની ભાષામાં કહું તો આપણા સંબંધો T-20 મોડમાં આવી ગયા છે. આપણા સંબંધ પરસ્પર વિશ્વાસ અને આદર પર આધારિત છે." ઓસ્ટ્રેલિયા સાથે ગ્રીન હાઈડ્રોજન પર ટાસ્ક ફોર્સની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને સાથે જ માઈગ્રેશન અને ગતિશીલતા સંબંધે કરાર કરવામાં આવ્યો છે.

## જાપાનના હિરોશિમામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાપાનના હિરોશિમામાં મહાત્મા ગાંધીની પ્રતિમાનું અનાવરણ કર્યું. ભારત અને જાપાન વચ્ચે મિત્રતા અને સદભાવના પ્રતિક તરીકે હિરોશિમા શહેરને મહાત્મા ગાંધીની પ્રતિમા ભેટ કરવામાં આવી છે. પદ્મભૂષણ પુરસ્કારથી સન્માનિત રામ વનજી સુતારે આ 42 ઈંચ ઊંચી કાંસ્ય પ્રતિમા તૈયાર કરી છે. મોટોયાસુ નદીની બાજુમાં આવેલું આ સ્થળ આઈકોનિક એ-બમ ડોમની પાસે છે, જેને જોવા માટે દરરોજ હજારો સ્થાનિક લોકો અને પ્રવાસીઓ સમાન સંખ્યામાં આવે છે. આ સ્થળને શાંતિ અને અહિંસા માટે એકતાના પ્રતીક તરીકે પસંદ કરવામાં આવ્યું છે. આ સ્થળ વાસ્તવમાં મહાત્મા ગાંધીના સિદ્ધાંતો અને જીવનનો પડઘો પાડે છે, જે વિશ્વને પ્રેરણા આપે છે. મહાત્મા ગાંધીએ પોતાનું જીવન શાંતિ અને અહિંસાને સમર્પિત કરી દીધું હતું.


## વૈશ્વિક નેતાઓ સાથે મુલાકાત

જાપાનના પ્રધાનમંત્રી ફુમિયો કિશિદા, ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ, ન્યૂઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ હોપકિન્સ, ફિજી પ્રજાસત્તાકના પ્રધાનમંત્રી સત્વેની લીગામાદા રાબુકા, પાપુઆ ન્યૂ ગિનીના પ્રધાનમંત્રી જેમ્સ મારાપે, બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિઓ લૂલા ડા સિલ્વા, યુનાઈટેડ કિંગડમના પ્રધાનમંત્રી ઋષિ સુનક, યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લોદિમિર ઝેલેન્સકી, ફ્રાન્સ પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન, વિયેતનામના પ્રધાનમંત્રી ફામ મિન્હ ચિન્હ અને કોરિયા પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ યુન સુક યેઓલ સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મુલાકાત કરી હતી અને દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.●

आज़ादी का अमृत महोत्सव

# સહ-અસ્તિત્વની મજબૂતીની પહેલ; 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો મૂળ મંત્ર આપ્યો

સ્વતંત્રતા પ્રેમીઓએ દેશમાં સહ-અસ્તિત્વને મજબૂત કરવા માટે અનેક પહેલ કરી હતી અને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના મંત્રને પણ મજબૂત કર્યો હતો. આવા જ સ્વાતંત્ર્ય સેનાનીઓમાં સહજાનંદ સરસ્વતીનું નામ પણ સામેલ છે, જેમણે ખેડૂતોને સંગઠિત કરીને સ્વતંત્રતા ચળવળમાં નવી ચેતના જગાવી હતી. ગયા પ્રસાદ કટિયાર જેલમાં કેદીઓને સ્વતંત્રતાના સંગ્રામ માટે પ્રેરિત કરતા રહ્યા. ગણેશ ઘોષ અને દાદા ધર્મમાધિકારીએ પણ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમમાં મહત્વનું યોગદાન આપ્યું છે. આઝાદીના અમૃત મહોત્સવની શ્રેણીમાં આ વખતે અલગ અલગ સંસ્કૃતિ, ભાષા, ખાણી-પીણી અને પહેરવેશને પોતાની તાકાત બનાવીને અંગ્રેજો પાસેથી આઝાદી મેળવનારા આ જ સ્વાતંત્ર્ય સેનાનીઓની વિશે વાત કરી છે...



## સ્વામી સહજાનંદ સરસ્વતી


# ખેડૂતોને સંગઠિત કરીને આઝાદીના આંદોલનમાં નવી ચેતના જગાડી

**જન્મ:** 22 ફેબ્રુઆરી 1889, **અવસાન:** 26 જૂન 1950

ખેડૂતોને સંગઠિત કરનારા સ્વામી સહજાનંદ સરસ્વતીનો જન્મ 22 ફેબ્રુઆરી 1889ના રોજ ઉત્તર પ્રદેશના ગાઝીપુરમાં થયો હતો. પહેલાં તેમનું નામ નવરંગ રાય હતું. ખેડૂતોના હિત માટે લડનારા સહજાનંદ એક પ્રતિભાશાળી બુદ્ધિજીવી, સશક્ત લેખક અને સમર્પિત ક્રાંતિકારી હતા. સહજાનંદ સરસ્વતીનું જીવન ખેડૂતોના અધિકારોના રક્ષણ માટે સમર્પિત હતું. વિદેશી શાસન દ્વારા કરવામાં આવતા શોષણ સામે લાખો ખેડૂતોને એકત્ર કરીને તેમણે આઝાદીની ચળવળમાં નવી ચેતના જગાડી હતી. સન્યાસી સહજાનંદે અગ્રેસર રહીને સ્વતંત્રતાની ચળવળમાં સક્રિયપણે ભાગ લીધો હતો. જ્યારે જમીનદારો ખેડૂતો પાસેથી બળજબરીથી કર વસૂલવામાં રોકાયેલા હતા, ત્યારે તેમણે "કૈસે લોગે માલગુજારી, લઠ હમારા ઝિંદાબાદ" નારો આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે "જે અન્ન અને કપડા બનાવે છે, તે જ હવે કાયદો બનાવશે, આ ભારતવર્ષ તેમનું જ છે, હવે તેઓ જ શાસન ચલાવશે."

તેમણે 1929માં બિહાર પ્રાંતીય કિસાન સભાની રચના કરીને કિસાન સભા આંદોલનની શરૂઆત કરી હતી. આ સભાએ બાળકોને જમીનદારો વિરુદ્ધ સંગઠિત કર્યા હતા. એપ્રિલ 1936માં કોંગ્રેસના લખનઉ અધિવેશનમાં અખિલ ભારતીય કિસાન સભાની રચના કરવામાં આવી હતી. સહજાનંદ સરસ્વતીને આ સભાના પ્રથમ અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. ઓગસ્ટ 1936માં, કિસાન ઘોષણાપત્ર બહાર પાડવામાં આવ્યું હતું અને જમીનદારી પ્રથા નાબૂદ કરવાની તેમજ ગ્રામીણ ઋણ રદ કરવાની માંગ કરવામાં આવી હતી. જમીનદારી પ્રથાનો વિરોધ કરવાની સાથે સાથે તેમણે શ્રમિકોનું નેતૃત્વ કર્યું હતું. જાતિ, ધર્મ, પંથ અને સંપ્રદાયથી ઉપર ઊઠીને દેશભરમાંથી ખેડૂતોને એકત્ર કરવાનું કામ તેમણે કર્યું હતું. સ્વામી સહજાનંદે બિહારને પોતાની કર્મભૂમિ બનાવીને બ્રિટિશ સામ્રાજ્ય સામે સંઘર્ષ કર્યો હતો. તેમણે 1937-38માં બિહારમાં બાકશ્ત ચળવળ શરૂ કરી હતી. તેનો અર્થ એવો હતો કે, જે ખેતી કરશે, તેનો જ હક રહેશે. આ ચળવળે વેગ પકડ્યો અને ખેડૂતોના અધિકારોના રક્ષણ માટે બિહાર ગણોત અધિનિયમ અને બાકશ્ત ભૂમિ કર પસાર કરવામાં આવ્યો.

સહજાનંદ સરસ્વતીએ બિહટાની દાલમિયા સુગર મિલમાં સફળ સંઘર્ષનું નેતૃત્વ કર્યું હતું. ભારત છોડો આંદોલન દરમિયાન જ્યારે તેમની ધરપકડ કરવામાં આવી ત્યારે સુભાષચંદ્ર બોઝ અને ઓલ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોકે બ્રિટિશરાજ દ્વારા તેમની ધરપકડના વિરોધમાં 28 એપ્રિલને અખિલ ભારતીય સ્વામી સહજાનંદ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું. સુભાષચંદ્ર બોઝે કહ્યું હતું કે, "આપણા દેશમાં સ્વામી સહજાનંદ સરસ્વતી એક એવું નામ છે જેમના નામ પર શપથ અને સંકલ્પ લેવા જોઈએ. ભારતમાં ખેડૂત આંદોલનના નિર્વિવાદ નેતા, આજે દરેક લોકોના આદર્શ અને લાખો લોકોના નાયક બની ગયા છે. તેમને રામગઢમાં અખિલ ભારતીય સમાધાન વિરોધી પરિષદના અધ્યક્ષ બનાવવામાં આવ્યા તે ચોક્કસપણ સૌભાગ્યની વાત છે. મારા માટે એક મિત્ર, એક વિચારક અને માર્ગદર્શક તરીકે મળ્યા તેઓ મને મળ્યા તે ખૂબ જ સન્માનની વાત છે. તેમના નેતૃત્વનું પાલન કરીને, મોટી સંખ્યામાં ખેડૂત આંદોલનના અગ્રણી નેતા ફોરવર્ડ બ્લોકમાં જોડાયા છે." 26 જૂન 1950ના રોજ તેમનું અવસાન થયું હતું.



### ગયા પ્રસાદ કટિયાર

## કેદીઓને સ્વતંત્રતાના સંગ્રામ માટે પ્રેરણા આપી

**જન્મ:** 20 જૂન 1900, **અવસાન:** 10 ફેબ્રુઆરી 1993


ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના સૌથી સમર્પિત સૈનિકોમાંના એક ગયા પ્રસાદ કટિયારનો જન્મ 20 જૂન 1900ના રોજ ઉત્તર પ્રદેશના જગદીશપુરમાં થયો હતો. તેમના દાદા મહાદિન કટિયારે 1857માં સ્વતંત્રતાના પ્રથમ સંગ્રામમાં સક્રિયપણે ભાગ લીધો હતો. તેમના વિશેની વાતો સાંભળીને તેમને અંગ્રેજો પ્રત્યે નફરત થઈ ગઈ હતી. તેમણે શહીદ ભગતસિંહ અને અન્ય ક્રાંતિકારીઓ સાથે સ્વતંત્રતા ચળવળમાં સક્રિય ભૂમિકા નિભાવી હતી. અંગ્રેજો પર હુમલો કરવા માટે ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે સંસદ ભવનમાં ફેંકેલા બોમ્બ પણ તેમની દેખરેખ હેઠળ જ બનાવવામાં આવ્યા હતા.

તેમણે 1921 ના અસહકાર આંદોલનમાં ભાગ લીધો હતો. તેઓ 1925માં હિન્દુસ્તા સોશ્યલિસ્ટ રિપબ્લિકન એસોસિએશનમાં જોડાયા હતા. ચંદ્રશેખર આઝાદ અને ભગતસિંહ સાથે જોડાયા. બાદમાં, તેમનું નામ લાહોર ષડયંત્ર કેસમાં આવ્યું અને 15 મે 1929ના રોજ અંગ્રેજોએ સહારનપુરથી તેમની ધરપકડ કરી હતી. અંગ્રેજોએ તેમના સાથીદારોનું સરનામું પૂછવા માટે તેમને ખૂબ યાતનાઓ આપી હતી પરંતુ તેમણે પોતાનું મોં ખોલ્યું ન હતું. 7 ઓક્ટોબર, 1930ના રોજ, અંગ્રેજી સરકારે તેમને ચર્ચિત લાહોર ષડયંત્ર કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી. આ કેસમાં સરદાર ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને પણ ફાંસીની સજા સંભળાવવામાં આવી હતી. તેઓ તેમના સહ કેદીઓ સાથે લાહોર જેલમાં ભૂખ હડતાળમાં સામેલ થયા હતા. જ્યારે તેમને આંદામાનની સેલ્યુલર જેલમાં મોકલવામાં આવ્યા ત્યારે તેમણે ત્યાં પણ ભૂખ હડતાળમાં ભાગ લીધો હતો.

તેમણે લાહોર જેલમાં 63 દિવસ અને સેલ્યુલર જેલમાં 46 દિવસ સુધી ભૂખ હડતાળ કરી હતી. 1946માં તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. જેલમાં પણ તેઓ કેદીઓને ક્રાંતિકારી બનવા અને સ્વતંત્રતા સંગ્રામમાં જોડાવા માટે પ્રેરિત કરતા રહ્યા. આ મહાન ક્રાંતિકારીએ અંગ્રેજ શાસનની જેલોમાં અમાનવીય યાતનાઓ વેઠી હતી. દેશ આઝાદ થયા પછી પણ તેઓ સતત સક્રિય રહ્યા હતા. તેમણે હંમેશા ખેડૂતો, શ્રમિકો અને પીડિત લોકોના કલ્યાણ માટે અવાજ ઉઠાવ્યો હતો. સંચાર મંત્રાલયના પોસ્ટ વિભાગ દ્વારા 26 ડિસેમ્બર 2016ના રોજ સ્વાતંત્ર્ય સેનાની ગયા પ્રસાદ કટિયારની સ્મૃતિમાં એક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી. 10 ફેબ્રુઆરી 1993ના રોજ તેમનું અવસાન થયું હતું.

## ભારતમાં તબીબી શિક્ષણમાં ક્રાંતિ

નાગરિકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે, સસ્તી અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળની પહોંચ અત્યંત મહત્વની હોય છે. આ વાતને સમજીને, છેલ્લાં 9 વર્ષોમાં, સરકારે આ વિશેષ જરૂરિયાતને પહોંચી વળવા માટે ઘણી પહેલ હાથ ધરી છે. આમાં નવી મેડિકલ કોલેજો અને એઈમ્સ (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ)ની સ્થાપનાને પ્રોત્સાહન આપવાનું સામેલ છે. માત્ર 9 વર્ષમાં મેડિકલ કોલેજોની સંખ્યા 70 ટકા વધીને 2014માં 387 હતી તે હવે 2023માં 660 થઈ ગઈ છે. એઈમ્સની સંખ્યા 7થી વધીને 22 થઈ ગઈ છે. ગૌરવની વાત છે કે, ભારતે માત્ર મેડિકલ કોલેજો અને એઈમ્સમાં જ નહીં પરંતુ તબીબી શિક્ષણમાં પણ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં જંગી વધારો નોંધાવ્યો છે. 2014 પછી અત્યાર સુધીમાં, MBBSની બેઠકોની સંખ્યામાં 97% અને PG બેઠકોની સંખ્યામાં 110%નો વધારો થયો છે. આ નોંધપાત્ર વૃદ્ધિ દરેક નાગરિકને સુલભ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ પૂરી પાડવાની સરકારની પ્રતિબદ્ધતા અને સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણ માટે દેશનો અટલ સંકલ્પ દર્શાવે છે.





## ગણેશ ઘોષ


# આંદામાનની સેલ્યુલર જેલમાં 14 વર્ષ વીતાવ્યાં

**જન્મ:** 22 જૂન 1900, **અવસાન:** 16 ઓક્ટોબર 1994

મહાન રાષ્ટ્રવાદી ગણેશ ઘોષનો જન્મ 22 જૂન 1900ના રોજ બંગાળ પ્રાંતના જેસ્સોર જિલ્લાના બિંદોપુર ગામમાં થયો હતો. તેમનો પરિવાર ચટગાંવનો હતો, જે હવે બાંગ્લાદેશમાં છે. તેઓ તેમના વિદ્યાર્થી જીવનમાં આઝાદીની લડતમાં સામેલ હતા. ગણેશ ઘોષ બ્રિટિશ સંસ્થાનવાદી શાસનથી ભારતની સ્વતંત્રતા હાંસલ કરવાના સાધન તરીકે સશસ્ત્ર બળવાની હિમાયત કરનારા ક્રાંતિકારી જૂથોના સભ્ય હતા. અંગ્રેજોએ મણિકતલા બોમ્બ કેસમાં ઘોષની ધરપકડ કરી હતી. આ કેસમાં કોઇ પુરાવા ન મળવાને કારણે તેમને સજા થઇ ન હતી, પરંતુ સરકારે તેમને લગભગ ત્રણ વર્ષ સુધી નજરકેદમાં રાખ્યા હતા.

જેલમાંથી છૂટ્યા પછી, તેઓ પ્રખ્યાત ક્રાંતિકારી સૂર્ય સેનના સંપર્કમાં આવ્યા અને બ્રિટિશ શાસનનો અંત લાવવા વિશે વિચારવાનું શરૂ કર્યું. આવી સ્થિતિમાં તેઓ જુગાંતર પાર્ટીમાં જોડાયા અને સક્રિય સભ્ય બન્યા. તેમણે સૂર્ય સેન અને અન્ય ક્રાંતિકારીઓ સાથે 18 એપ્રિલ 1930ના રોજ ચટગાંવ શસ્ત્રાગાર દરોડામાં ભાગ લીધો હતો. આ ક્રાંતિકારીઓએ વારાફરતી ત્યાં શસ્ત્રાગાર અને ટેલિફોન અને ટેલિગ્રાફ ઓફિસો પર હુમલો કર્યો હતો. તેમનો ઈરાદો શસ્ત્રાગાર કબજે કરવાનો હતો. આ હુમલાને કારણે ક્રાંતિકારીઓને શસ્ત્રાગારમાંથી શસ્ત્રો તો મળી ગયા, પરંતુ દારૂગોળો ન મળી શક્યો. આ દરમિયાન, ગણેશ તેમના સાથીદારોથી અલગ થઇ ગયા અને ફ્રેન્ચ વસાહત ચંદનનગરમાં જતા રહ્યા. બાદમાં પોલીસે તેની ધરપકડ કરી હતી. તેમને કોલકાતા લાવવામાં આવ્યા અને કેસ ચાલ્યા પછી, 1932માં તેમને આજીવન કેદની સજા કરવામાં આવી હતી.

સજા માટે, તેમને પોર્ટ બ્લેરની સેલ્યુલર જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. તેઓ 14 વર્ષ સુધી આ જેલમાં કેદ રહ્યા હતા. 1946માં જેલમાંથી છૂટ્યા બાદ તેમણે રાજનીતિમાં પ્રવેશ કર્યો. તેમણે આઝાદી પછી પણ અનેક આંદોલનોમાં ભાગ લીધો હતો. છેલ્લા શ્વાસ સુધી દેશની સેવામાં સમર્પિત રહ્યા હતા. તેઓ 1952, 1957 અને 1962માં બેલગછિયાથી પશ્ચિમ બંગાળ વિધાનસભા માટે ચૂંટાયા હતા. 1967માં તેઓ ચોથી લોકસભાના સભ્ય બન્યા હતા. 16 ઓક્ટોબર 1994ના રોજ 94 વર્ષની વયે ગણેશ ઘોષનું અવસાન થયું હતું.



## દાદા ધર્માધિકારી

# દલિતો અને મહિલાઓના ઉત્કર્ષ માટે જીવન અર્પણ કર્યું

**જન્મ:** 18 જૂન 1899, **અવસાન:** 1 ડિસેમ્બર 1985

પ્રખ્યાત ભારતીય સ્વાતંત્ર્ય સેનાની, ગાંધીવાદી વિચારક તેમજ અનેક ક્રાંતિકારી પુસ્તકોના લેખક શંકર ત્ર્યંબક ધર્માધિકારીનો જન્મ 18 જૂન 1899ના રોજ મધ્ય પ્રદેશના બેતુલ જિલ્લામાં થયો હતો. તેઓ દેશના મહાન ગાંધીવાદી નેતા હતા જે દાદા ધર્માધિકારી તરીકે જાણીતા હતા. દાદા ધર્માધિકારીએ તેમનો મોટાભાગનો સમય દલિતો અને મહિલાઓના ઉત્કર્ષમાં વિતાવ્યો હતો. તેઓ વૈચારિક ક્રાંતિના પક્ષમાં હતા. તેમનું માનવું હતું કે સમાજમાં પરિવર્તન માટે લોકોના વિચારોમાં પરિવર્તન લાવવું આવશ્યક છે.

દાદા ધર્માધિકારી હિન્દી, સંસ્કૃત, મરાઠી, બંગાળી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓના સારા જાણકાર હતા. લેખક તરીકે તેમના બે ડઝનથી વધુ પુસ્તકો પ્રકાશિત થયા છે. સ્વતંત્રતાની ચળવળમાં તેઓ સતત સક્રિય રહ્યા હતા. જ્યારે તેઓ નાગપુરમાં ભણતા હતા, તે જ સમયે મહાત્મા ગાંધીએ 'અસહકાર આંદોલન' શરૂ કર્યું હતું. તે દરમિયાન તેમણે અભ્યાસ છોડી દીધો હતો. તેમણે કોઈ મોટી ડિગ્રી ન હતી મેળવી પરંતુ તેમના સમયના ચિંતકોમાં એક મહત્વપૂર્ણ સ્થાન બનાવી લીધું હતું. તેઓ 'ગાંધી સેવા સંઘ'ના સક્રિય કાર્યકર હતા. 'ભારત છોડો આંદોલન'માં તેમની ધરપકડ થયા બાદ મુક્ત થયા પછી, તેઓ મધ્યપ્રદેશ વિધાનસભા અને બંધારણ સભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. આચાર્ય વિનોબા ભાવે સાથે તેમનો ખૂબ જ ગાઢ સંબંધ હતો અને 'ભૂદાન આંદોલન'માં પણ તેમણે ભાગ લીધો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પંડિત દીનદયાલ ઉપાધ્યાયની શતાબ્દીની ઉજવણી અને સ્વામી વિવેકાનંદના શિકાગો ભાષણની 125મી વર્ષગાંઠના અવસર પર વિદ્યાર્થીઓના સંમેલનમાં દાદા ધર્માધિકારીને યાદ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, મહાત્મા ગાંધી જે વિચારતા હતા અને વ્યક્ત કરવાનું કામ વિનોબા ભાવેએ તેમના જીવન દ્વારા કરી બતાવ્યું હતું. વિનોબા જે વિચારતા હતા તેને શબ્દોમાં ઢાળવાનું કાર્ય દાદા ધર્માધિકારીના ચિંતનમાં દેખાય છે. સાથે જ, પ્રધાનમંત્રી મોદીએ તે કાર્યક્રમમાં ધર્માધિકારીના એક પુસ્તકમાં નોકરી માંગવા અંગેના રસપ્રદ પ્રસંગનો તેમણે ઉલ્લેખ કર્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું છે કે, તેમણે શિક્ષણ મેળવ્યું પરંતુ નોકરી માંગનારો યુવક પોતાનું કૌશલ્ય ન બતાવી શક્યો. 1 ડિસેમ્બર 1985ના રોજ તેમનું અવસાન થયું હતું.



Narendra Modi
@narendramodi

बीते 9 वर्षों में भारत ने विकास की एक नई परिभाषा गढ़ी है। ये जनभागीदारी का ही परिणाम है कि गरीब हों या वंचित, नारीशक्ति हो या युवाशक्ति, हर वर्ग का सशक्तिकरण हुआ है। इस दौरान देश ने सभी क्षेत्रों में नवनिर्माण की मिसाल कायम की है। #9YearsOfSeva



Rajnath Singh
@rajnathsingh

सेवा, सुशासन और गरीब कल्याण के संकल्प के साथ प्रधानमंत्री श्री @narendramodi के नेतृत्व में चल रही सरकार के नौ सफल वर्ष पूरे होने पर देशवासियों को बधाई। इन नौ वर्षों में जहां भारत की प्रतिष्ठा पूरे विश्व में बढ़ी है वहीं आर्थिक दृष्टि से भी देश आज नई बुलंदी पर है। #9YearsOfSeva



Amit Shah
@AmitShah

जहाँ कई विकसित देश अभी तक कोरोना महामारी के प्रभाव से नहीं उभर पाए, वहीं @narendramodi जी के नेतृत्व में तेजी से बढ़ती भारतीय अर्थव्यवस्था विश्व के लिए आदर्श बनी है। आधुनिकता व सांस्कृतिक विरासत को साथ लेकर मोदी जी आत्मनिर्भर भारत की ओर संकल्पित भाव से कार्यरत हैं। #9YearsOfSeva



Nitin Gadkari @nitin_gadkari · 1d

मोदी सरकार का प्रण स्वस्थ बने जन-जन का जीवन...

माननीय प्रधानमंत्री श्री @narendramodi जी के नेतृत्व में हमारी सरकार जन-जन तक बेहतर और सस्ती स्वास्थ्य सुविधाओं की उपलब्धता के लिए प्रतिबद्ध है।
#9YearsOfSeva
#9YearsOfModiGovernment
@PMOIndia



Narendra Singh Tomar @nst... · 1d

पीएम गरीब कल्याण अन्न योजना, यह सुनिश्चित कर रही है कि देश में कोई भी भूखा न सोए।

इस दूरदर्शी योजना के साथ, देश गरीबों एवं वंचितों के लिए खाद्य सुरक्षा सुनिश्चित कर रहा है।

#9YearsOfSeva



Smriti Z Irani @smritiirani · 1d

PM @narendramodi जी के नेतृत्व में, गत 9 वर्षों में विकास को नई गति, महिलाओं व किसानों का सम्मान और युवाओं के लिए रोज़गार के अवसरों का निर्माण हुआ है।

नीति एवं स्पष्ट नियत के साथ मोदी सरकार ने राष्ट्र सेवा, सुशासन और गरीब कल्याण के नए आयाम स्थापित किए हैं। #9YearsOfSeva

# मोदी के 9 बड़े फैसले, दुनिया में बढ़ा भारत का रुतबा

27 मई, 2014 को नरेंद्र मोदी ने प्रधानमंत्री पद संभाला था, आज उनके कार्यकाल को 9 वर्ष पूरे हो गए है, अपनी कार्यप्रणाली से चौंकाने वाले प्रधानमंत्री मोदी ने अथक प्रयासों से देश का सम्मान बढ़ाया है, मोदी के कार्यकाल में देश ने हर क्षेत्र में उल्लेखनीय प्रगति की है जिसकी झलकी आम जीवन में लोगों को मिल रही सहूलियतों से दिख जाती है। लगातार आर्थिक प्रगति के पथ पर बढ़ते भारत का लोहा सारी दुनिया मान रही है। कुछ चुनौतियों के बावजूद मोदी सरकार ने बेहतरीन उपलब्धियां हासिल की हैं जो आने वाले समय में सरकारों के लिए प्रेरणादायी रहेंगी।



जीएसटी

मोदी सरकार के 9 साल के कार्यकाल के 9 बड़े फैसले

अर्थव्यवस्था को मिला बूस्ट

तीन तलाक

आर्टिकल 370


जी-20 की अध्यक्षता

## सीमा पर बनाया डिफेंस विलेज

## भारत फिर से बना 5वां सबसे बड़ा शेयर बाज़ार

विशेष संवाददाता, मुंबई

**3.31 लाख करोड़ डॉलर हुई मार्केट की वैल्यू**




घरेलू शेयर बाजार में हाल ही में आई तेजी के दम पर भारत ने दुनिया के पांचवें सबसे बड़े शेयर बाजार के रूप में अपनी पॉजिशन फिर से हासिल कर ली है। जनवरी में थोड़े समय के लिए फ्रांस इस मामले में भारत से आगे निकल गया था। बाजार की वैल्यूएशन 3.31 लाख करोड़ डॉलर हो गई है।

**अमेरिका में Debt ceiling के मुद्दे पर सहमति से बाजार में बहार :** सोमवार को भारतीय शेयर बाजारों में खुलते ही जोरदार तेजी देखी गई। कारोबार के दौरान Sensex एक समय 63,000 के स्तर को भी पार कर गया था। वहीं Nifty बढ़कर 18,600 के पास पहुंच गया। हालांकि आखिर में Sensex 344.69 अंकों की बढ़त के साथ 62,846.38 के स्तर पर बंद हुआ। वहीं Nifty 99.30 अंक चढ़कर 18598.65 के स्तर पर बंद हुआ। एक्सपर्ट इस तेजी के लिए अमेरिका में Debt ceiling के मुद्दे पर सहमति को जिम्मेदार मान रहे हैं। बैंकिंग, कंस्यूमर ड्यूरेबल्स, मेटल, ऑटो में अच्छी खरीदारी दिखी। बाजार में सेंटिमेंट्स इतने पोजिटिव थे कि निवेशकों की संपत्ति एक दिन में करीब 1.07 लाख करोड़ रुपये बढ़ गई।

**Bank Nifty का लाइफ टाइम हाई**

कारोबार के दौरान Bank Nifty ने 44,458 अंकों का लाइफ टाइम हाई बनाया। हालांकि, बाद में यह 44,395.50 (+377.50) पर ऑल टाइम हाई पर बंद हुआ।

टेक्निकल एनालिस्ट मितेश ठक्कर ने कहा, '44,500 के अहम स्तर तक पहुंचने का अच्छा मौका दिख रहा है। Bank Nifty के लिए फिलहाल 44,950-45,000 टारगेट होगा।'

## हर फैसला लोगों की बेहतरी के लिए ही लिया : मोदी



कंबोडिया के राजा संग PM मोदी।

पीटीआई, नई दिल्ली : प्रधानमंत्री नरेंद्र मोदी ने केंद्र में उनकी सरकार के नौ साल पूरे होने पर मंगलवार को कहा कि लोगों के जीवन को बेहतर करने की उनकी इच्छा उनके हर फैसले का कारण रही है। नौ साल पूरे होने पर मोदी बुधवार को राजस्थान के अजमेर जिले में एक महीने के अभियान की शुरुआत करेंगे। वहीं, मोदी ने ट्वीट किया, 'हम राष्ट्र की सेवा में नौ वर्ष पूरे कर रहे हैं। मैं कृतज्ञ और आभारी हूं। हम एक विकसित भारत के निर्माण के लिए और भी मेहनत से काम करते रहेंगे।' केंद्र की योजनाओं के डेटा शेयर करते हुए मोदी ने कहा, 'पिछले 9 वर्षों में हमने भारत के सबसे गरीब लोगों की गरिमा को बरकरार रखने और उनकी आजीविका बढ़ाने का प्रयास किया है। कई पहल के माध्यम से हमने लाखों लोगों का जीवन बदल दिया है।'

## दुनिया के लिए भारत की ताकत का संदेश है मोदी की अमेरिका यात्रा

■ 22 जून को अमेरिका की आधिकारिक यात्रा पर जाएंगे पीएम ■ अमेरिका की प्रथम महिला जिल बाइडन के निमंत्रण जाएंगे मोदी

वाशिंगटन (भाषा)।

राष्ट्रपति जो बाइडेन के निमंत्रण पर 22 जून को प्रधानमंत्री नरेंद्र मोदी अमेरिका की आधिकारिक यात्रा पर जा रहे हैं।



■ एक दिन बड़ी ताकत बनेगा इंडिया

■ 22 जून को रात्रि भोज में मोदी की मेजबानी करेंगे जो और जिल

## भारत में खेलों का नया युग, देश विश्व में सबसे बड़ी खेल शक्ति बनने को अग्रसर : मोदी

लखनऊ में खेलो इंडिया यूनिवर्सिटी गेम्स का रंगारंग आगाज





1900


4700



RNI
DELGUJ/2020/78810
16-30 June, 2023

ન્યૂ ઈન્ડિયા
સમાચાર
પાક્ષિક

RNI Registered No. DELGUJ/2020/78810, Delhi Postal License No. DL(S)-01/3554/2023-25, WPP No. U(S)-102/2023-25, posting at BPC, Market Road, New Delhi-110001 on 13-17 advance Fortnightly (Publishing Date- 06 June, 2023, Pages-64)



**આંતરરાષ્ટ્રીય MSME દિવસ: 27 જૂન**

# અર્થતંત્રના મજબૂત પગલાં

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) એ ભારતીય અર્થતંત્રના મજબૂત આધારસ્તંભ છે. છ કરોડથી વધુ ઉદ્યોગસાહસો સાથે, તે સ્થાનિક સમુદાયોને આજીવિકાની તકો પૂરી પાડે છે. આ લક્ષ્યો હાંસલ કરવા માટે અને આવિષ્કારને પ્રોત્સાહન આપવા માટે, દર વર્ષે 27 જૂનના રોજ સંયુક્ત રાષ્ટ્રના નેજા હેઠળ 'આંતરરાષ્ટ્રીય MSME દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે...

- MSME હંમેશા ભરતકામ, વણાટ, દવા, કૃષિ, રમતગમત, કપડાં, શસ્ત્રો, ઊન, ઉર્જા સહિત અનેક ક્ષેત્રોમાં યોગદાન આપે છે.
- MSME એ માત્ર એક ઉદ્યોગ નથી પરંતુ આપણા વારસા, પરંપરા અને જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ છે. કેટલાય શહેરોમાં ચાલતા લઘુ ઉદ્યોગોને કારણે જ તે શહેરોને ઓળખ મળી છે.
- કેન્દ્ર સરકાર MSME અને નવા ઉદ્યોગ સાહસિકોના કૌશલ્ય વિકાસ, IT ઉકેલ માટે એક કાર્યક્રમ ચલાવી રહી છે અને ચેમ્પિયન્સ (www.champions.gov.in) નામનું એક મદદરૂપ પોર્ટલ પણ શરૂ કર્યું છે.

"

MSME અથવા નાના પાયાના ઉદ્યોગો કરોડો દેશવાસીઓ માટે આજીવિકાનું સાધન છે, તેઓ અર્થતંત્રમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કૃષિ પછી સૌથી વધુ રોજગારી પૂરી પાડતું બીજું સૌથી મોટું ક્ષેત્ર આ જ છે. જો કૃષિને ભારતના અર્થતંત્રની કરોડરજ્જુ કહીએ, તો MSME તેના મજબૂત પગલાં છે, જે દેશની પ્રગતિને વેગ આપવાનું કામ કરે છે.

**- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી**

Gujrati

**Editor in Chief**
**Rajesh Malhotra,**
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Manish Desai**, Principal Director General on behalf of **Central Bureau Of Communication**

**Published from:**
**Room No–278, Central Bureau Of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at**
Infinity Advertising services Pvt.Ltd. FBD-One Corporate Park, 10th floor, New Delhi-Faridabad border, NH-1,Faridabad-121003